અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ જાન્યુઆરી ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ ૬ | અંક : ૧૮૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો

## માતા-પિતાની સારસંભાળ ન રાખી તો સંતાનોએ પરત આપવી પડશે સંપત્તિ

### આ કાયદો એકલા પડી ગયેલા વૃદ્ધોને મદદ કરવા માટે લાભદાયી નીવડશે અને આ કાયદો તેમના અધિકારોની સુરક્ષા માટે વધુ સારો સાબિત થશે : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે માતા-પિતાની સારસંભાળને લઈને એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ નિર્ણય આપ્યો હતો. જેનાથી દેશના અનેક વૃદ્ધોને ફાયદો થશે. આ નિર્ણય પછી એક આશાનું કિરણ જાગ્યું છે કે સંતાનો તેમના વૃદ્ધ માતા-પિતાની સંભાળ લેશે અને તેમની સાથે સારો વ્યવહાર કરશે . ભારતમાં ઘણાં કિસ્સાઓ સામે આવ્યા છે કે, જેમાં માતા-પિતા પોતાના સંતાનોના નામે પ્રોપર્ટી ટ્રાન્સફર કર્યા બાદ સંતાનો તેમની સાથે સારો વ્યવહાર કરતા નથી અને તેમની કાળજી પણ લેતા નથી અને તેમને એકલા છોડી દે છે. જો કે, કોર્ટના આ નિર્ણય બાદ હવે તેઓ આવું કરી શકશે નહી.

હકીકતમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે કે, હવે સંતાનોને માતા-પિતાની પ્રોપર્ટી અને અન્ય ગિફ્ટ મળ્યા બાદ માતા-પિતાનું ધ્યાન નહી રાખે કે અથવાતો તેમની જરૂરિયાતો પૂરી કરશે નહી કરે તો સંતાનો પાસેથી તમામ પ્રોપર્ટી અને અન્ય ગિફ્ટ પાછી લઈ લેવામાં આવશે. વરિષ્ઠ નાગરિકોના હિતોનું રક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચુકાદો



આપતા કહ્યું હતું કે, જો સંતાનો માતા-પિતાની સંભાળ રાખવામાં નિષ્ફળ જાય છે. તો માતા-પિતા દ્વારા આપવામાં આવેલી પ્રોપર્ટી અને ગિફ્ટ Welfare of the Parents and Senior Citizens છઠ્ઠની ધારા હેઠળ રદ કરી શકાય છે. અને પ્રોપર્ટીના ટ્રાન્સફરને રદબાતલ જાહેર કરવામાં આવશે. જસ્ટિસ સીટી રવિકુમાર અને જસ્ટિસ સંજય કરોલની ખંડપીઠે કહ્યું હતું કે, આ કાયદો સંયુક્ત કુટુંબ વ્યવસ્થાના ખતમ થયા પછી એકલા પડી ગયેલા વૃદ્ધોને મદદ કરવા માટે લાભદાયી નીવડશે અને આ કાયદો તેમના અધિકારોની સુરક્ષા માટે વધુ સારો સાબિત થશે. સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ હાઈકોર્ટના તે નિર્ણયને પણ ફગાવી દીધો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, માતા-પિતાની સેવા ન કરવાના આધારે પ્રોપર્ટી અને ગિફ્ટને રદ કરી શકાય નહીં. આવું ત્યારે જ થઈ શકે છે કે, જયારે પ્રોપર્ટી અથવા ગિફ્ટ આપતી વખતે તે અંગેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જ્યારે કાયદાના ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે ઉદાર વલણ અપનાવવાની જરૂર હતી. પરંતુ મધ્યપ્રદેશ હાઈકોર્ટે કાયદા અંગે 'કડક વલણ' અપનાવ્યું હતું. આ કાયદાની કલમ ૨૩ જણાવે છે કે, જો કોઈ વરિષ્ઠ નાગરિક તેની પ્રોપર્ટી અને ગિફ્ટ તેના સંતાનોને ટ્રાન્સફર કરે છે. તો તે શરત સાથે હશે કે તેઓ તેમની સંપૂર્ણ કાળજી રાખશે અને તેમની બધી જ જરૂરિયાતો પૂર્ણ કરશે અને જો તેઓ આવું કરવામાં નિષ્ફળ જશે તો તેમની પ્રોપર્ટીનું ટ્રાન્સફર રદબાતલ જાહેર કરવામાં આવશે. અને આવા કિસ્સામાં પ્રોપર્ટીનું ટ્રાન્સફર છેતરપિંડી અથવા બળજબરીથી કે અયોગ્ય પ્રભાવ દ્વારા કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે.

આગાઉ આ જ કેસમાં મધ્યપ્રદેશ હાઈકોર્ટે કહ્યું હતું ,કે ગિફ્ટ ડીડમાં એવી કલમ હોવી જોઈએ કે જે સંતાનોને માતા-પિતાની સંભાળ રાખવા માટે બંધનકર્તા હોય. પરંતુ જો સંતાનો માતા-પિતાની સંભાળ ન રાખે તો પ્રોપર્ટી પાછી લઈ શકાય નહીં. જો કે, હવે સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ નિર્ણયને ફગાવી દીધો છે.

હકીકતમાં તાજેતરમાં કોર્ટ સમક્ષ એક કેસ આવ્યો હતો. જેમાં એક વૃદ્ધ મહિલાએ તેના પુત્રને ટ્રાન્સફર કરાયેલી પ્રોપર્ટીને રદ કરવા માટે અરજી કરી હતી. કારણ કે તેનો પુત્ર પ્રોપર્ટી હાંસલ કરી લીધા પછી તેની કાળજી લેતો ન હતો. કોર્ટે આ કેસમાં મહિલાની અરજી સ્વીકારી હતી. કોર્ટે કહ્યું કે, આ કાયદો લાભદાયી કાયદો છે. જેનો ઉદ્દેશ્ય વરિષ્ઠ નાગરિકોના અધિકારોને તેમની સામેના પડકારોને ધ્યાનમાં રાખીને સુરક્ષિત કરવાનો છે.

## ન્યૂઝ બ્રિફ

### ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પીઠ પાછળ ગઠબંધન થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈને AAP અને BJP વચ્ચે ચાલી રહેલા રાજકીય યુદ્ધ વચ્ચે પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે મોટું નિવેદન આપ્યું છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, જયારે હું જેલમાં ગયો ત્યારે આ ભાજપ ના લોકોએ પાછળથી કંઈક એવું કર્યું કે લોકોને હજારો રૂપિયાના પાણીના બિલ મળવા લાગ્યા. દિલ્હીના લોકો દુ:ખી થાય એ અમને સ્વીકાર્ય નથી. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વધુમાં કહ્યું, જે લોકો વિચારે છે કે તેમના બિલ હજારો કે લાખોમાં આવ્યા છે, તેઓ ખોટા છે.

### કિરેન રિજિજુ વડાપ્રધાન દ્વારા મોકલવામાં આવેલી ચાદર લઈને અજમેર પહોંચ્યા

। (એજન્સી) અજમેર, તા.૪ ।

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મોકલવામાં આવેલી ચાદર લઈને શનિવારે અજમેર પહોંચ્યા હતા. અજમેરમાં ચાલી રહેલા વિવાદ વચ્ચે કિરેન રિજિજુએ અજમેર શરીફની દરગાહ પર વડાપ્રધાન દ્વારા મોકલવામાં આવેલી ચાદર ચઢાવી હતી. ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તીની દરગાહ પર ચાદર ચઢાવતા કિરેન રિજિજુએ કહ્યું કે, અજમેરમાં ઉર્સ દરમિયાન ગરીબ નવાઝની દરગાહની મુલાકાત લેવી એ આપણા દેશની જૂની પરંપરા છે.

### સ્કૂલમાં બબાલ થતાં વિદ્યાર્થીનો ચપ્પાના ઘા મારીને જીવ લીધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

પૂર્વ દિલ્હીના શકરપુર વિસ્તારમાં એક સ્કૂલની બહાર ૧૪ વર્ષીય વિદ્યાર્થીની કથિત રીતે ચપ્પા વડે હત્યા કરવામાં આવી હતી. શનિવારે પોલીસે જણાવ્યું હતું કે, શુક્રવારે પીડિતા અને અન્ય કેટલાક વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી બોલાચાલી બાદ આ કથિત ઘટના બની હતી. પોલીસે માહિતી આપતાં કહ્યું કે, "આ વિવાદ ત્યારે હિંસામાં બદલાયો જ્યારે એક વિદ્યાર્થીએ તેના ત્રણ-ચાર મિત્રો સાથે મળીને સ્કૂલના દરવાજા બહાર પીડિતા પર હુમલો કર્યો હતો. એક વિદ્યાર્થીએ સ્કૂલમાંથી બહાર આવી રહેલી વિદ્યાર્થીને તેની જમણી જાંઘ પર ચાકુ વડે તીક્ષ્ણ હુમલો કર્યો.

જમ્મુ કાશમીરમાં મોટી દુર્ઘટના । સૈનિકોને લઈને જઈ રહેલી સેનાની ટ્રકને બાંદીપોરાના સદર કૂટ પાઈન વિસ્તાર પાસે અકસ્માત નડ્યો હતા

## ખીણમાં ખાબક્યો સેનાનો ટ્રક, ૪ જવાન શહીદ થયા

। (એજન્સી) જમ્મુ, તા.૪ ।

જમ્મુ કાશ્મીરના બાંદીપોરામાં શનિવારે સેનાની એક ટ્રક પહાડથી નીચે ખીણમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં ૪ જવાનોના મોત થયા હતા, જ્યારે ૫ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, સૈનિકોને લઈને જઈ રહેલી સેનાની ટ્રકને બાંદીપોરાના સદર કૂટ પાઈન વિસ્તાર પાસે અકસ્માત નડ્યો હતો. ડ્રાઈવરે વળાંક પર કાબૂ ગુમાવ્યો હતો.



ટ્રક પહાડી પરથી નીચે પટકાઈ હતી. આ ઘટનામાં ૪ જવાન શહીદ થયા અને ૫ જવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. તમામ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સુરક્ષા દળો અને પોલીસકર્મીઓ ઘટનાસ્થળે પહોંચ્યા છે. આ પહેલા પણ ૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લાના બાલનોઈ સેક્ટરમાં એક મોટો માર્ગ અકસ્માત થયો હતો. અકસ્માતમાં સેનાનું એક વાહન ૩૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડી ગયું હતું. પુંછ સેક્ટરમાં ઓપરેશનલ ડ્યુટી દરમિયાન આ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં પાંચ જવાનો શહીદ થયા હતા. આ વાહનમાં ૮ જવાન હતા જેઓ ઘાયલ થયા હતા. નીલમ હેડક્વાર્ટરથી બાલનોઈ ઘોરા પોસ્ટ તરફ જઈ રહેલા 11 MLIનું લશ્કરી વાહન ગોરા પોસ્ટ પર પહોંચતા જ અકસ્માતનો ભોગ બન્યું હતું. વાહન લગભગ ૩૦૦-૩૫૦ ફૂટ ઊંડી ખાઈમાં પડી ગયું હતું. માહિતી મળતાની સાથે જ 11 MLI ની ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું. ૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ, રાજૌરી જિલ્લામાં એક વાહન રસ્તા પરથી ખાડામાં પડી જવાથી સેનાના એક જવાન શહીદ થયા હતા અને અન્ય એક ઘાયલ થયા હતા. ૨ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ, રિયાસી જિલ્લામાં એક કાર પહાડી માર્ગ પરથી ઊંડી ખીણમાં પડી જવાથી એક મહિલા અને તેના ૧૦ મહિનાના પુત્ર સહિત ત્રણ લોકોના મોત થયા હતા અને અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

બીજા પક્ષથી આવેલા નેતાને પણ મળી તક

## દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભાજપની પ્રથમ યાદી જાહેર

### ભાજપે ૨૯ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી જેમાં પ્રવેશ સાહિબ સિંહ વર્મા અને કૈલાશ ગેહલોતના નામની પણ જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે બીજેપીની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી છે. ૨૯ ઉમેદવારોની આ યાદીમાં અરવિંદ કેજરીવાલ અને સીએમ આતિશી સામે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. પ્રવેશ સાહિબ સિંહ વર્માને નવી દિલ્હી વિધાનસભા બેઠક પરથી અને રમેશ બિધુરીને કાલકાજી બેઠક પરથી ટિકિટ આપવામાં આવી છે. આ સિવાય AAP સામે બળવો કરીને ભાજપમાં સામેલ થયેલા કૈલાશ ગેહલોતને બિજવાસન બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ૨૯ ઉમેદવારોની યાદીમાં ભાજપે આદર્શ નગર બેઠક પરથી રાજ કુમાર ભાટિયા, બદલી બેઠક પરથી દીપક ચૌધરી, નવી દિલ્હી બેઠક પરથી પ્રવેશ વર્મા, કાલકાજી બેઠક પરથી રમેશ બિધુરી, બિજવાસન બેઠક પરથી કૈલાશ ગેહલોત, માલવિયા નગર બેઠક પરથી સતીષ ઉપાધ્યાયને ઉમેદવાર બનાવ્યા છે. ગાંધી નગર સીટથી અરવિંદર સિંહ લવલી, મંગોલપુરી સીટથી રાજકુમાર ચૌહાણ, રોહિણી સીટથી વિજેન્દ્ર ગુપ્તા, રાજૌરીની કરોલ બાગ સીટથી દુષ્યંત ગૌતમ. મનજિંદર સિંહ સિરસાને ગાર્ડન સીટથી અને આશિષ સૂદને જનકપુરી સીટથી ટિકિટ આપવામાં આવી છે. આ ઉપરાંત આદર્શ નગરથી રાજુમાર ભાટિયા, રીઠાલાથી કુલવંત રાણા, નાંગલોઈ દાટથી મનોજ શૌકીન, મંગોલપુરી (SC)થી રાજકુમાર ચૌહાણ, શાલીમાર બાગથી રેખા ગુપ્તા, મોડલ ટાઉનમાંથી અશોક ગોયલ, પટેલ નગરથી રાજકુમાર આનંદ, સરદાર જંગપુરાથી તરવિંદર, આરકે પુરમથી અનિલ શર્મા, મહેરૌલીથી ગજેન્દ્ર યાદવ, આંબેડકર નગરના છતરપુરથી કરતાર સિંહ. ખુશીરામ ચુનારા, બાદરપુરથી નારાયણ દત્ત શર્મા, પટપરગંજ સીટથી રવિન્દ્ર સિંહ નેગી, વિશ્વાસ નગરથી ઓમ પ્રકાશ શર્મા, કૃષ્ણા નગરથી અનિલ ગોયલ, સીમાપુરી (SC)થી કુમારી રિંકુ, રોહતાસ નગરથી જીતેન્દ્ર મહાજન અને ઘોંડાથી અજય મહાવરને ટિકિટ મળી છે. છે. પાર્ટી હાઈકમાન્ડે અન્ય પાર્ટીઓ સામે બળવો કરીને ભાજપમાં જોડાયેલા નેતાઓને પણ તક આપી છે. જેમાં કરતાર સિંહ તંવર, રાજકુમાર ચૌહાણ, કૈલાશ ગેહલોત અને અરવિંદર સિંહ લવલીનો સમાવેશ થાય છે. ભાજપે ૨૯ બેઠકો પર જે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે તેમાં બે મહિલા છે. રેખા ગુપ્તાને શાલીમાર બાગ અને કુમારી રિંકુને સીમાપુરી એસસી સીટથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ૨૯ ઉમેદવારોની યાદીમાં ભાજપે આદર્શ નગર બેઠક પરથી રાજ કુમાર ભાટિયા, બદલી બેઠક પરથી દીપક ચૌધરી, નવી દિલ્હી બેઠક પરથી પ્રવેશ વર્મા, કાલકાજી બેઠક પરથી રમેશ બિધુરી, બિજવાસન બેઠક પરથી કૈલાશ ગેહલોત, માલવિયા નગર બેઠક પરથી સતીષ ઉપાધ્યાયને ઉમેદવાર બનાવ્યા છે.

પંજાબમાં ખાલિસ્તાની સમર્થકની નવી પાર્ટીના નામની જાહેરાત

## અમૃતપાલ સિંહની નવી પાર્ટીના નામની જાહેરાત

### તેમની નવી પાર્ટીનું નામ "શિરોમણી અકાલી દળ આનંદપુર સાહિબ" હશે, જેની ઔપચારિક જાહેરાત ૧૪ જાન્યુઆરીએ થશે

। (એજન્સી) ચંદીગઢ, તા.૪ ।

આસામની ડિબ્રુગઢ જેલમાં બંધ ખાલિસ્તાની સમર્થક શ્રી ખડૂર સાહિબના અપક્ષ સાંસદ અમૃતપાલ સિંહ અને ફરીદકોટ સંસદીય ક્ષેત્રના અપક્ષ સાંસદ સરબજીત સિંહ ખાલસાએ તેમની નવી પાર્ટીના નામની જાહેરાત કરી છે. આજે શનિવારે સાંસદ સરબજીત સિંહ ખાલસાએ જાહેરાત કરી કે, તેમની નવી પાર્ટીનું નામ "શિરોમણી અકાલી દળ આનંદપુર સાહિબ" હશે, જેની ઔપચારિક જાહેરાત ૧૪ જાન્યુઆરીએ મુક્તસરમાં માઘી મેળામાં યોજનાર પંથ બચાવો-પંજાબ બચાવો સંમેલનમાં કરવામાં આવશે. તેમણે કહ્યું કે, પંજાબને બચાવવા માટે નવા રાજકીય પક્ષની રચના



જરૂરી છે. શ્રી ખડૂર સાહિબના સાંસદ અમૃતપાલ સિંહ ખાલસા અને તેમના પરિવારના સમર્થન સાથે આ નવા રાજકીય પક્ષ દ્વારા પંજાબને બચાવવાના પ્રયાસો કરવામાં આવશે. અમૃતપાલ સિંહના પિતા તરસેમ સિંહનું કહેવું છે કે, પંજાબ ડ્રગ્સના દલદલમાં ધકેલાઈ રહ્યું છે, ધર્મ પરિવર્તન થઈ રહ્યું છે, ખેડૂતોના મુદ્દા છે અને જેલમાં રહેલા શીખોની મુક્તિનો મુદ્દો પણ છે.

અરવિંદ કેજરીવાલે મોટી જાહેરાત કરી

## AAPની સરકાર બનશે તો પાણીના તમામ ખોટા બિલો માફ

### હું જેલમાં ગયો ત્યારથી ખબર નથી ભાજપે શું-શું કર્યું, દિલ્હીના લોકોને લાખો રૂપિયાના પાણીના બિલ આવ્યા : કેજરીવાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીને આડે હવે બહુ દિવસો બાકી રહ્યા નથી. આ પહેલા પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે આજે શનિવારે મોટી જાહેરાત કરી છે, તેમણે કહ્યું છે કે, જો AAPની સરકાર બનશે તો પાણીના તમામ ખોટા બિલો માફ કરવામાં આવશે.

અમારી સરકાર દિલ્હીમાં મફત પાણી ઉપલબ્ધ કરાવી રહી છે, ૨૦૦૦૦ લીટર પાણી ફ્રી મળે છે, જ્યારથી હું જેલમાં ગયો ત્યારથી ખબર નથી તેઓએ (ભાજપ) શું-શું કર્યું, દિલ્હીના લોકોને લાખો રૂપિયાના પાણીના બિલ આવ્યા છે. જ્યારે ફરી આમ આદમી પાર્ટીની સરકાર આવશે




ત્યારે જેમને ખોટા પાણીના બિલ મળ્યા છે તેમને ચૂકવવાની જરૂર રહેશે નહીં, ચૂંટણી પછી તેમના આ ખોટા બિલ માફ કરી દેવામાં આવશે એ તમામ લોકોને આ મારું વચન છે, આ મારી ગેરંટી છે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું કે, કોંગ્રેસને ગંભીરતાથી લેવાની જરૂર નથી કારણ કે જનતાએ કોંગ્રેસ પાર્ટીને ગંભીરતાથી લેવાનું બંધ કરી દીધું છે.

આખરે રોહિત શર્માએ તોડ્યું મૌન

## હાલ તો હું ક્રિકેટ રમવાનું છોડશે નહીં : રોહિત

। (એજન્સી) સિડની, તા.૪ ।

ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા મુદ્દે મોટું નિવેદન આપ્યું છે. તેમણે એ વાત પર સ્પષ્ટતા પણ કરી કે તેમનો આવનારા દિવસો અંગે શું પ્લાન હશે. રોહિતે એ પણ જણાવ્યું કે સિડની ટેસ્ટમાં તેમણે બહાર થવાનો નિર્ણય કેમ લીધો. રોહિત શર્માએ કહ્યું કે હાલ તો તેઓ ક્રિકેટ રમવાનું છોડશે નહીં. ખુબ મહેનત કરવા છતાં પણ સારું પ્રદર્શન થઈ શક્યું નહીં, આથી સિડની ટેસ્ટથી પોતાને અલગ રાખવું જરૂરી હતું એવું તેમનું માનવું છે. રોહિત શર્માએ આજે



લંચ બ્રેક દરમિયન સ્ટાર સ્પોર્ટ્સ પર વાત કરતા કહ્યું કે હાલ તેઓ ક્રિકેટ છોડવાના નથી. રોહિતે કહ્યું કે હું જલદી રિટાયર થવાનો નથી. મે ફક્ત એટલા માટે આ મેચમાંથી હટવાનો નિર્ણય લીધો કારણ કે રન થઈ રહ્યા નહતા. હું આકરી મહેનત કરીશ અને કમબેક કરીશ. અત્યારે રન બનતા નથી, પરંતુ એ વાતની કોઈ ગેરંટી નથી કે ૫ મહિના બાદ પણ રન નહીં થાય. હિટમેને કહ્યું કે મે આ ટેસ્ટમાંથી હટવાનો નિર્ણય લીધો પરંતુ હું ક્યાંય જવાનો નથી. બસ રિટાયરમેન્ટ કે ફોર્મેટથી દૂર જવાનો કોઈ નિર્ણય નથી. માઈક, પેન કે લેપટોપવાળા કોઈ પણ વ્યક્તિ શું લખે કે બોલે છે તેનાથી કોઈ ફરક પડતો નથી. તેઓ અમારા માટે કોઈ નિર્ણય લઈ શકે નહીં. મે સિડનીમાં આવ્યા બાદ હટવાનો નિર્ણય લીધો. હા... રન થતા નથી પંરતુ એ વાતની કોઈ ગેરંટી નથી કે તમે બે મહિના કે છ મહિના બાદ પણ રન નહીં કરી શકો. હું એટલો મેચ્યોર છું કે મને ખબર છે કે હું શું કરું છું.

### ભારતના ૬ વિકેટે ૧૪૧ રન, પંતની તોફાની ઈનિંગ

। સિડની, તા.૪ ।


ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની છેલ્લી ટેસ્ટ ૩ જાન્યુઆરીથી સિડનીમાં શરૂ થઈ હતી. મેચનો બીજો દિવસ (૪ જાન્યુઆરી) ખૂબ જ રોમાંચક રહ્યો અને એકંદરે ૧૫ વિકેટ પડી અને ૩૦૦થી વધુ રન બનાવ્યા. એકંદરે બીજો દિવસ બોલરોના નામે રહ્યો અને બેટ્સમેનો સંઘર્ષ કરતા જોવા મળ્યા. તેમ છતાં ભારત આ સ્પર્ધામાં આગળ છે. સ્ટમ્પના સમયે, બીજી ઈનિંગમાં ભારતીય ટીમનો સ્કોર ૧૪૧/૬ છે.

વોશિંગ્ટન DCમાં હુમલો, ૫ ઘાયલ થયા

## અમેરિકા ફરી ગોળીબારની ઘટનાથી હચમચી ગયું

। (એજન્સી) વોશિંગ્ટન, તા. ૪ ।

અમેરિકાના વોશિંગ્ટનમાં થયેલા ગોળીબારમાં ઓછામાં ઓછા ચારથી પાંચ લોકો ઘાયલ થયા છે. ઘટનાની જાણ થતાં જ ઈમરજન્સી રિસ્પોન્સ ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને મામલાની તપાસ શરૂ કરી હતી. હાલ પોલીસ આ મામલે સક્રિય રીતે તપાસ કરી રહી છે. આ હુમલો વોશિંગ્ટન ડીસીમાં ગુરુવારે રાત્રે લગભગ ૯ વાગ્યાની આસપાસ થયો હતો. આ ઘટના ઉત્તરપૂર્વ વિસ્તારમાં બની હતી, જેમાં ત્રણ પુરુષ અને એક મહિલા ઘાયલ થયા હતા. રિપોર્ટ અનુસાર, મેટ્રોપોલિટન પોલીસ ડિપાર્ટમેન્ટ (MPD)એ કહ્યું



કે, હુમલા બાદ તમામ પીડિતો ભાનમાં હતા. આ ગોળીબાર નોમા-ગૈલાઉડેટ યૂ ન્યૂયોર્ક એવન્યુ મેટ્રો સ્ટેશનથી માત્ર ૫૦૦ ફૂટ દૂર સ્થિત હેરી થોમસ વે નોર્થઈસ્ટ નજીક થયો હતો, પોલીસે હજુ સુધી પીડિતોની ઓળખ કે શંકાસ્પદ અને હુમલાના હેતુઓ વિશે કોઈ માહિતી જાહેર કરી નથી. આ પહેલા અમેરિકાના ન્યૂયોર્ક ક્વીન્સ સ્થિત અમાઝુરા નાઈટ ક્લબમાં જોરદાર ગોળીબાર થયો હતો, જેમાં ઓછામાં ઓછા ૧૧ લોકોના મૃત્યુ થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. ઘટનાની માહિતી મળતા જ પોલીસે વિસ્તારને સીલ કરીને તપાસ શરૂ કરી છે. આ પહેલા બુધવારે ન્યૂ ઓર્લિયન્સમાં ISISના એક આતંકીએ કારને ટક્કર મારીને ૧૫ લોકોની હત્યા કરી નાખી હતી. આ સિવાય લાસ વેગાસમાં ટ્રમ્પ હોટલની બહાર સાયબર ટ્રક વિસ્ફોટમાં ૧ વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને ૭ લોકો ઘાયલ થયા હતા. તે જ સમયે, હોનોલુલુમાં વિસ્ફોટમાં ૩ લોકોના મૃત્યુ અને ૨૦ લોકો ઘાયલ થયા હતા.

### વડોદરામાં અરેરાટી સર્જાતી બની ઘટના

# ૧૦૦ રૂપિયા માટે મિત્રએ જ મિત્ર પર જીવલેણ હુમલો કર્યો

**હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા પંચાલ પરિવારના પુત્રને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો**

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

વડોદરાના અટલાદરા વિસ્તારમાં આવેલ બિલ ચાપડ રોડ પર રહેતા પંચાલ પરિવારમાં ગઈકાલે રાત્રે એક ચોંકાવનારી ઘટના બની હતી. પરિવારના પુત્ર પર તેના જ મિત્રએ તીક્ષ્ણ હથિયાર વડે માથા પર હુમલો કર્યો હતો. જેમાં તેને ગંભીર ઈજાઓ થઈ હતી. મળતી માહિતી મુજબ ઉછીના આપેલા માત્ર ૧૦૦ રૂપિયા માટે આ ઘટના બની હતી. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા પંચાલ પરિવારના પુત્રને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલમાં તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના બાદ સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ અટલાદરા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને પંચાલ પરિવારના પુત્રની ફરિયાદ લઈને આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

### બે દિવસમાં બે ડુપ્લીકેટ પોલીસકર્મી ઝડપાયા

# રાજકોટમાં અસલી પોલીસને પડકાર ફેંકતી નકલી પોલીસ

। (એજન્સી) રાજકોટ, તા.૪ ।

રાજકોટમાં પોલીસના નામે તોડ કરનાર શખ્સની પોલીસે ધરપકડ કરી છે. થોડા દિવસ પહેલા જ બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટેલમાં જઈ ક્રાઈમ બ્રાન્ચના નામે યુગલને અહીં શું આવ્યા છો કહીને ૩૧ હજારનો તોડ કર્યો હોવાનું ખુલ્યું છે. એ ડિવિઝન પોલીસને ફરિયાદ મળતા જ CCTV ફૂટેજ આધારે નકલી પોલીસને ઓળખી દબોચી લેવામાં આવ્યો હતો.

જૂઓ કોણ છે આ નકલી પોલીસ અમારા આ રિપોર્ટમાં. રાજકોટમાં નકલી પોલીસ બની ફરતો મિહિર ભાનું કુંગસિયા ઝડપાયો છે. આ શખ્સ પર હોટેલમાં જઈ યુગલ પાસે થી ૩૧ હજારનો તોડ કર્યો હોવાનો આરોપ છે. ફ્રઝ્ઞૅ જગદીશ બાંગરવાના કહેવા મુજબ, રાજકોટના કોઠારિયા નાકા પાસે શિવ પ્રતિમા એપાર્ટમેન્ટમાં રહેતો અને મૂળ બંગાળનો મુરારીમોહન શત્રુઘ્ન બાદ (ઉ.૪૪) તેની પ્રેમિકા સાથે એસટી બસ સ્ટેન્ડ પાસે મૂન હોટેલમાં હતો ત્યારે અજાણ્યો શખ્સ તેની પાસે આવી તે ક્રાઈમ બ્રાંચના પોલીસમેન હોવાની ઓળખ આપી તમે અહીં શું કામ આવ્યા છો કહી ધમકાવ્યા હતા. ત્યારબાદ તેની પાસેથી ૧૨ હજારની રોકડની લૂંટ ચલાવી હતી અને તેની પાસેના એટીએમ લઈને તેમાંથી વધુ રૂ.૧૯ હજાર ઉપાડી લઈને કુલ રૂ.૩૧ હજારની લૂંટ ચલાવી નાસી ગયાનું જણાવ્યું હતું. યુવક સાથે ખોટું થયું હોવાની જાણ થતાં યુવકે પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી.

જેના આધારે પોલીસે ફરિયાદ નોંધી CCTV ચેક કરવાનું શરૂ કર્યું હતું. જેમાં આરોપી CCTVમાં કેદ થયો હતો. પોલીસે આરોપીને ઝડપી લેવા અલગ અલગ વિસ્તારમાં વોચ ગોઠવી હતી. જેમાં પોપટપરા વિસ્તારમાં રહેતો મિહિર ભાનુભાઈ કુંગસિયા હોવાની ઓળખ થઈ હતી. જેને આધારે પોલીસે મિહિરને દબોચી લીધી હતો. હાલ એ ડિવિઝન પોલીસે નકલી પોલીસ મિહિરની સરભરા કરી ધરપકડ કરી તપાસ શરૂ કરી છે.

# ઓલપાડ તાલુકાના મીંઢી ગામે રૂ.૧૭ લાખના ખર્ચે ગ્રામ પંચાયતના નવનિર્મિત ભવનનું વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઇ પટેલના હસ્તે લોકાર્પણ

। (માહિતી) સુરત, તા.૪ ।

ઓલપાડ તાલુકાના મીંઢી ગામે રૂ.૧૭ લાખના ખર્ચે ગ્રામ પંચાયતના નવનિર્મિત ભવનનું વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, સ્વચ્છ ભારત મિશન ઓલપાડ તાલુકામાં વ્યાપક બન્યું છે. ગ્રામજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃત્તિ પણ આવી રહી છે. ઓલપાડ તાલુકાના પાંચ ગામોને પ્લાસ્ટિક મુક્ત બને એ દિશામાં આયોજન છે. જેમાં પ્લાસ્ટિકમુક્ત પ્રત્યેક ગામને સ્વચ્છતાની જાળવણી અને અન્ય સુવિધા માટે વિશેષ ગ્રાન્ટ આપવાનું કાર્ય ધરવામાં આવશે. ગ્રામ પંચાયતનું નવું મકાન બને એવી મીંઢીના ગ્રામજનોની માંગણીને ઝડપભેર પૂર્ણ કરી છે. આ પ્રસંગે તા.પં.પ્રમુખ નીતાબેન પટેલ, સુમુલ ડેરીના ડિરેક્ટર જયેશ પટેલ, અગ્રણીઓ કિશોર રાઠોડ, હેમુ પાઠક, જિગ્નેશ પટેલ, સરપંચ મહેશભાઈ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.




# પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા રૂા. ૧૯.૫૦ કરોડની સહાય ચૂકવવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળાઓ અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચૂકવણી કરવા માટે ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની ત્રીજી બેઠક મળી હતી. આ બેઠકમાં જુલાઈ-૨૦૨૪થી સપ્ટેમ્બર-૨૦૨૪માટે રાજ્યની વધુ ૩૩ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી આ ગૌશાળા અને પાંજરાપોળના આશરે ૭૦૬૦૦થી વધુ પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૯.૫૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.આટલું જ નહિ, ઓકટોબર-૨૦૨૪ થી ડિસેમ્બર-૨૦૨૪ના તબક્કા માટેની સહાય મેળવવા ઈચ્છુક ગૌશાળા અને પાંજરાપોળ ઓનલાઈન અરજી કરી શકે તેવા આશય સાથે તા. ૧ થી ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુઓના નિભાવ માટેની સહાય મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવા ગૌસેવા આયોગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ રૂ. ૧૭૧.૦૫ કરોડની સહાય ઙ્ઘમ્ના માધ્યમથી સીધી સેવાભાવી સંસ્થાઓના ખાતામાં ચૂકવવામાં આવી છે. જેના પરિણામે રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય આપી, આર્થિક રીતે મદદરૂપ થવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ ખરા અર્થમાં ચરિતાર્થ થઈ રહ્યો છે.

# મક્તમપુરાની એફ. ડી. સ્કૂલને મંજૂરી વગર વધુ ફી દર્શાવવા બદલ નોટિસ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

મક્તમપુરાની એફ.ડી. સ્કૂલ દ્વારા નવા વર્ષની ફી મંજૂર થાય તે પહેલા જ નોટિસ બોર્ડ પર વધારાની ફી સાથેની નોટિસ લગાવી વિદ્યાર્થીઓને તે મુજબ ફી ભરવા માટે જણાવવામાં આવતા સ્કૂલને નોટિસ અપાઈ છે.

હજુ સ્કૂલ દ્વારા નવા વર્ષની ફી મંજૂર કરાવવા માટે કમિટી સમક્ષ દરખાસ્ત કરી છે અને તે મંજૂરીની પ્રક્રિયા હજુ ચાલુ છે ત્યારે સ્કૂલે અગાઉથી જ નોટિસ બોર્ડ પર વધારાની ફી સાથેની નોટિસ લગાવી દેતા શહેર DEO દ્વારા નોટિસ ઈશ્યુ કરી વિદ્યાર્થી દીઠ રૂ. ૧૦ હજારનો દંડ કેમ ન કરવો તે અંગે ખુલાસો કરવા માટે જણાવાયું છે.

ફી નિયમન વિધેયકની જોગવાઈ અનુસાર ફી કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલી ફી કરતા વધુ ફી લઈ શકાય નહીં, તેમ છતાં મક્તમપુરા ખાતે આવેલી એફડી સ્કૂલ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે વિદ્યાર્થીઓ પાસેથી વધુ ફી લેવા માટે નોટિસ બોર્ડ પર સૂચના લગાવી દેવામાં આવી હતી. સ્કૂલ દ્વારા નવા શૈક્ષણિક વર્ષ માટે રૂ. ૧૯૮૭૦ ફી લેવા માટેની નોટિસ બોર્ડ પર લગાવી દીધી હતી. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા એફડી સ્કૂલને આપેલી કારણદર્શક નોટિસમાં જણાવાયું છે કે, શાળાની ફી મંજૂરી અર્થે ફી કમિટીમાં પ્રપોઝલ મૂકવામાં આવેલી છે, પરંતુ હજુ સુધી ફી કમિટી દ્વારા સ્કૂલની ફી મંજૂર કરવામાં આવી હોય તે અંગેનો ઓર્ડર ઈશ્યૂ કરવામાં આવ્યો નથી. આમ, સ્કૂલની નવી ફી મંજૂર થઈ ન હોવા છતાં સ્કૂલ દ્વારા નોટિસ બોર્ડ પર નવી ફી ભરવા માટે વાલીઓને જણાવવામાં આવ્યું છે. ગુજરાત સ્વનિર્ભર સ્કૂલ (ફી નિયમન) એક્ટ ૨૦૧૭ની કલમ મુજબ ફી કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલી ફી કરતા શાળા વધુ ફી લઈ શકે નહીં.

પરંતુ આ કિસ્સામાં સ્કૂલ દ્વારા ફી મંજૂર થઈ ન હોવા છતાં વધુ ફી લેવા માટે નોટિસ લગાવી ફી લેવામાં આવતી હોવાની ફરિયાદ મળી હતી. શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઈ મુજબ સરકાર તરફથી અપાયેલી સૂચનાઓનું પાલન ન કરવા બદલ પ્રથમ પ્રસંગે રૂ. ૧૦ હજાર અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ રૂ. ૨૫ હજારના દંડની જોગવાઈ કરવામાં આવેલી છે. જેથી એફડી સ્કૂલની વધુ ફી લેવા માટેની અનિયમિતતા માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૧૦ હજારનો દંડ કેમ ન કરવો તે અંગે ૨ દિવસમાં ખુલાસો રજૂ કરવા માટે નોટિસ આપવામાં આવી છે.

### કાયદો વ્યવસ્થાની સ્થિતિ સામે ઉઠ્યા સવાલ

# અમદાવાદમાં એક જ દિવસમાં ૨ હત્યાના પ્રયાસના બનાવ બન્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ્ શહેરના પૂર્વ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી રહી છે. જેમાં બે દિવસમાં ત્રણ હત્યાના પ્રયાસના બનાવો સામે આવ્યા છે. જેમાં રામોલમાં રિક્ષાના ભાડા બાબતે રિક્ષાચાલકે યુવકને છરીના ઘા મારીને હત્યાનો પ્રયાસ કર્યો હતો. તેમજ નિકોલમાં અજાણ્યા શખ્સે યુવકને તીક્ષ્ણ હથિયારના ઘા મારીને ફરાર થઈ ગયો હતો. બંને બનાવોમાં પોલીસે હત્યાના પ્રયાસની કલમનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. ત્યારે રામોલ પોલીસે ગણતરીના કલાકોમાં એક આરોપીની ધરપકડ કરી લીધી છે. જોધપુર કઠવાડામાં રહેતા અરુણકુમાર વિશ્વકર્મા છૂટક મજૂરી કામ કરે છે. જ્યારે તેમનો ૩૫ વર્ષીય સાળો શિવચરણ પણ ત્યાં નજીકમાં રહે છે. ગત ૧ જાન્યુઆરીએ તેમનો સાળો ઘરેથી શાકભાજી લેવા જવાનું કહીને નીકળ્યો હતો પરંતુ ઘણો સમય થતાં ઘરે આવ્યો ન હતો. જેથી સંબંધી લક્ષ્મણે અરુણકુમારને ફોન કરતા તે સાળાને શોધવા નીકળ્યા પરંતુ તેની કોઈ ભાળ મળી આવી ન હતી.

આખરે શિવચરણ મોડી રાત સુધી ફરવાની ટેવ ધરાવતો હોવાથી આવી જશે તેમ સમજીને અરુણકુમાર ઘરે જતા રહ્યા હતા. ત્યારે બીજા દિવસે સવારે મજૂરીકામ પર જવા તેઓ સાળાના ઘરે ગયા પરંતુ તે આવ્યો ન હતો. જેથી ફરીથી સાળાની શોધખોળ કરતા તે કઠવાડા જી.આઈ.ડી.સી. ના ગેટ પાસે પહોંચ્યા તે સમયે શિવચરણ લોહીલુહાણ હાલતમાં બેભાન થઈને જમીન પર પડેલો હતો. તેના પેટના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા વાગેલા હતા. બાદમાં શિવચરણને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. આ અંગે અરુણકુમારે અજાણ્યા શખ્સ સામે નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ત્યારે બીજા બનાવમાં મૂળ બિહારના અને હાલ રામોલમાં રહેતા સકુરઆલમ શેરશાવાદી મજૂરી કરે છે. ગત ૧ જાન્યુઆરીએ તેમના ત્રણ મિત્રો મુજમ્મીલ, આરીફ અને અબ્દુલકલામ સાથે કાંકરિયા ફરવા માટે નીકળ્યા હતા. ઘરની બહાર નીકળીને રોડ પર રિક્ષાની રાહ જોઈને ઊભા હતા. આ દરમિયાન એક રિક્ષાચાલક આવ્યો અને કાંકરિયા જવાનું એક વ્યક્તિનું ભાડું રૂ.૩૦ કહ્યું હતું. જેથી સકુરઆલમે આટલું બધું ભાડું ના હોય ભાડું તો રૂ.૨૦ જ થાય છે.

# પાર્સલમાં ફેક પાસપોર્ટ અને ડ્રગ્સ હોવાનું કહીને ૧૭ લાખની છેતરપિંડી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અજાણ્યા શખ્સોએ કાવતરૂ ઘડીને એક વ્યક્તિને પાર્સલમાં ડ્રગ્સ તથા ફેક પાસપોર્ટ હોવાનું તથા કરોડોનું મની લોન્ડરિંગ કર્યું હોવાનું કહીને તેને ડિજીટલ એરેસ્ટ કર્યો હતો. બાદમાં તેની સાથે રૂ.૧૭,૦૦,૦૦૦ ની છેતરપિંડી કરી હતી. આ કેસમાં સાયબર ક્રાઈમ પોલીસે રશિયન નાગરિક ઓનાટોલી મીરોનોવ, ગોમતીપુરમાં રહેતા મહેફૂઝઆલમ ઈમરાન મસુદઆલમ શાહ અને નદીમ અનીસખાન પઠાણની ધરપકડ કરી હતી.

આરોપીઓએ કસ્ટમ ઈન્સ્પેક્ટર દિલ્હી હેડ ક્વાટર્સ દ્વારા તમારૂ પાર્સલ મલેશિયા ખાતે મોકલ્યું હતું તે પાર્સલમાં ૧૬ બનાવટી પાસપોર્ટ તથા ૫૮ એટીએમ કાર્ડ અને ૧૪૦ ય્ રૂ સ્ઙ્ઘસ્ ડ્રગ્સ મળી આવ્યું હોવાનું કહ્યું હતું. જેની ઈક્વાયરી કરવા માટે આધારકાર્ડ તથા બેંક એકાઉન્ટ વેરીફિકેશન કરવાને બહાને દિલ્હીના વસંતકુંજ પોલીસ સ્ટેશનના ખોટી પોલીસની ઓળખ બતાવી હતી. બાદમાં ફરિયાદ કરવાને બહાને HDFC બેંકના મેનેજર દ્વારા ૪૦ કરોડનું મની લોન્ડરિંગ કરેલ છે જેથી તમને ૧૦ ટકા લેખે કમિશન મેળવ્યું હોવાનું કહીને આ વ્યક્તિને એરેસ્ટ વોરન્ટ તથા એરેસ્ટ સિઝર વોરન્ટ તતા કોન્ફિડેન્શિયલ એગ્રીમેન્ટ લેટર મોકલ્યા હતા,. ઉપરાંત એઓનલાઈન બેંક એકાઉન્ટનું નેરીફાઈ કરીને લિગલાઈઝેશનના અલગ અલગ બહાના હેઠળ રૂ.૧૭,૦૦,૦૦૦ મેળવી લઈને ડિજીટલ એરેસ્ટ કરીને છેતરપિંડી કરી હતી.

# ગુજરાતમાંથી વર્ષ ૨૦૨૪માં ૨૨ કરોડનો દારૂ ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા રાજ્યની સ્થાનિક પોલીસની મિલીભગત, આંખ મીચામણા કે જાણ બહાર ચાલતા દારૂના અડ્ડા અને મોટા પ્રમાણમાં થતી હેરફેર મુદ્દે દરોડા પાડવામં આવે છે, અને કેસ નોંધવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા રાજ્યમાં દારૂ અને જુગારના નોંધપાત્ર કેસ નોંધવામાં આવ્યા છે.

ચોંકવનારી વાત તો એ છે કે સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરમાંથી સૌથી વધુ ૧.૪૭ કરોડ રૂપિયાનો રાજ્યનો સૌથી વધુ દારૂ જપ્ત કરાયો હતો. જેને લઈને વડોદરા પોલીસ દારૂ પકડવામાં નિષ્ક્રિય રહેતી હોય કે પછી તેની અનદેખી કરતી હોય તેવું ફલિત થાય છે. બીજી તરફ અમદાવાદ શહેરમાં ૬૧ લાખ અને અમદાવાદ ગ્રામ્યમાં ૯૦ લાખનો વિદેશી દારૂ જપ્ત કરાયો હતો. રાજ્યના વિવિધ રેંજની વાત કરીએ સુરત રેંજમાં સૌથી વધારે ૩.૯૨ કરોડ રૂપિયાનો દારૂ જપ્ત કરાયો હતો. આ સાથે વર્ષ દરમિયાન ૨૨.૫૨ કરોડ રૂપિયાનો વિદેશી દારૂ સમગ્ર રાજ્યમાંથી જપ્ત કરીને કાર્યવાહી કરવામાં આવી હતી.સ્ટેટ મોનિટરિંગ સેલ ડીજીપી ઓફિસના સીધા માર્ગદર્શન હેઠળ કામગીરી કરતી હોવાથી રાજ્યમાં આવેલા તમામ સ્થાનિક પોલીસ સ્ટેશનોના અધિકારીઓને એસએમસીના દરોડાથી સસ્પેન્ડ થવાનો ડર સતત રહેતો હોય છે. વર્ષ ૨૦૨૪માં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા સમગ્ર રાજ્યના વિવિધ જિલ્લાઓ, શહેરોમાં કરવામાં આવેલી પ્રોહિબીશનની કામગીરીના ચોંકાવનારા આકડા સામે આવ્યા છે. જેમાં સમગ્ર રાજ્યમાં વિવિધ પોલીસ સ્ટેશનની હદમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન એસએમસીએ ૪૫૫ કેસ પૈકી ૩૪૭ જેટલા ક્વોલીટી કેસ નોંધીને ૨૨.૫૨ કરોડ રૂપિયાની કિંમતના વિદેશી દારૂ સહિત કુલ ૫૨ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે પોલીસ કમિશનરેટની હદમાં દરોડાની વાત કરીએ તો અમદાવાદમાં ૬૧ લાખ, વડોદરામાં ૧.૪૭ કરોડ, સુરતમાં ૫૧ લાખ અને રાજકોટ શહેરમાં માત્ર ૪૮ હજાર રૂપિયાનો જ દારૂ જપ્ત કરાયો હતો. જ્યારે વિવિધ રેંજ પૈકી સુરત રેંજમાં સૌથી વધારે ૩.૯૨ કરોડ રૂપિયાનો દારૂ, અમદાવાદ રેંજમાં ૧.૪૫ કરોડ રૂપિયાનો દારૂ, ગાંધીનગર રેંજમાં ૨.૮૮ કરોડ રૂપિયાનો દારૂ, વડોદરા રેંજમાં ૨.૪૬ કરોડ રૂપિયાનો દારૂ, ગોંધરા રેંજમાં ૧.૯૩ કરોડ રૂપિયાનો દારૂ, રાજકોટ રેંજમાં ૩.૬૪ કરોડ રૂપિયાનો વિદેશી દારૂ, બોર્ડર રેંજમાં ૨.૫ કરોડ રૂપિયાનો અને ભાવનગર રેંજમાં ૧.૩૫ કરોડ રૂપિયાનો દારૂ દરોડાની કામગીરી દરમિયાન જપ્ત કરાયો હતો. સૌથી ઓછો રૂપિયા ૧૨.૫૯ લાખનો દારૂ જૂનાગઢ રેંજ અને રેલવે પોલીસની હદમાંથી ૬.૭૧ લાખ રૂપિયાનો દારૂ જપ્ત કરીને કાર્યવાહી કરવામાં આવી હતી.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં અમદાવાદ સિવિલ મેડિસિટીની કિડની ઇન્સ્ટીટ્યુટ ખાતે 'ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસ'નો પાંચમો પદવીદાન સમારોહ સંપન્ન

। (માહિતી) અમદાવાદ ।

પ્રત્યારોપણ-ટ્રાન્સપ્લાન્ટેશનના ક્ષેત્રમાં વિશ્વપ્રસિદ્ધ, અમદાવાદ સિવિલ હોસ્પિટલ-મેડિસિટીમાં કાર્યરત ભારતની ટોચની સંસ્થા-ગુજરાત પ્રત્યારોપણ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના પાંચમા પદવીદાન સમારોહમાં રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજી અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે યુરોલૉજી, નેફ્રોલૉજી, બાળ ચિકિત્સા નેફ્રોલૉજી અને ઍનેસ્થેસિયોલૉજીના ૮૪ સ્નાતકોત્તર ડૉક્ટર્સને પદવી અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. પ્રત્યારોપણ વિજ્ઞાનમાં સેવા, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે કાર્યરત આ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમના માનવસેવા માટેના સમર્પણ, મહેનત અને નિષ્ઠા માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અભિનંદન આપ્યા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ જણાવ્યું કે, આ નિશ્ચિતપણે ગર્વની વાત છે કે ગુજરાત પ્રત્યારોપણ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના શ્રીમતી જી.આર. દોશી અને શ્રીમતી કે.એમ. મહેતા કિડની રોગ અને સંશોધન કેન્દ્ર તેમજ ડૉ. એચ.એલ. ત્રિવેદી પ્રત્યારોપણ વિજ્ઞાન સંસ્થાને એક નવો ઈતિહાસ સર્જ્યો છે. આજે પદ્મશ્રી ડૉ. એચ.એલ. ત્રિવેદીજીના આત્માને નિશ્ચિતપણે આનંદની અનુભૂતિ થઈ રહી હશે. વર્ષ - ૧૯૮૧માં, જ્યારે ટ્રાન્સપ્લાન્ટેશનના ક્ષેત્રમાં વિચારવું પણ મુશ્કેલ હતું, ત્યારે તેમણે એક દુરંદેશી ભર્યા દ્રષ્ટિકોણ સાથે આ અભિયાન શરૂ કર્યું હતું. આજે તેમનું આ સપનું સાકાર થતું જોવું એ અત્યંત આનંદની વાત છે.



શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીનો દ્રષ્ટિકોણ હંમેશા નવનિર્માણ અને ઉત્કૃષ્ટતા તરફનો રહ્યો છે. તેમણે અમદાવાદ અને ગાંધીનગરમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી, રક્ષા યુનિવર્સિટી અને ટીચર્સ ટ્રેનિંગ યુનિવર્સિટી જેવી સંસ્થાઓની સ્થાપનાથી દેશને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે. આ જ શૃંખલામાં ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસની સ્થાપના પણ તેમના 'ડ્રિમ પ્રોજેક્ટ્સ'નો ભાગ છે, જે ભારતને વૈશ્વિક કક્ષાએ અન્ય રાષ્ટ્રોની સમકક્ષ મૂકવાના તેમના સંકલ્પને દર્શાવે છે. ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસના વાઈસ ચાન્સેલર ડૉ. પ્રાંજલ મોદી અને તેમની સમગ્ર ટીમના માનવ સેવા પ્રત્યેના સમર્પણ અને નિષ્ઠા અભૂતપૂર્વ છે. તેમણે પ્રતિબદ્ધતા અને સમર્પણ સાથે આ સંસ્થાને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી છે એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, મહેનત અને લગનથી આ સંસ્થા આવનારા સમયમાં વધુ ઊંચાઈઓને આંબશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ જણાવ્યું કે, આજકાલ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં એટલી ઝડપથી વિકાસ થઈ રહ્યો છે કે દુનિયા દરરોજ આગળ વધી રહી છે. પરંતુ આપણને ગર્વ છે કે, ભારત ક્યારેક વિશ્વગુરુ અને 'સોને કી ચીડિયા' હતું, જ્ઞાન અને સમૃદ્ધિ બંને ક્ષેત્રોમાં સર્વોપરી હતું. આપણા પ્રાચીન ગ્રંથોમાં પણ વર્ણન મળે છે કે, વિશ્વભરના લોકો શિક્ષણ મેળવવા માટે ભારત આવતા હતા અને અહીંના ગુરુકુલોમાં અભ્યાસ કરતા હતા. આજે ભારત ફરીથી વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ગુજરાતની આ પાવન ભૂમિ, જેણે મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને સ્વામી દયાનંદ સરસ્વતી જેવા મહાપુરુષોને જન્મ આપ્યો, ફરીથી પોતાની ઐતિહાસિક ભૂમિકા નિભાવી રહી છે. શ્રી આચાર્ય દેવવ્રતજી એ જણાવ્યું કે, મહાપુરુષો એ હોય છે જેઓ નવી કેડી કંડારે છે અને બીજા લોકોને તે માર્ગે ચાલવા માટે પ્રેરિત કરે છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી આવા જ મહાપુરુષ છે. તેમની દુરંદેશી દ્રષ્ટિ અને પ્રેરણાથી આજે ભારત આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. આજે આપણા યશસ્વી ડૉક્ટર્સ અને આરોગ્ય ક્ષેત્રમાં કાર્યરત નિષ્ણાતો, માનવ સમાજની સેવાના ભેખધારી મિશનમાં જોડાયેલા છો, ત્યારે તે માત્ર આપણા દેશ માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે પ્રેરણાદાયક છે. આજે સ્થિતિ એવી છે કે ભારતીય નાગરિકોને વિદેશમાં સારવાર કરાવવાની જરૂર નથી પડતી; પરંતુ, સમગ્ર દુનિયા સારવાર માટે ભારતનો ભણી આવી રહી છે. આ વાત જણાવતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, દેશનું ગૌરવ વધારવાનું કાર્ય તમે યુવાન ડોક્ટર્સ કરી રહ્યા છો, આ માટે તમે પ્રશંસા અને અભિનંદનના પાત્ર છો. ગુજરાતમાં આરોગ્ય વિભાગ જે રીતે પ્રગતિના પંથે છે, તેનાથી સ્પષ્ટ છે કે, ભારત આવનારા સમયમાં આરોગ્યના ક્ષેત્રમાં વિશ્વમાં ક્રાંતિ કરશે. સ્નાતકોત્તર ડૉક્ટર્સને માર્ગદર્શન આપતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ જણાવ્યું કે, આપણા શાસ્ત્રોમાં લખેલું છે કે, વિદ્યાર્થી અભ્યાસ પછી જ્યારે કાર્યક્ષેત્રમાં જાય, તો ત્યારે તેનો ધ્યેય શું હોવો જોઈએ? શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યું છે, 'પરજનો અભિવર્ષદ'. એટલે કે, જેમ વાદળ સમુદ્રના ખારા પાણીને મીઠું બનાવીને ઉપાડે છે અને જ્યાં જરૂર છે એવી જમીન પર વરસાવીને જીવન આપે છે. તેમ એક વિદ્યાર્થીએ પણ પોતાનું જ્ઞાન પોતાની પાસે મર્યાદિત રાખવું જોઈએ નહીં.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ગુજરાતના સંસ્કૃતિક અને ધાર્મિક તહેવારો

ગુજરાત એ વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક તહેવારોનું કેન્દ્ર છે, જ્યાં વિવિધ પેઢીઓ, ભાષાઓ અને સંપ્રદાયો સાથે લોકો એકસાથે ઉજવણી કરે છે. આ તહેવારો માત્ર ધાર્મિકતા અને પરંપરાઓને જ પ્રદર્શિત નથી કરતાં, પરંતુ આ ક્ષેત્રની સાંસ્કૃતિક વૈવિધ્યતા, લોકોની એકતા, અને પારંપરિક જીવનશૈલીની સુંદરતા પણ દર્શાવવાં છે. ગુજરાતના વિવિધ તહેવારો દેશના વિવિધ ભાગોમાં વિવિધ રીતે ઉજવાય છે, પરંતુ અહીંની વિશિષ્ટતા એ છે કે દરેક તહેવારની ઉજવણીમાં લોકોની ઊંડી ભાવનાત્મક જોડાણ અને સમાજ માટે એક સામૂહિક ઊજવણી છે. દિવાળી પ્રકાશ અને સમૃદ્ધિનો તહેવાર દિવાળી એ ગુજરાતી સંસ્કૃતિમાં સૌથી પ્રખ્યાત અને મહત્વપૂર્ણ તહેવાર છે. દિવાળી ભારતના બધા ભાગોમાં ઉજવવામાં આવે છે, પરંતુ ગુજરાતમાં તેનું વિશેષ મહત્વ છે. ૨. મકરસંક્રાંતિ, શક્કર અને તાઈલ પખવાડાની ઉજવણી મકરસંક્રાંતિ, ગુજરાતમાં ખૂબ હર્ષોલ્લાસથી ઉજવાતો તહેવાર છે. આ દિવસે સૂર્યનો રાસયાત્રા મકર રાશિમાં પ્રવેશ કરે છે, જે આ ઋતુના પરિવર્તનનું સંકેત આપે છે. આ તહેવાર શિયાળાના અંત અને વસંતના આરંભનો પ્રતીક છે. આ દિવસે મુખ્યત્વે ઉડતા પતંગો અને તજતીની (તાઈલ-પખવાડા) પરંપરાઓને ઉજવવામાં આવે છે. પતંગબાજી, જેમાં નાના અને મોટા પતંગો બાજી રહ્યા છે, ૩. નવો વર્ષ, નવા આરંભની ઉજવણી ગુજરાતી નવવર્ષ ‘‘બેસ્ટુ વરાશ’’ તરીકે પણ ઓળખાય છે અને આનો આરંભ દિવાળીના બીજા દિવસે થાય છે. આ દિવસે ગુજરાતી નાગરિકો નવા વર્ષની શરૂઆત ઉજવવા માટે પરિવારના સભ્યો સાથે સમય પસાર કરે છે. આ દિવસે ઘરોને સાફ કરી ને નવા બિઝનેસ અથવા નવો આરંભ કરવાની પરંપરા છે. ૪. નવરાત્રી, ઋતો અને આરાધના સાથે નો તહેવાર નવરાત્રી એ ગુજરાતી સમાજમાં એક ખુબ જ મહત્વનો તહેવાર છે, જે ખાસ કરીને માતા શક્તિની આરાધના માટે ઉજવવામાં આવે છે. નવરાત્રી દરમિયાન વિવિધ પ્રકારના ગરબા નૃત્ય, દાંડિયા, અને ભક્તિ ગીતો ગાવા તથા પૂજાની પરંપરાઓ ખાસ હોય છે. આ તહેવાર જે શરદ પદમનાં મહિનામાં આવે છે, તેમાં દેવી દુર્ગાની ઉપાસના કરીને દશરથમાસિક પ્રસ્થાન કરતી વ્યક્તિ ભક્તિથી પૂજા કરે છે. નવલ વિધિથી દેવીના પૂજા, મંદિરની જાપા, વ્રત અને ઉપવાસ, ભક્તિ ગીતો અને મંત્રોચ્ચાર, ૫. હોલી, રંગોની ઊજવણી હોલી એ ભગવાન કૃષ્ણ સાથે સંકળાયેલા ખાસ તહેવાર છે, જે પ્રકૃતિના પિંક અને રંગોની ઉજવણી છે. આ તહેવારના દિવસે લોકો ભીની રંગોની પૂરી સાથે એકબીજાને રંગાવતા અને પૌત્રિક પરંપરાઓ મુજબ એકબીજાને હળવે મુક્ત કરી આપે છે. ૬. રક્ષાબંધન, ભાઈ-બહેનના સંબંધોનું ઉત્સવ રક્ષાબંધન એ ભાઈ-બહેનના પરંપરાગત સંબંધોને પ્રદર્શિત કરતો તહેવાર છે. આ દિવસે બહેન પોતાના ભાઈને રક્ષાબંધન બાંધે છે અને તેનાં જીવનમાં સલામતી અને ખુશહાલીની શુભકામના આપે છે.

## આધુનિક શ્રેણી: અમદાવાદમાં માર્કેટિંગ-સેલ્સના સ્ટાર્ટઅપ્સ

# અમદાવાદ ગુજરાતનું નવું સ્ટાર્ટઅપ હબ કહી શકાય!




**અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે ઓનલાઇન કન્સલ્ટેશન અને ડિજિટલ હેલ્થ રેકોર્ડ્સ જેવી સેવાઓ પણ પૂરી પાડે છે**

ઓટોમેશન: ઘણા ઉદ્યોગોમાં ઓટોમેશનનો ઉપયોગ વધી રહ્યો છે, જેનાથી ઉત્પાદન ખર્ચ ઘટી રહ્યો છે અને ગુણવત્તા વધી રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ઉત્પાદન પ્રક્રિયાઓને વધુ કાર્યક્ષમ બનાવી શકાય છે. ડેટા એનાલિટિક્સ: ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરીને ગ્રાહકોના વર્તનને સમજી શકાય છે અને તેમની જરૂરિયાતોને અનુરૂપ ઉત્પાદનો અને સેવાઓ પૂરી પાડી શકાય છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સ: ઈન્ટરનેટ ઓફ થિંગ્સનો ઉપયોગ કરીને ઉત્પાદન પ્રક્રિયાઓને જોડી શકાય છે અને તેને વધુ સ્માર્ટ બનાવી શકાય છે. ક્લાઉડ કમ્પ્યુટિંગ: ક્લાઉડ કમ્પ્યુટિંગનો ઉપયોગ કરીને ડેટાને સ્ટોર કરી શકાય છે અને તેને ક્યારે પણ, ક્યાંથી પણ એક્સેસ કરી શકાય છે. અમદાવાદમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટેના કારણો: શૈક્ષણિક સંસ્થાઓ: અમદાવાદમાં ઘણી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ છે જે નવા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપે છે. સરકારી નીતિઓ: ગુજરાત સરકાર સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે અનેક યોજનાઓ ચલાવી રહી છે. રોકાણકારો: અમદાવાદમાં ઘણા એન્જલ ઈન્વેસ્ટર્સ અને વેન્ચર કેપિટલિસ્ટ્સ છે જે સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવા માટે તૈયાર છે. મેન્ટરશિપ પ્રોગ્રામ્સ: અનુભવી ઉદ્યોગપતિઓ અને મેન્ટર્સ નવા સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન આપે છે. કોવર્કિંગ સ્પેસ: અમદાવાદમાં ઘણા કોવર્કિંગ સ્પેસ છે જ્યાં સ્ટાર્ટઅપ્સ કામ કરી શકે છે. આ બધા કારણોને કારણે અમદાવાદમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ખૂબ જ ઝડપથી વિકસી રહી છે અને આગામી દિવસોમાં તે વધુ મજબૂત બનશે તેવી અપેક્ષા છે. ૧. એડટેક: શું છે એડટેક: એડટેક એ શિક્ષણ અને ટેકનોલોજીનો સંયોજન છે. આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ શિક્ષણને વધુ અસરકારક, રસપ્રદ અને સુલભ બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. અમદાવાદમાં એડટેક: અમદાવાદમાં ઘણા એડટેક સ્ટાર્ટઅપ્સ છે જે ઓનલાઇન લર્નિંગ પ્લેટફોર્મ, એડ્યુટેનમેન્ટ એપ્સ, અને કસ્ટમાઈઝ્ડ લર્નિંગ સોલ્યુશન્સ જેવી સેવાઓ પૂરી પાડે છે. આ સ્ટાર્ટઅપ્સ વિદ્યાર્થીઓને તેમની પોતાની ગતિએ અને રીતે શીખવામાં મદદ કરે છે. ઉદાહરણો: અમદાવાદમાં ઘણા એડટેક સ્ટાર્ટઅપ્સ છે જે વિવિધ શિક્ષણ ક્ષેત્રોમાં કામ કરે છે, જેમ કે કોડિંગ શીખવવા, ભાષા શીખવવા, અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવવી. ૨. માર્કેટિંગ અને સેલ્સ: શું છે માર્કેટિંગ અને સેલ્સ: આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ વ્યવસાયોને તેમના ઉત્પાદનો અને સેવાઓનું વેચાણ કરવામાં મદદ કરે છે. તેઓ ડિજિટલ માર્કેટિંગ, સોશિયલ મીડિયા માર્કેટિંગ, અને ઈમેઈલ માર્કેટિંગ જેવી સેવાઓ પૂરી પાડે છે. અમદાવાદમાં માર્કેટિંગ અને સેલ્સ: અમદાવાદમાં ઘણા માર્કેટિંગ અને સેલ્સ સ્ટાર્ટઅપ્સ છે જે નાના અને મધ્યમ કદના વ્યવસાયોને ડિજિટલ માર્કેટિંગના ક્ષેત્રમાં તેમની પહોંચ વધારવામાં મદદ કરે છે. ઉદાહરણો: અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે વેબસાઈટ ડિઝાઈન, સોશિયલ મીડિયા મેનેજમેન્ટ, અને સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન જેવી સેવાઓ પૂરી પાડે છે. ૩. ઈ-કોમર્સ અને રિટેલ: શું છે ઈ-કોમર્સ અને રિટેલ: આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ ઓનલાઈન ખરીદી અને વેચાણના પ્લેટફોર્મ બનાવે છે. અમદાવાદમાં ઈ-કોમર્સ અને રિટેલ: અમદાવાદમાં ઘણા ઈ-કોમર્સ સ્ટાર્ટઅપ્સ છે જે વિવિધ પ્રકારના ઉત્પાદનોનું વેચાણ કરે છે, જેમ કે ફેશન, ઈલેક્ટ્રોનિક્સ, અને ગ્રોસરી. ઉદાહરણો: અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે સ્થાનિક ઉત્પાદકોને ઓનલાઈન માર્કેટપ્લેસ પ્રદાન કરે છે. ૪. ફિનટેક: શું છે ફિનટેક: ફિનટેક એ નાણાકીય સેવાઓના ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ છે. આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ ડિજિટલ પેમેન્ટ, લોન, અને વીમા જેવી સેવાઓ પૂરી પાડે છે. અમદાવાદમાં ફિનટેક: અમદાવાદમાં ઘણા ફિનટેક સ્ટાર્ટઅપ્સ છે જે નાના વ્યવસાયો અને વ્યક્તિઓને નાણાકીય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવે છે. ઉદાહરણો: અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે ડિજિટલ વૉલેટ અને પેમેન્ટ ગેટવે જેવી સેવાઓ પૂરી પાડે છે. ૫. હેલ્થટેક: શું છે હેલ્થટેક: હેલ્થટેક એ આરોગ્ય ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ છે. આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ ટેલિમેડિસિન, ડિજિટલ હેલ્થ રેકોર્ડ્સ, અને હેલ્થ એનાલિટિક્સ જેવી સેવાઓ પૂરી પાડે છે. અમદાવાદમાં હેલ્થટેક: અમદાવાદમાં ઘણા હેલ્થટેક સ્ટાર્ટઅપ્સ છે જે લોકોને તેમના સ્વાસ્થ્યની વધુ સારી રીતે કાળજી લેવામાં મદદ કરે છે. ઉદાહરણો: અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે ઓનલાઈન કન્સલ્ટેશન અને ડિજિટલ હેલ્થ રેકોર્ડ્સ જેવી સેવાઓ પૂરી પાડે છે. આ માત્ર કેટલાક ઉદાહરણો છે. અમદાવાદમાં હજુ ઘણા બધા નવા અને નવીન વિચારો સાથેના સ્ટાર્ટઅપ્સ ઉભરી રહ્યા છે.

# આધુનિક ટેકનોલોજી અને નવીનતા: ગતિશીલ ટેકનોલોજી ક્ષેત્ર અને પ્રગતિ

**નવીનતા એ એવી ક્રિયાવલીઓ છે જે સમસ્યાઓને યોગ્ય રીતે સોલ્વ કરીને નવું વિચારધારા અથવા તકનીક અપનાવે છે**




આધુનિક ટેકનોલોજી અને નવીનતા એ આજના વિશ્વમાં અદ્વિતીય રીતે મહત્વપૂર્ણ બની ચુકી છે. તે માત્ર વિકાસશીલ અને વિકસિત દેશો માટે જ નહીં, પરંતુ દરેક ક્ષેત્રમાં પ્રગતિ માટે અનિવાર્ય બની છે. ભારત, જે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે, ટેકનોલોજી અને નવીનતા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. મેન્યુફેક્ચરિંગ, ફાઈનાન્સ, આરોગ્ય, શિક્ષણ, અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા અનેક ક્ષેત્રોમાં નવી ટેકનોલોજી એ ભારતની સાથે-સાથે સમગ્ર વિશ્વને નવી દિશા આપવી રહી છે. ૧.૧. આધુનિક ટેકનોલોજી: આધુનિક ટેકનોલોજી એ શ્રેષ્ઠ સાધનો અને પદ્ધતિઓ છે જેમણે અનેક પરિસ્થિતિઓમાં પ્રગતિ અને સુધારા લાવ્યા છે. મુખ્ય ક્ષેત્રોમાં: કૃત્રિમ બુદ્ધિ એ એન્ટેલીજન્ટ મશીન્સ અને પ્રોગ્રામ્સ માટેનો ઉદાહરણ છે જે માનવ મગજના કાર્યને અનુકૂળ કરે છે. આરોગ્ય, મેન્યુફેક્ચરિંગ, અને ખેતીમાં AI નો ઉપયોગ જ્ઞાનને ઑટોમેટ કરવા અને કાર્યક્ષમતા વધારવા માટે થઈ રહ્યો છે. મશીન લર્નિંગના ભાગરૂપે, મશીન લર્નિંગ એ આપમેળે અનુભવ પરથી શીખવા અને ચુકવણી મથકને સરળ બનાવવાનો પ્રયાસ કરે છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સએ ઉપકરણો અને ટેકનોલોજી વચ્ચે સંલગ્નતા આપીને અમારી યાત્રા, આરોગ્ય, ઘરનો સંચાલન, અને દરેક ક્ષેત્રમાં કાર્યક્ષમતા વધારી રહી છે. એડવાન્સ્ડ એન્ગિનીયરિંગ પ્રિન્ટિંગ એક નવીન ટેકનોલોજી છે જે ઉત્પાદન પ્રક્રિયાઓમાં ઝડપ અને કાર્યક્ષમતાનું લાવણ્ય આપે છે. આ ટેકનોલોજી મેડિકલ, આર્કિટેક્ચર, અને મેન્યુફેક્ચરિંગમાં વિશાળ સંભાવનાઓને ઉકેલવા માટે ઉપયોગ થઈ રહી છે.

# દેશની વિકાસમાં ટેકનોલોજી અને નવીનતાનો અસર

**ભારતના પર્યાવરણીય સંરક્ષણ માટે કૃત્રિમ બુદ્ધિ, મશીન લર્નિંગ અને અન્ય ટેકનોલોજીઓનો ઉપયોગ વધતો જશે**



ભારત, એકવિકસતીઅર્થવ્યવસ્થા અને વિશ્વની બીજું સૌથી મોટું પ્રદૂષક દેશ હોવાના નાતે, પર્યાવરણના મામલામાં પણ તેની જવાબદારી પુરી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. અહીંના જંગલ, નદીઓ, ખેતરો અને વિવિધ પ્રાકૃતિક સંસાધનો પર પ્રકૃતિ અને પ્રાણીઓ માટે ખતરાનું સિલસિલો સતત વધી રહ્યો છે. દેશને કેટલાક મોટા પર્યાવરણીય ખતરાઓનો સામનો છે, જેમાં વાયુ પ્રદૂષણ, પાણીનો અભાવ, જૈવિક વૈવિધ્યનો ખતમ થવાનો ખતરો, અને પશુપંખીઓ માટે વિસર્જન વગેરેનો સમાવેશ થાય છે. વાયુ પ્રદૂષણ: આજે, ભારતનાં મોટા શહેરો જેમ કે દિલ્હીમાં વાયુ પ્રદૂષણ દુનિયાના સૌથી ઘણાં હવામાંથી એક છે. વાહનોથી પ્રદૂષિત વાયુ, ઉદ્યોગો અને અનુકૂળ ગેસો યથાવત રહીને જીવન અને સ્વાસ્થ્ય માટે ખતરનો કારણ બન્યાં છે. જળની અછત: દેશના ઘણા ભાગોમાં પાણીની દુષ્કાળ, ખૂટતી નદીઓ અને તળાવોમાં પાણીના સ્તરો ઘટી રહ્યા છે. આ તળાવોમાં સતત પાણીની જરૂરિયાત તેમજ ખેતી માટે પાણીનો સંગ્રહ કરવા માટે સંકટ છે. વનસંતુલન: વધતી વસ્તી અને જમીન પર માળખાકીય વિકાસ માટે કરવામાં આવતી કાપણીઓ, ખાણો અને આર્થિક પ્રવૃત્તિઓ સાથે જંગલના નાશથી વનસ્પતિ, જૈવિક વૈવિધ્ય અને પ્રાણીઓ પર પડતી અસર વધારે છે. વિશ્વસનીય નીતિ અને કાયદા: ભારત સરકારે પર્યાવરણીય સુરક્ષા માટે વિવિધ નીતિઓ વિકસાવી છે જેમ કે, પંખી સંરક્ષણ, જૈવિક વૈવિધ્ય અને ઝંઝાવાતી પરિસ્થિતિઓ માટે ખાસ કાયદા. નવવિદ્યાઓનો ઉપયોગ: ભારત સૂર્ય અને પવન ઉર્જાના ક્ષેત્રમાં નવીન સંશોધનો કરી રહ્યું છે. નવું પ્રોજેક્ટ ‘‘સ્વચ્છ ભારત અભિયાન’’ પણ પર્યાવરણીય સ્વચ્છતા માટે મજબૂત પ્રયાસોને ઉજાગર કરે છે. વૃક્ષારોપણ અને જંગલ પુનઃસ્થાપન: ‘‘પૌદારોપણ અભિયાન’’ ના અમલથી દેશભરમાં વૃક્ષારોપણ અને જંગલોના પુનઃસ્થાપન માટે સિસ્ટમો લાગૂ કરવામાં આવી છે.

# શિક્ષણ અને કૌશલ્ય સુધારો: ઓનલાઇન શિક્ષણના નવા વિકાસ

**ઓનલાઇન શિક્ષણના પડકારો: શહેરો અને ગ્રામિણ વિસ્તારો વચ્ચે ડિજિટલ ટેકનોલોજી સુધીની પહોંચમાં અવરોધ**




તાજેતરના વર્ષોમાં, વિશ્વભર ઓનલાઈન શિક્ષણ અને કૌશલ્ય સંદર્ભે એક ક્રાંતિ આવી છે. ભારત જેવી વિકસતી અર્થવ્યવસ્થા માટે, આ ક્ષેત્રે વિશેષ મહત્વ પ્રાપ્ત થયું છે. ઓનલાઈન શિક્ષણ, ખાસ કરીને COVID-19 મહામારી પછી, સૌથી વધુ લોકપ્રિય બની ગયું છે. અત્યાર સુધી, વિવિધ સ્કૂલો, કોલેજો અને કોર્સ પ્રદાતા એ ઑનલાઈન શિક્ષણ મોડલને વધુ લાગૂ કર્યો છે. આ અનોખી પદ્ધતિ માટેનો સમર્થનનો મજબૂત આધાર એ છે કે તે વિદ્યાર્થીઓને flexible learning options પૂરી પાડે છે, જે વિદ્યુથી તેમના સમય અને સ્થાન પર શિક્ષણ પ્રાપ્ત કરે છે. ૧.૧. ઓનલાઈન શિક્ષણના ફાયદા: લવચીકતા: વિદ્યાર્થીઓને તેમના સમય અનુસાર શીખવાની અનુકૂળતા મળે છે. તેઓ પોતાના સમય અને ગતિએ અભ્યાસ કરી શકે છે. લગભગ દરેક સબજેક્ટ માટે કોર્સો: હવે વિવિધ વિષયો પર, જેમાં આર્ટ, સાયન્સ, ટકનોલોજી, ફાઈનાન્સ અને કૌશલ્ય વિકાસ માટે ઘણાં ઑનલાઈન કોર્સ ઉપલબ્ધ છે. કૃત્રિમ બુદ્ધિ અને મશીન લર્નિંગ: આ પદ્ધતિઓનો ઉપયોગ કોર્સ ડિઝાઈન અને વિદ્યાર્થીઓ માટે સામગ્રીના વિતરણમાં સુધારો માટે કરવામાં આવી રહ્યો છે. ૧.૨. ઑનલાઈન શિક્ષણના પડકારો: ડિજિટલ ખાડો: શહેરો અને ગ્રામિણ વિસ્તારો વચ્ચે ડિજિટલ ટેકનોલોજી સુધીની પહોંચમાં અવરોધ છે. આ મજૂર વર્ગના લોકો અને છાત્રો માટે મૌલિક પડકાર બની રહ્યું છે. કમ્પ્યુટર અને ઈન્ટરનેટની ઉપલબ્ધતા: દરેક વિદ્યાર્થી પાસે ઈન્ટરનેટ અથવા કમ્પ્યુટર એથી વધુ નથી. વિશ્વસનીયતા અને પ્રમાણિકતા: ઘણી વખત, અનુકૂળ ઑનલાઈન કોર્સો અને ડિગ્રીની માન્યતા અને ગુણવત્તા પર પ્રશ્નો ઊભા થતા હોય છે. ૧.૩. ઓનલાઈન શિક્ષણના નવા વિકાસ: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ: આથી, શિક્ષણમાં વધુ પુન:પ્રશિક્ષણ અને વ્યક્તિગત અભ્યાસ પદ્ધતિઓ ઉપલબ્ધ થતી છે. વિશ્વવ્યાપી સહયોગ: અત્યાર સુધી, વિવિધ દેશો અને વિશ્વની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓના વિડિઓઝ, લાઈવ ક્લાસેસ, વેબિનાર વગેરેની ઉપલબ્ધતા વધી રહી છે. ઉપયોગી એપ્સ અને પ્લેટફોર્મ: આઈફોન, એન્ડ્રોઈડ એપ્સ અને વેબસાઈટ્સ જેમ કે Coursera, Udemy, edX, Khan Academy વગેરે વધુ લોકપ્રિય બની રહ્યા છે.

# દેશના વિકાસ અને આર્થિક વૃદ્ધિ સાથે પર્યાવરણ પર પ્રતિકૂળ અસર પડી રહી છે

## સત્તાવાર અને નાગરિક સ્તરે સંરક્ષણ પ્રયાસો



**ભારતમાં પર્યાવરણીય ચિંતાઓ અને ખતરાઓ વધતા જવા, તેનું સંરક્ષણ કરવું અત્યંત મહત્વપૂર્ણ બની ગયું છે**

ભારત, વિશ્વની સૌથી ઘનજાતી પ્રજા ધરાવતું અને ત્રીજા સૌથી મોટું કાર્બન ઉત્પન્ન કરનાર દેશ છે. દેશના વિકાસ અને આર્થિક વૃદ્ધિ સાથે પર્યાવરણ પર પ્રતિકૂળ અસર પડી રહી છે. પર્યાવરણની ગાળતી સ્થિતિ, પ્રાકૃતિક સંસાધનોની જરૂરિયાત, અને વિવિધ પર્યાવરણીય ખતરોની સિરીઝથી ભારતને કેટલીક મહત્વની પર્યાવરણીય ચિંતાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ ચિંતાઓમાં વાયુ પ્રદૂષણ, પાણીની ઓછી ઉપલબ્ધતા, વનસંતુલન, અને જૈવિક વૈવિધ્યનો ખતમ થવાનો ખતરો શામેલ છે. આ લેખમાં, આપણે ભારતની પર્યાવરણ સંકટો અને દેશના સંરક્ષણ પ્રયાસો વિશે વિગતે ચર્ચા કરીશું. ૧. વાયુ પ્રદૂષણ-ભારતમાં વાયુ પ્રદૂષણ એક ગંભીર સમસ્યા બની છે, જે ઘણા મોટા શહેરો જેમ કે દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બંગલોરમાં વધુ છે. પ્રદૂષિત હવામાં ખાસ કરીને પેટ્રોલ, ડીઝલ અને ઘરોમાં કચરો બળતા ગેસોનો મૂલ ભુમિકા છે. નમ્ર શ્વસન પદ્ધતિઓ, બિનમુલ્ય વાયુ પ્રદૂષણ, અને વ્યવસાયિક ઉદ્યોગો દ્વારા અતિ વધારેલા પ્રદૂષણના સ્તરોને કારણે માનવ સ્વાસ્થ્ય પર ગંભીર પ્રભાવ પડી રહ્યો છે. સ્વાસ્થ્ય પર અસરો: વાયુ પ્રદૂષણ હૃદય અને શ્વાસના રોગોનો કારણ બની રહ્યું છે. ગરમી અને ઉલટાભાવ: વધુ પ્રદૂષણ તાપમાનના વધારા અને મોસમના અસંતુલિત ફેરફાર માટે જવાબદાર છે. સ્વચ્છ ઉર્જાનો ઉપયોગ: સૂર્ય ઉર્જા, પવન ઉર્જા જેવા પર્યાવરણીય રીતે મૈત્રીપૂર્ણ ઊર્જા સ્ત્રોતોની તરફ દોરી જવાનું. દૂધિયાં ગાડીઓ અને વાહનો: વધુ સ્માર્ટ અને પર્યાવરણ સાથે સંલગ્ન વાહનો, જેમાં વિદ્યુત વાહનોનો પ્રચલિત ઉપયોગ. ભારતમાં અનેક વિસ્તારોમાં પાણીની અછત જોવા મળી રહી છે. દેશમાં વિવિધ સ્ત્રોતો છે, જેમ કે નદીઓ, આઝોર અને ભીના તળાવો, પરંતુ જળ વ્યવસ્થાપનના અભાવ અને વિપ્રમાણિક વરસાદની સ્થિતિથી પાણીની અછત મૌલિક સમસ્યા બની ગઈ છે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્રમાં વધતી પાણીની માંગ, નદીના પાણીના ખરાબ ગુણવત્તા, અને મોટા પાયે સંસાધનોના દુરુપયોગને કારણે આ સ્થિતિ ઘટી રહી છે. કૃષિ અને પાણીની માંગ: ભવિષ્યમાં ખેતી માટે પાણીની દયાળુ ઉપયોગ માટે નવી સિસ્ટમો અને અભિગમ વિકસાવાની જરૂર છે. નદીઓનો દુષ્કાળ: નદીઓ અને તળાવોમાં પાણીના સ્તરો ઘટી રહ્યા છે. વર્ષા જળ સંરક્ષણ: વરસાદના જળને સંચય કરવા માટે ટેકનિકલ અભિગમો, જેમ કે મિનરલ વોટર રીચાર્જ ટેક્નિક. પાણી પુનઃઉપયોગ: પાણીના પુનઃઉપયોગ અને રિસાયકલિંગ પર ભાર મૂકવો. ભારતમાં વન અને જંગલોથી સંકળાયેલા પ્રદેશોમાં ભારે નાસમજરીથી વધતી વનસંતુલનાની ચિંતાઓ છે. મુખ્યત્વે જમીન પર નિર્માણ માટેની વ્યવસ્થાઓ, ખાણના ખનન, અને ખેતી માટે વનમાં વધારો કરવામાં આવે છે. આના પરિણામે વિવિધ જંતુઓ અને પ્રાણીઓના ઘરખંડ નષ્ટ થાય છે અને જૈવિક વૈવિધ્ય ખતમ થવા પામી છે. વિશ્વ ખત્મ થતી પ્રજાતીઓ: વનસ્પતિ અને પ્રાણીજાતીઓ ખતમ થવાની પ્રકીયા સતત વધી રહી છે. હવું પીંટ વનસ્પતિ: દેશના ઘણા ભાગોમાં વિવિધ વનસ્પતિનું નાશ થવાનો ખતરો છે.

## તંત્રી લેખ...

# યુનિયન કાર્બાઈડનો કચરો


ભોપાલ ગેસ કાંડના ૪૦ વર્ષ બાદ યુનિયન કાર્બાઈડના બંધ પડેલા કારખાનામાંથી લગભગ ૩૭૭ ટન ખતરનાક કચરાને ડમ્પ કરવા માટે લઈ જવામાં આવે છે, તે નિશ્ચિત રૂપે એક ઉલ્લેખનીય ઘટના છે. બાર સીલબંધ કન્ટેનર ટ્રકોમાં યુનિયન કાર્બાઈડનો કચરો ભોપાલથી ૨૫૦ કિલોમીટર દૂર ધાર જિલ્લાના પીથમપુર ઔદ્યોગિક ક્ષેત્રમાં લઈ જવામાં આવ્યો અને કહેવાઈ રહ્યું છે કે જો બધું જ ઠીકઠાક રહ્યું, તો ત્રણ મહિનાની અંદર કચરાને બાળી નાખવામાં આવશે. નહિ તો કચરાના નિકાલમાં લગભગ નવ મહિનાનો સમય લાગી શકે છે. અસલમાં મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ૩ ડિસેમ્બરે ઝેરી કચરાને સ્થાનાંતરિત કરવા માટે ચાર અઠવાડિયાની સમય સીમા નક્કી કરી હતી. તેણે યુનિયન કાર્બાઈડને ખાલી નહિ કરવા માટે અધિકારીઓ પ્રત્યે નારાજગી જાહેર કરતાં કહ્યું હતું કે આ ઉદાસીનતા એક વધુ દુર્ઘટનાનું કારણ બની શકે છે. સવાલ એ છે કે જો અદાલતે નારાજગી વ્યક્ત ન કરી હોત તો શું હજુ પણ એ અભિશપ્ત અને બંધ પડેલા કારખાનાથી કચરો હટાવવા વિશે શું ખરેખર વિચારવામાં આવતું? ૨-૩ ડિસેમ્બર, ૧૯૮૪ની રાત્રે યુનિયન કાર્બાઈડમાંથી મિથાઈલ આઈસોસાઈનાઈડ ગેસ લીક થયો હતો જેમાં ઓછામાં ઓછા ૫૪૭૯ લોકો માર્યા ગયા હતા. બિનસત્તાવાર રીતે તો આ આંકડો આના કરતાં ક્યાંય ગંજાવર હતો. આજે પણ હજારો લોકો એ દુર્ઘટનાના દુષ્પ્રભાવ પોતાના શરીર પર વેઠી રહ્યા છે. ભોપાલ ગેસ કાંડની વિશ્વની સૌથી મોટી ઔદ્યોગિક દુર્ઘટનાઓમાંથી એક માનવામાં આવે છે. જે લોકો એ દુર્ઘટનાના સાક્ષી છે, તેઓ જણાવે છે કે રાત્રે ગેસ લીકેજથી ભોપાલ અને તેની આસપાસના લોકો જીવ બચાવવા માટે કઈ રીતે ભાગી રહ્યા હતા. પોતાના લોકોને ગુમાવ્યા બાદ દુર્ઘટના પીડિત લોકોના સંગઠન બન્યાં અને આ સંગઠનોએ ન્યાયની લડાઈ શરૂ કરી, જે તેની તાર્કિક પરિણતિ સુધી પહોંચી ન શકી. આ દુર્ઘટના માટે જવાબદાર વિદેશી કંપનીના માલિક એન્ડરસનને તત્કાલીન કોંગ્રેસ સરકારે દેશની બહાર સુરક્ષિત મોકલી આપ્યો. ભોપાલ ગેસ કાંડ જો એક હચમચાવી દેનારી દુર્ઘટના હતી તો તેના ઝેરી કચરાને હટાવવામાં ચાર દાયકા લાગી જવા એ પણ એટલી જ મોટી ઉદાસીનતાનું પ્રમાણ છે. જોકે ઝેરી કચરાને પીથમપુર લઈ જવાનો વિરોધ થઈ રહ્યો છે. 'પીથમપુર બચાઓ સમિતિ' રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ધરણાં-પ્રદર્શન કરી રહી છે. સ્થળ પર પણ કેટલાય વિરોધ કરી રહ્યા છે. એક વ્યક્તિએ આત્મદાહની કોશિશ કરી છે તેવા પણ અહેવાલ છે. દેખીતું છે કે નવી જગ્યામાં ઝેરી કચરાનો નિકાલ જો યોગ્ય રીતે ન થયો તો તેનાથી એ સાબિત થશે કે ભોપાલ દુર્ઘટનાના ચાર દાયકા બાદ પણ આપણે કોઈ બોધપાઠ નથી શીખ્યા.

# અમેરિકાને ફરી એકવાર આતંકનો પરચો

અમેરિકામાં ૨૦૨૫ની શરૂઆત આતંકી ઘટના સાથે થવી દુઃખદ છે. અહીંના એક પ્રસિદ્ધ પર્યટક શહેર ન્યૂ ઓર્લિયન્સમાં નવા વર્ષની ઉજવણી કરી રહેલા લોકોને શમસુદીન જબ્બાર નામના અમેરિકી નાગરિકે પોતાની ગાડીથી કચડી નાખ્યા, જેમાં ૧૫ લોકોનાં મોત થઈ ગયાં અને ૩૫ ઘાયલ થઈ ગયા. તે આટલાથી જ ન અટક્યો. ગાડીમાંથી ઉતરીને તેણે ફાયરિંગ પણ શરૂ કરી દીધું, પરંતુ પોલીસે જવાબી કાર્યવાહી કરતાં તેને ત્યાં જ ઠાર માર્યો. જબ્બારની ગાડીમાંથી ઈસ્લામિક સ્ટેટ (આઈએસ)ના કેટલાક દસ્તાવેજો મળ્યા છે. અમેરિકી ગુપ્તચર અને તપાસ એજન્સીઓનું માનવું છે કે તે આ ઘટનામાં એકલા નથી, તેમના સાથી પણ છે, પરંતુ અત્યાર સુધી તેમના વિશે કોઈ જાણકારી સાર્વજનિક નથી કરવામાં આવી. જોકે, ત્યારબાદ લાસ વેગાસમાં ટ્રમ્પ હોટેલ સામે એક ટેસ્લા ટ્રકમાં અને પછી ક્વીન્સમાં પણ ગોળીબાર થયો છે, પરંતુ આ આતંકી ઘટનાઓ છે કે નહીં, એ હજુ સુધી સ્પષ્ટ નથી થઈ શક્યું. દેખીતું છે કે આ બધાએ અમેરિકાને હચમચાવી દીધું છે. કહેવાય છે કે ત્યાં એવાં તત્ત્વો મોજૂદ છે, જે ઈસ્લામી આતંકવાદ સાથે જોડાયેલા છે. આશ્ચર્ય એ વાતનું પણ છે કે જબ્બાર અમેરિકી સેનામાં કામ કરી ચૂક્યો હતો અદ્ધે કહેવાઈ રહ્યું છે કે તેનો ઉછેર બેશક ઈસાઈ ધર્મમાં થયો હતો, પરંતુ તેણે ઈસ્લામ અપનાવી લીધો હતો. સમાચાર એ પણ છે કે ૨૦૦૯-૧૦માં અમેરિકી સૈનિક તરીકે તેણે અફગાનિસ્તાનમાં પોતાની સેવાઓ પણ આપી હતી. અમેરિકી એજન્સીઓ નિઃસંદેહ આ તમામ ઘટનાઓના મૂળ સુધી જવાની કોશિશ કરશે, પરંતુ અમેરિકામાં હંમેશાં ગોળીબારની ઘટનાઓ થાય છે, જેમાં વ્યક્તિ વિશેષ સ્કૂલના બાળકો પર કે ઓફિસના સાથીઓ પર હુમલા કરી દે છે. તેનું કારણ અમેરિકાની બંદૂક નીતિ મનાતી રહી છે. ત્યાં સેમી-ઓટોમેટિક બંદૂકો ખુલ્લેઆમ વેચાય છે અને તેની 'ગન લોબી' એટલી તાકાતવર છે કે ત્યાંના રાજકીય પક્ષ કે વર્ગ તેના વિરુદ્ધ નથી જઈ શકતા. પરંતુ તાજી ઘટના અલગ છે. અત્યાર સુધી યુરોપમાં ઈસ્લામિક સ્ટેટથી પ્રભાવિત વ્યક્તિ જબ્બાર જેવી ઘટનાઓને અંજામ આપતા રહ્યા છે, પરંતુ અમેરિકામાં સંભવતઃ આ પહેલી ઘટના છે, જે ઈસ્લામિક સ્ટેટ સાથે આટલા પ્રત્યક્ષ રૂપે જોડાયેલો છે. આ ઘટનાથી કેટલાય સવાલ ઊભા થયા છે. વાસ્તવમાં, અલ કાયદા દ્વારા ૯/૧૧ હુમલા બાદ અમેરિકાએ વૈશ્વિક આતંકવાદ વિરુદ્ધ યુદ્ધનું એલાન કરી દીધું હતું. તેને કારણે નવેમ્બર ૨૦૦૧માં તેણે અફઘાનિસ્તાનમાંથી તાલિબાન સરકારને ઉખાડી ફેંકી હતી અને મે, ૨૦૧૧માં અલ કાયદાના વડા ઓસામા બિનલાદેનને પાકિસ્તાના એબટાબાદમાં ઠાર માર્યો હતો. તેમ છતાં ઘણી કોશિશો કર્યા બાદ પણ તેઓ અફગાન તાલિબાનને પરસ્ત ન કરી શક્યા અને ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ તેણે તેની સાથે સમજૂતી કરવી પડી. જેમાં તેને આશ્વાસન આપવામાં આવ્યું કે અફઘાન તાલિબાન પોતાની જમીન પર આંતરરાષ્ટ્રીય આતંકી જૂથોને પાંગરવા નહીં દે. માનવામાં તો એ પણ આવે છે કે અફઘાનિસ્તાનના આ નવા નિઝામની સહાનુભૂતિ અલ કાયદા સાથે તો છે, પરંતુ ઈસ્લામિક સ્ટેટ સાથે નહીં, કારણ કે ઈરાકથી પેદા થયેલ આઈએસનાં મૂળિયાં ભલે અલ કાયદામાં રહ્યાં હોય, પરંતુ બાદમાં બંને એકબીજાના દુશ્મન બની ગયા. હજુ થોડા અઠવાડિયા પહેલાં જ અફગાન તાલિબાન નેતા ખલીલ-ઉર-રહમાન હક્કાનીની અફઘાનિસ્તાનમાં થયેલ હત્યાની જવાબદારી પણ આઈએસે જ લીધી હતી. દેખીતું છે કે અમેરિકાની સાથે સાથે પશ્ચિમના કેટલાય દેશોનો અફગાન તાલિબાન પર એ આરોપ ખોટો નથી જણાતો કે તે વૈશ્વિક આતંકી જૂથોને પોતાની જમીન પર ખતમ નથી કરી શક્યું. જોકે એ પણ સત્ય છે કે આઈએસે શરૂઆતમાં ઈરાક અને સીરિયાના કેટલાય ભાગો પર પોતાનો દબદબો જમાવી લીધો હતો, પરંતુ બાદમાં અમેરિકી સેનાની કાર્યવાહીને કારણે તેના પ્રભાવ ક્ષેત્રોમાં ઘણો ઘટાડો થઈ ગયો હતો. સ્પષ્ટ છે કે આઈએસ જેવી આતંકી વિચારધારાનો પ્રભાવ હજુ પણ ખતમ નથી થયો અને જો તે વિચારધારા શમસુદીન જબ્બાર જેવા લોકોને, જે અમેરિકી સૈનિક રહી ચૂક્યો હતો.

**કુંભ મેળો એ ભારતીય સનાતન સંસ્કૃતિનું એક અભિન્ન અંગ છે, અને એમાં દેશભરમાંથી લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડે છે**


# વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો એટલે કુંભ મેળો ૧૩ જાન્યુઆરીથી શરૂ થાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**કુંભ શબ્દ પ્રયોગ છે! એટલે બહુ સ્વાભાવિક જ કુંભ કે ઘડા સાથે જોડાયેલી દંતકથા છે, સમુદ્ર મંથન થયું અને એમાંથી ૧૪ રત્નો બહાર આવ્યા, છેલ્લે અમૃત કુંભ બહાર નીકળ્યો! અમૃત એટલે અમર કરનારું તત્વ! દેવ હોય કે દાનવ અહીં સૌને પોતપોતાના ભોગ ભોગવવા વધુ ને વધુ જીવવું હોય!**

૧૩ જાન્યુઆરીથી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં કુંભ મેળો શરૂ થવાનો છે, અને ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ માં સમાપ્ત થશે. આ પહેલાં ૨૦૧૯ માં ઉતરપ્રદેશના પ્રયાગ રાજમાં કુંભનું આયોજન થયું હતું. ૧૩ જાન્યુઆરી એ પોષ પૂર્ણિમા છે, અને એ દિવસથી કુંભની શરૂઆત થાય છે. લાખો હિન્દુ સનાતની ભક્તો આ કુંભમેળામાં શાહી સ્નાન માટે ઉમટી પડશે! કુંભ મેળો એ ભારતીય સનાતન સંસ્કૃતિનું એક અભિન્ન અંગ છે, અને એમાં દેશભરમાંથી લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડે છે. આજકાલ તો વિદેશીઓ પણ આ કુંભમેળામાં આવી આપણી સંસ્કૃતિનો દિવ્ય નજારો માણે છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે ત્રણ નદીઓ એટલે કે ગંગા યમુના અને સરસ્વતીની ત્રિવેણી પર આ કુંભનું આયોજન થયેલ છે. કુંભ મેળો ઉત્તરાખંડ હરિદ્વાર, ઉત્તર પ્રદેશ પ્રયાગરાજ, મધ્યપ્રદેશ ઉજ્જૈન, અને મહારાષ્ટ્રમાં નાસિક ખાતે યોજાય છે. કુંભ દર ત્રણ વર્ષને અંતે યોજાય છે, દર ૬ વર્ષે યોજય છે એને અર્ધ કુંભ કહેવાય છે, ૧૨ વર્ષે પૂર્ણ કુંભનું આયોજન થાય છે, અને દર ૧૪૪ વર્ષે યોજાય એ મહાકુંભ કહેવાય! પણ ગમે તે કુંભ હોય ભક્તો માટે ભગવાનનાં દિવ્ય દર્શન કરી ચૂકેલા સંન્યાસી સાથે સત્સંગનો સોનેરી અવસર છે. આમ કુંભ મેળો એ સાધુ સંન્યાસ, અને સંસારી ઓને જોડતી એક પવિત્ર ધારા છે, અને એટલે જ સંસારીઓને પણ કુંભમાં શાહી સ્નાન કરવાથી સંન્યાસીઓ જેટલું જ પુણ્ય પ્રાપ્ત થાય છે, એવી એક લોકવાયકા પણ આની સાથે જોડાયેલી છે. કઈ કેટલાય સાધુ સંતોના દર્શન અને હરિ કથામૃતનો લાભ કુંભ મેળામાં મળે છે. સંતો ઈશ્વર અવતારની લીલા ઓનું જુદું જુદું ચિંતન કરી ઈશ્વર તત્વના રહસ્યને હળવું કરવા મથે છે. બે અલગ સાધુઓ વચ્ચે શાસ્ત્રાર્થ પણ થાય છે તેમજ પૌરાણિક શાસ્ત્રો પર ટિપ્પણી પણ થાય છે. સંધ્યાનાં સમયે ત્રિવેણી પર કેટલાએ દિપકો તરતા મૂકવામાં આવે છે અને આ નજારો વાતાવરણને અલૌકિક દિવ્યતાથી ભરી દે છે. સૌ પોતાના સંઘ સાથે આવે છે અને નિત્ય ભજન નિત્ય પ્રાર્થના તેમજ નિત્ય સ્નાન ના મહિમાથી કુંભ મેળાનું દિવ્ય તેજ પ્રાપ્ત કરે છે. ભારતીય સનાતન સંસ્કૃતિની કોઈપણ વાત હોય પરંતુ એની સાથે ધર્મ અને પૌરાણિક કથા જોડાયેલી હોય છે અને આ રીતે કથાનક ના માધ્યમથી સૌ ભક્તો પોતાની આસ્થાને પ્રબળ બનાવે છે. કુંભ શબ્દ પ્રયોગ છે!



એટલે બહુ સ્વાભાવિક જ કુંભ કે ઘડા સાથે જોડાયેલી દંતકથા છે. સમુદ્ર મંથન થયું અને એમાંથી ૧૪ રત્નો બહાર આવ્યા, છેલ્લે અમૃત કુંભ બહાર નીકળ્યો! અમૃત એટલે અમર કરનારું તત્વ! દેવ હોય કે દાનવ અહીં સૌને પોતપોતાના ભોગ ભોગવવા વધુ ને વધુ જીવવું હોય! એટલે દેવ તથા દાનવો કોણ તેનાં ખરાં અધિકારી છે એ વિશે આંતરિક વિવાદ કરી રહ્યા હતા અને ત્યાં ઈન્દ્ર પુત્ર જયંત આ અમૃત કુંભ લઈને ભાગ્યો. જયંત ને ભાગતો જોઈ દેવ અને દાનવ બંને વર્ગ અમૃત કુંભ મેળવવા જયંત પાછળ દોડવા લાગ્યા અને આ ઝપાઝપીમાં એ અમૃત કુંભ માંથી આ ચાર સ્થાન પર અમૃત બિંદુ ઓ પડ્યા અને એટલે ત્યારથી આ ચાર સ્થાન ને પવિત્ર તીર્થ માનવામાં આવે છે અને અહીં દર બાર વર્ષે પૂર્ણ કુંભ ભરાય છે તેમજ દર ત્રણ વર્ષે આંશિક કુંભ ભરાય છે! અર્ધ કુંભ છ વર્ષે ભરાય છે. પણ ૧૨ વર્ષ શું કામ? કારણકે દેવ દાનવો નું એ યુદ્ધ ૧૨ દિવસ ચાલ્યું હતું, ત્યાં નો એક દિવસ એટલે પૃથ્વી પરનું એક વર્ષ એમ ગણતરી કરી ને ૧૨ વર્ષે કુંભ ભરાય છે. આ અમૃત કુંભની ખેંચાખેંચીમાં ૧૨ જગ્યાએ અમૃતનાં છાંટા પડ્યા હતા એમાંથી આ ચાર પ્રમુખ સ્નાન નો મહિમા ગવાયો છે. જ્યારે જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ગુરુ ગ્રહને ૧૨ રાશિ ફરતે પરિભ્રમણ કરતા ૧૨ વર્ષ થાય છે અને એટલે ૧૨ વર્ષના સમયને પસંદ કરવામાં આવ્યો છે. પૂર્ણ કુંભ ચાર માસ ચાલે છે, અને ઘણાં સાધુઓ કુંભ દરમિયાન અહીં જ તંબુ બનાવીને રહે છે. કુંભમાં ત્રિવેણી સંગમમાં સ્નાનનું બહુ જ મહત્વ છે, અને એથી જ પંચાંગ મુજબ અમુક ચોક્કસ તિથિનું મૂહુર્ત જોવામાં આવે છે, અને એને શાહી સ્નાન કહેવામાં આવે છે. આ વખતે શાહી સ્નાનના છ મૂહુર્ત કાઢવામાં આવ્યા છે. પ્રથમ મૂહુર્ત કુંભના પ્રારંભે એટલે કે ૧૩ જાન્યુઆરી પોષ પૂર્ણિમા ને દિવસે છે, બીજું શાહી સ્નાન ૧૪ જાન્યુઆરી મકરસંક્રાંતિ ને દિવસે. ત્રીજું શાહી સ્નાન ૨૯ જાન્યુઆરી મૌની અમાવસ્યા. ચોથું શાહી સ્નાન ૩ ફેબ્રુઆરી વસંત પંચમી એ છે. પાંચમું ૧૨ ફેબ્રુઆરી માઘ પૂર્ણિમા, અને છેલ્લું શાહી સ્નાન ૨૬ ફેબ્રુઆરી શિવરાત્રી એ થશે અને ત્યારબાદ કુંભ વિસર્જન થશે. આ વખતે કુંભનો પ્રારંભ રવિ યોગથી થયો છે અને એટલે સ્નાન અને દાન બંને નું મહત્વ છે. સ્નાનનો સમય ૭.૧૫ થી ૧૦.૩૮ સુધીનો છે. પૌરાણિક કથામાં કેટલું સત્ય છે એ આપણે જાણતા નથી, પણ સમુદ્ર મંથનમાં કાલકૂટ નામનું હળાહળ વિષ પણ નીકળ્યું હતું, અને એ આપણા ભોલેનાથ મહાદેવ એ પીધું હતું! અમૃત એટલે જે મૃત નથી એ અથવા અજન્મા છે એ, પણ અમૃતનો એક અર્થ અનંત આનંદ કે પરમાનંદ પણ છે! આ અર્થ ગુરુ કૃપાથી મારા મનમાં સતત ઘૂમી રહ્યો હતો, અને એને ટેલી કરવા મેં ગુગલ સર્ચ કર્યું તો, ગિરિશ દેસાઈ એ પણ આ વાતનું સમર્થન કર્યું, અને આશ્ચર્યની વાત તો એ છે કે, એને પણ લખતાં લખતાં જ આ અર્થ સુઝ્યો! તો મૂળમાં પરમાનંદની પ્રાપ્તિ તો ત્યારે જ થશે જ્યારે આપણે આપણું વિષ ભગવાન શંકરને આપી દઈએ. ઉત્તરાખંડ તો શિવ પ્રદેશ છે અને સૌથી પ્રસિદ્ધ કેદારનાથ છે, ઉજ્જૈન માં મહાકાલ છે, પ્રયાગરાજ એટલે વારાણસીનું કાશી વિશ્વનાથ મંદિર, અને નાસિકમાં ત્રંબકેશ્વરનું જ્યોતિર્લિંગ છે. એટલે પૂર્ણ શ્રદ્ધાથી શાહી સ્નાન તો શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરીશું! પણ સાથે સાથે સમય સંજોગ અને સંસારી સંબંધો ગત સમસ્યાનું વિષ ભગવાન અજન્મા આશુતોષને અર્પણ કરીને પરમાનંદ સ્વરૂપે અમૃતને પ્રાપ્ત કરી મોક્ષ અથવા તો ક્યારેય ન ખત્મ થાય એવું પુણ્ય પ્રાપ્ત કરીએ! મહાત્મ્યની રીતે કે પછી જે કોઈ ગણતરીની રીતે ઠીક છે, પણ કુંભ તો અપૂર્ણ કે અર્ધ પૂર્ણ કંઈ રીતે હોય શકે? પણ મને લાગે છે કે આપણે આધ્યાત્મિક રીતે દેહને પણ ઘટ અથવા કુંભ કહીએ છીએ તો માનવ જન્મ વખતે ઈશ્વરે તો પૂર્ણ કુંભ તરીકે જ પૃથ્વી પર એની સ્થાપના કરી હતી, પણ પછી આપણે એમાં જે મલિનતા ભરી છે, એ મલિનતા કુંભના શાહી સ્નાનથી દૂર કરવા માટેની એક વ્યવસ્થા હોય શકે! એટલે કે હળે હળે પવિત્ર થતાં રહેવું!:તો જીવની મોક્ષ તરફ ગતિ થઈ શકે.

**રામજીની મર્યાદાનું પાલન એટલે રામજીના જેવું વર્તન રાખો, ભાગવતની કથા સાંભળનાર વક્તા-શ્રોતા રામજીની મર્યાદામાં રહે**

# અહંકાર-ગેરસમજ" પરિવાર અને મિત્રોથી દૂર કરી દે છે, અહંકાર સત્ય જોવા નથી દેતો અને ગેરસમજ સત્ય સાંભળવા નથી દેતી..



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**રામજીનું ચરિત્ર સર્વથા અનુકરણીય છે, પણ શ્રીકૃષ્ણ લીલાનું અનુકરણ કરવાનું નથી, શ્રીકૃષ્ણલીલા ચિંતન કરવા માટે, ચિંતન કરી તન્મય થવા માટે છે, રામજી કરે તે કરવાનું અને શ્રી કૃષ્ણ કહે તે કરવાનું, રામ પૂર્ણપુરુષોત્તમ હોવા છતાં મનુષ્યને આદર્શ બતાવે છે, રામજીનો માતૃપ્રેમ, પિતૃપ્રેમ, બંધુ પ્રેમ,રામજીનું એક પત્નીવ્રત વગેરે સઘળું જીવનમાં ઉતારવા જેવું છે, રામાયણના દરેક પાત્રનું આદર્શ ચરિત્ર છે.**

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહયું છે કે તમે કોઈપણ સંપ્રદાયમાં માનો, પણ જ્યાં સુધી રામજીની મર્યાદા નું પાલન નહીં કરો ત્યાં સુધી આનંદ મળતો નથી. રામજીની મર્યાદાનું પાલન એટલે રામજીના જેવું વર્તન રાખો. ભાગવતની કથા સાંભળનાર વક્તા-શ્રોતા રામજી ની મર્યાદામાં રહે. મનુષ્યને થોડી સંપત્તિ-અધિકાર મળે એટલે મર્યાદાને ભૂલી જાય છે, પણ રામજીની મર્યાદાનું પાલન કરો,રામના જેવું તમારું વર્તન રાખો રામજીની મર્યાદા આપણી મર્યાદા બની શકે એ એનું મહત્ત્વ છે. રામજીનું ચરિત્ર સર્વથા અનુકરણીય છે, પણ શ્રીકૃષ્ણ લીલાનું અનુકરણ કરવાનું નથી. શ્રીકૃષ્ણલીલા ચિંતન કરવા માટે, ચિંતન કરી તન્મય થવા માટે છે. રામજી કરે તે કરવાનું અને શ્રી કૃષ્ણ કહે તે કરવાનું. રામ પૂર્ણપુરુષોત્તમ હોવા છતાં મનુષ્યને આદર્શ બતાવે છે. રામજીનો માતૃપ્રેમ,પિતૃપ્રેમ, બંધુ પ્રેમ,રામજીનું એક પત્નીવ્રત વગેરે સઘળું જીવનમાં ઉતારવા જેવું છે.રામાયણના દરેક પાત્રનું આદર્શ ચરિત્ર છે. શ્રીકૃષ્ણ કરે તે આપણાથી ન થાય. શ્રીકૃષ્ણ તો કાળીનાગ ઉપર નાચે છે અને કાળીનાગને નાથે છે. શ્રીકૃષ્ણ ટચલી આંગળી ઉપર ગોવર્ધનને ધરે છે. શ્રીકૃષ્ણના ચરિત્રનું અનુકરણ કરવું હોય તો પૂતના ચરિત્રથી કરજો. શ્રીકૃષ્ણ ઝેર પી ગયા હતા, તમે ઝેર પચાવ્યા પછી શ્રી કૃષ્ણ ચરિત્રનું અનુકરણ કરજો કરશો? રામજીએ નિજ ઐશ્વર્ય છુપાવ્યું છે.મનુષ્ય સમક્ષ મનુષ્યનો આદર્શ ધર્યો છે.સાધકનું વર્તન રામના જેવું હોવું જોઈએ. સિદ્ધ પુરુષનું વર્તન શ્રીકૃષ્ણની લીલા હોઈ શકે. રામજીનો અવતાર રાક્ષસોને મારવા માટે થયો નથી, પણ મનુષ્યોને માનવ ધર્મ બતાવવા માટે થયો છે. રામજીની લીલા એવી સરળ છે,ત્યારે શ્રીકૃષ્ણની લીલા ગહન છે, અટપટી છે.રામજીની લીલા એવી સરળ છે કે, તરત મનમાં વસી જાય.રામજી સરળતાની પ્રતિકૃતિ છે.એવો સરળ કોઈ પુરુષ કદી જગતમાં થયો નથી. અગ્નિ નારાયણ ભગવાને પ્રગટ થઈને કહ્યું કે,સીતા માતાજી પરમ પવિત્ર છે, શુદ્ધ છે, પછી બીજા પુરાવાની ક્યાં જરૂર હતી. પણ ગામનો ધોબી માતાજીની નિંદા કરે છેતેને રામજી મહત્ત્વ આપે છે. એટલા સારું કે,એમને આદર્શ બતાવવો છેકે,પ્રજાના સુખ માટે રઘુનાથ પોતાના સુખનો ભોગ આપે છે! આ માટે નિષ્ઠુર બની તેઓ સીતા જીનો ત્યાગ કરે છે અને જગત ભરમાં એક અદ્ભુત લોકસેવાનો આદર્શ બતાવે છે.દુનિયાની કોઈ સંસ્કૃતિમાં આવો ત્યાગ જોવા નહીં મળે.રામાયણ એક અપ્રતિમ ગ્રંથ છે,અને રામ કથા અપ્રતિમ કથાછે.રામજી મર્યાદા પુરુષોત્તમ. શ્રીકૃષ્ણએ પુષ્ટિ પુરુષોત્તમ. રામજીનું નામ પણ સરળ. રામજીના નામમાં એક પણ જોડા ક્ષર નથી. શ્રીકૃષ્ણના નામમાં એક પણ સરળ અક્ષર નથી. બધા જોડા ક્ષર છે. રામજી દિવસના બાર વાગે આવે છે. કનૈયો રાત્રે બાર વાગે આવે છે. દશરથજીના રાજમહેલમાં એક આવે છે,ત્યારે બીજો



કંસના કારા ગૃહમાં.રામજીને ઓળખવા સહેલા છે, શ્રીકૃષ્ણને ઓળખવા કઠણ છે પરંતુ રામજીની મર્યાદાને જીવનમાં ઉતારવી કઠણ છે. સમજી એ મર્યાદા છે, શ્રીકૃષ્ણ એ પ્રેમ છે. મર્યાદા અને પ્રેમ જીવનમાં ઉતારશો તો સુખી થશો. નરસિંહ અવતારની કથાએ ક્રોધનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું. વામન અવતારની કથાએ લોભનો નાશ કેવી રીતે કરવો એ બતાવ્યું. રામચંદ્રજીના અવતારે કામનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું. ક્રોધ, લોભ, કામનો નાશ થાય તે પછી શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટે છે. ક્રોધ, લોભ, કામનો નાશ થાય તે પછી જ પરમાત્મા મળેકૃષ્ણ મળે, એટલે પહેલા સ્કંધથી શ્રી કૃષ્ણ કથા શરૂ થતી નથી, પણ વાસના ક્ષય થયા પછી તેની શરૂઆત થાય છે. શુકદેવજી પછી સત્યવ્રત મનુ મહારાજ વંશની કથા છે. વૈવસ્વત મનુ સૂર્યવંશના આદિ પ્રવર્તક છે. તેમનાં પત્નીનું નામ શ્રદ્ધા. તેમને દશ બાળકો થયાં. ઈક્ષ્વાકુ, નૃપ, શર્યાતિ, દિષ્ટિ, કરૂપ, નરિષ્યન્ત, પૃષધ્ન, નભગ અને કવિ આમાંથી દિષ્ટિના વંશમાં મરુત્ત નામનો ચક્રવર્તી રાજા થયો. મરુત્તના ગુરુ હતા બૃહસ્પતિ. તે ઈન્દ્રના પણ ગુરુ હતા. મરુત્ત રાજાને યજ્ઞ કરવાનો હતો, પણ બૃહસ્પતિએ આવવા ના પાડી. કહે કે હું ઈન્દ્રનો ગુરુ, બાવા રાજવીને ત્યાં જાઉં તે શોભે નહીં. હવે કરવું શું? એવામાં મરુત્તને નારદજી મળ્યા. નારદજીએ કહ્યુ કે, યજ્ઞ કરવો છે તો કરો. બૃહસ્પતિના આવે તો બૃહસ્પતિ ના ભાઈ સર્વત્તને બોલાવો. રાજા કહે, સંવર્ત યોગી છે. યોગીનો પત્તો શું? નારદજીએ કહ્યું, પત્તો હું આપું, પણ મારું નામ લેશો નહીં. પુરુષોને એકાંત પ્રિય હોય છે. તેઓ તેમની સાધનામાં લીન રહે છે, તેથી કોઈ તેમાં વિક્ષેપ કરે તે તેમને ગમતું નથી. એથી નારદજી આવી સાવધ વાણી ઉચ્ચારે છે. સંવર્ત યોગા રોજ એક વખત કાશી કાશી વિશ્વનાથનાં દર્શન કરવા આવે છે.પણ રસ્તામાં કોઈ શબનાં દર્શન થાય તો તેને શિવરૂપ માની વંદન કરી પાછાં શિવનાં દર્શન થઈ જાય છે. એવી એમની સમદષ્ટિ છે. નાણે શબને જોતાં વેંત વંદન કર્યું. મરુત્ત રાજાને ખાતરી થઈ ગઈકે,આ સંવર્ત યોગી છે. એકદમ કરી જાય છે. શબમાં જ એને એણે યોગીનાં ચરણ પકડી લીધાં. મરુત્ત કહે, મારે યજ્ઞ કરવો છે,પણ બૃહસ્પતિ યજ્ઞ કરાવતા નથી. તમે કરાવો!સંવર્ત કહે,હું યજ્ઞ કરાવીશ, પણ જો તું મારો ત્યાગ કરશે તો તે વખતે હું તને ભસ્મકાં નાખીશ,એ નક્કી જાણજે! રાજા કબૂલ થયો. સંવર્તે મરુત્ત રાજાને મંત્રદીક્ષા આપી. હવે બૃહસ્પતિએ અગ્નિ માત કહેવડાવ્યું કે,મને ગુરુ બનાવો!અગ્નિને સંવર્તે કહ્યું, મારી આજ્ઞા વિરુદ્ધ જઈશ તો તને બાળી મૂકીશ! દેવો બધા ડરી ગયા. સંવર્તયોગી આજ્ઞા કરે તે દેવ ત્યાં પ્રત્યક્ષ હાજર થઈ હવિર્માત્ર ગ્રહણ કરે છે.મરુત્તનો યજ્ઞ ખૂબ સરસ રીતે પાર પડ્યો.મનુપુત્ર નભગને ત્યાં નાભાગ થયા.નાભાગને ત્યાં મહાન ભક્તઅંબરીષ નો જન્મ થયો. અંબરીષએ મર્યાદા ભક્તિના આચાર્ય છે.કાંકરોલીમાં જે દ્વારકાનાથ બિરાજે છે તે અંબરીષ.રાજાના સેવ્ય ઠાકોરજી છે. આ ઠાકોરજી બાવન મણ મરી રોજ આરોગતા.વિચારો કેટલી સામગ્ર થતી હશે! અંબરીષ શબ્દનો વિચાર કરો.અંબર એટલે આકાશ. ઈશ એટલે ઈશ્વર. આકાશએ અંદર પણ છે અને બહાર પણ છે.જેના અંદર બહાર સર્વ ઠેકાણે ઈશ્વર છે તે અંબરીષ. જેને ચારેબાજુ પરમાત્મા દેખાય તે અંબરીષ. ભક્તિમાર્ગમાં ભક્ત એક એક ઈન્દ્રિયને પરમાત્માનાં ચરણમાં અર્પણ કરે છે.ઈન્દ્રિયોને પરમાત્મા સાથે પરણાવે છે. ભગવાન ઋષીકેશ છે એટલે. ઈન્દ્રિયોના સ્વામી છે.અંબરીષ રાજા મહાન ભક્ત હતા. તેઓ પ્રાર્થના કરતા કે,મારું મન સદા શ્રીકૃષ્ણના ચરણ કમળમાં રહો. મારી વાણી ભગવાનના ગુણગાતી રહો,મારા હાથ પ્રભુ મંદિરની સેવામાં રહો, મારા પગ પ્રભુનાં ક્ષેત્રોની યાત્રા કરતા રહો,મારા કાન પ્રભુની કથા સાંભળવામાં લીન અમારી આંખ પ્રભુની મૂર્તિની બધે ઝાંખી કરતા રહો! મારું મસ્તક સદાસર્વદા પ્રભુને વંદન કરતું છે. અંબરીષ રાજા ભક્તિના આચાર્ય છે. ભક્તિમાર્ગમાં ધન મુખ્ય નથી, તન મુખ્ય નથી પણ મન મુખ્ય છે. ભક્તિમાં ધન મુખ્ય થયું ત્યારથી ભક્તિ છિન્નભિન્ન થઈ.તેથી અંબરીષ મહારાજ પ્રથમ કહે છે કે,મારું મન શ્રીકૃષ્ણનાં ચરણ યુગલમાં સદા રહો! મન ભગવાનને અર્પણ થઈ ચૂક્યું પછી બીજાં અંગો એને અનુસરશે જ. સેવાનો સંબંધ મન સાથે છે. શરીરથી જે ક્રિયા કરો તેને મનનો સહકાર ન મળે તો તે વ્યર્થ છે. અંબરીષની સેવાની શરૂઆત મનથી થાય છે. મન સભ્ય છે તે એકી સાથે જગત અને ઈશ્વર સાથે સંબંધ કરી શકે નહીં. બીજો માણસ ઉપદેશ કરશે તો પર અસર થશે નહીં. તમે પોતે મનને સમજાવશો તો અસર થશે.સેવામાં શરીરનો ઘસારો થાય અંબરીષ રાજા હતા,છતાં સેવા જાતે કરે છે. ઘરમાં અનેક નોકરો હતા પણ દાસ છું,તેની સેવા મારે જાતે કરવી જોઈએ,એ એમની ભાવના હતી. આ ઠાકોરજીનો હું સેવામાં મુખ્ય છે. જે ભોજન કરે તેનું પેટ ભરાય છે. તેમ જે ભજન કરે,સેવા કરે તેને જ તેનું ફળ મળે છે.ચાર વસ્તુમાં બદલી નહીં ચાલે ભોજનમાં બદલી નહીં ચાલે આ ચારે કામ જાતે જ કરવાં પડે છે. ભાગવતમાં સ્પષ્ટ લખ્યું છે કે, અંબરીષ ભગવાનનાં દર્શન કરવા જાય ઊઘાડા પગે ચાલતા જતા.

### શ્રીલીલાના આગમનનો તખ્તો ઘડાયો

# ‘કિસિક’ગર્લનું કાર્તિક આર્યનની ફિલ્મથી બોલિવૂડમાં આગમન

### કરણ જોહર-કાર્તિક આર્યન વચ્ચે સમાધાન બાદ બની રહેલી ફિલ્મમાં શ્રીલીલાની શક્યતા



સાઉથના ઓડિયન્સમાં લોકપ્રિય બનેલી શ્રીલીલાના બોલિવૂડ આગમનનો તખ્તો ઘડાઈ ચૂક્યો છે. ‘પુષ્પા ૨’માં કિસિક ગીતના કારણે જાણીતી બનેલી શ્રીલીલાને કાર્તિક આર્યન સાથે ફિલ્મમાં લીડ રોલ મળી શકે છે. ‘તુ મેરી મૈં તેરા, મૈં તેરા તુ મેરી’માં લીડ રોલ માટે શ્રીલીલા ફાઈનલ હોવાનું મનાય છે. આ અંગે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત થઈ શકે છે. બોલિવૂડમાં રોમેન્ટિક ફિલ્મોનો ટ્રેન્ડ શરૂ કરનારા કરણ જોહરે ફરી એક વાર આ જોનર પર ફિલ્મ બનાવવાનું વિચાર્યુ છે. કરણ જોહરની જૂની સ્ટાઈલ મુજબની સ્ટોરી અને કેરેક્ટર રાખવાના બદલે આ ફિલ્મમાં ઓડિયન્સના બદલાયેલા મિજાજને ધ્યાને રાખવામાં આવે તેવી શક્યતા છે. કાર્તિક આર્યનની લીડ રોલ માટે પસંદગી કરીને કરણ જોહરે પણ આ અંગે સંકેત આપી દીધો છે. અગાઉ કાર્તિક અને કરણ વચ્ચે અણબનાવ હોવાનું કહેવાતું હતું. કરણે કાર્તિકને પોતાની એક બિગ બજેટ ફિલ્મમાંથી હાંકી કાઢ્યો હતો. કરણ જોહરની નારાજગી બાદ એક્ટર્સની પડતી થતી હોવાના કિસ્સા અગાઉ બનેલા છે, પરંતુ કાર્તિકને આ નારાજગીની કોઈ અસર થઈ ન હતી. કાર્તિક આર્યને બોલિવૂડના ટોચના સ્ટાર્સમાં સ્થાન મેળવી લીધું છે. ઓડિયન્સે કાર્તિકને દિલથી સ્વીકારી લીધા પછી કરણ જોહરે પણ જૂની કડવાશ ભૂલાવી કાર્તિક સાથે દોસ્તી કરી લીધી છે. જેના ભાગરૂપે કરણ અને કાર્તિક ‘તુ મેરી મૈં તેરા, મૈં તેરા તુ મેરી’ બનાવી રહ્યા છે. જૂની અને જાણીતી એક્ટ્રેસના બદલે કાર્તિકની સાથે લીડ રોલમાં ફ્રેશ ચહેરાને લેવાની કરણ જોહરની ઈચ્છા છે. શ્રીલીલાને ‘કિસિક’ પછી બધા ઓળખતા થઈ ગયા છે. આ બાબતે ધર્મા પ્રોડક્શન અને શ્રીલીલા તરફથી કોઈ વાત જાહેર થઈ નથી. ટૂંક સમયમાં આ અંગે સત્તાવાર જાહેરાત થઈ શકે છે.

# મોટાભાગે હૂડીમાં દેખાતા શાહરૂખ વિષે ચર્ચા, કરચલી સંતાડવાનો ફંડા?

### શાહરૂખે પત્ની ગૌરી ખાન-પુત્ર અબરામ સાથે જામનગરમાં અંબાણી પરિવાર સાથે નવા વર્ષની ઉજવણી કરી હતી

શાહરૂખ ખાનનો એક નવો વીડિયો સામે આવ્યો છે જેમાં તેણે પોતાનો આખો ચહેરો લાંબા હૂડીથી ઢાંક્યો છે. તેને આ રીતે જોઈને લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યુ છે. શાહરૂખ ખાને પત્ની ગૌરી ખાન અને પુત્ર અબરામ સાથે જામનગરમાં અંબાણી પરિવાર સાથે નવા વર્ષની ઉજવણી કરી હતી. શાહરૂખ ખાનની ઝલક ફરી સોશિયલ મીડિયા પર હેડલાઈન્સ બની રહી છે જેમાં તે પોતાના પુત્ર સાથે મુંબઈ પરત ફરતો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન સુપરસ્ટાર શાહરૂખ ખાને એરપોર્ટ પર બ્લેક હૂડીથી પોતાનો ચહેરો ઢાંક્યો છે અને લોકોને તે વિચિત્ર લાગી રહ્યું છે.શાહરૂખની આ હૂડી સામાન્ય હૂડી કરતાં ઘણી લાંબી લાગે છે, જેના કારણે તેનો આખો ચહેરો ઢંકાયેલો દેખાય છે. હવે આ ઝલક સોશિયલ મીડિયા પર સામે આવતા જ લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. લોકો પૂછવા લાગ્યા કે શું તે પોતાના ચહેરા પરની કરચલીઓ છુપાવી રહ્યો છે? આ જોઈને કેટલાક લોકોને રાજ કુન્દ્રાની યાદ આવી ગઈ જે ઘણીવાર જાહેર સ્થળોએ પોતાનો





ચહેરો ઢાંકતા જોવા મળતા હતા.ઘણા લોકોએ પૂછ્યું છે - તેમના ચહેરા બતાવવામાં શું સમસ્યા છે, મને સમજાતું નથી. તે જ સમયે, કેટલાક લોકોએ તેને આર્યન ખાન કેસ સાથે પણ જોડ્યો છે અને કહ્યું છે કે - જ્યારથી આર્યન કેસ બન્યો છે ત્યારથી તે મીડિયાથી નારાજ છે અને તેમને રેન્ડમ ફોટા આપવા માંગતો નથી.જણાવી દઈએ કે રવિવારે ખાન પરિવાર જામનગર પહોંચ્યો હતો અને ત્યાં અંબાણી પરિવાર સાથે નવા વર્ષની ઉજવણી કરી હતી. ત્યાં પહોંચેલા મહેમાનોની યાદીમાં સલમાન ખાન અને તેનો પરિવાર, અનન્યા પાંડે, જાહ્નવી કપૂર અને વીર પહરિયા જેવા સ્ટાર્સ પણ સામેલ છે.જામનગર જતા પહેલા શાહરૂખ અને તેનો પરિવાર મુંબઈની જેટી પર જોવા મળ્યો હતો. બઝ એ છે કે તેણે અલીબાગમાં તેના ફાર્મહાઉસમાં અદ્ભુત સપ્તાહાંત વિતાવ્યો. ત્યારપછીની ઝલકમાં, શાહરૂખ તેના પાલતુ કૂતરાને તેના ખોળામાં પકડતો જોવા મળ્યો હતો અને ત્યાં પણ તેણે પોતાનો ચહેરો હૂડી હેઠળ છુપાવ્યો હતો.

# કેન્સરનો સામનો કરી રહેલી હિના ફરી ટીવી પર

### ‘ગૃહલક્ષ્મી’ સિરીયલમાં હિંમત, અસ્તિત્વ અને વ્યક્તિગત પરિવર્તનની વાત કરશે

ટીવીમાં ‘યે રિશ્તા ક્યા કહેલાતા હે’ સિરીયલથી ઘરઘરમાં લોકપ્રિય થયેલી હિના ખાન, છેલ્લાં થોડાં વખતથી બ્રેસ્ટ કેન્સરથી પીડાય છે. તે કેન્સરનો હિમ્મત સાથે સામનો કરવાની સાથે કામ પણ કરી રહી છે. તે છેલ્લે બિગબોસ શોમાં ભાગ લઈ રહી હતી, ત્યારે ટીવી પર દેખાઈ હતી. હવે તે ફરી એક વખત ટીવી પર કમબેક કરી રહી છે. તે ‘ગૃહલક્ષ્મી’ સિરીયલમાં જોવા મળશે. તેની કેન્સર સાથેની લડત છતાં તેણે કામ કરતાં રહેવાનું પસંદ કર્યુ છે. આ સિરીયલમાં હિના ઉપરાંત ચંકી પાંડે, રાહુલ દેવ અને દિવ્યેંદુ ભટ્ટાચાર્ય પણ હશે. આ શોના મેકર્સ દ્વારા તેનું ટીઝર જાહેર કરવામાં આવ્યું છે. ‘ગૃહલક્ષ્મી’ હિંમત, અસ્તિત્વ અને વ્યક્તિગત પરિવર્તનની વાત છે. એપિક ઓન પર આ શો ટેલિકાસ્ટ થશે.



હિનાએ જુલાઈ મહિનામાં જાહેરાત કરી હતી કે તેના બ્રેસ્ટ કેન્સરના નિદાન પછી તે પહેલી વખત કોઈ અસાઈન્મેન્ટમાં કામ કરશે. ટીવીમાં ‘યે રિશ્તા ક્યા કહેલાતા હે’ સિરીયલથી ઘરઘરમાં લોકપ્રિય થયેલી હિના ખાન, છેલ્લાં થોડાં વખતથી બ્રેસ્ટ કેન્સરથી પીડાય છે, તેણે આ પોસ્ટમાં લખ્યું હતું,“મારા નિદાન પછી હું પહેલાં અસાઈન્મેન્ટમાં કામ કરીશ. કામ કરવાનું અને બોલવાનું પણ મુશ્કેલ થઈ રહ્યું છે, ખાસ કરીને જ્યારે જીવનના સૌથી મોટાં પડકારનો સામનો કરી રહી છું. તો જ્યારે ખરાબ દિવસ હોય ત્યારે તમારી જાતને જરા આરામ આપો, કોઈ વાંધો નહીં, તમને એનો અધિકાર છે. જોકે, સારા દિવસોમાં તમારી જિંદગીની મજા માણવાનું ચૂકશો નહીં. આ દિવસો પણ મહત્વના છે. પરિવર્તનને સ્વીકારી લો, ફેરફારનું માન જાળવો અને તેને સહજતાથી લો.” ટીવીમાં ‘યે રિશ્તા ક્યા કહેલાતા હે’ સિરીયલથી ઘરઘરમાં લોકપ્રિય થયેલી હિના ખાન, છેલ્લાં થોડાં વખતથી બ્રેસ્ટ કેન્સરથી પીડાય છે, હિના ખાને ‘યે રિશ્તા ક્યા કહેલાતા હે’ સિવાય ‘કસૌટી ઝિંદગી કી’માં નેગેટીવ રોલ કરેલો છે. ‘નામાકૂલ’ અને ‘શિંદા શિંદા નો પાપા’ જેવા શોમાં કોમેડી રોલમાં પણ હિનાએ યાદગાર એક્ટિંગ કરેલી છે.

### ‘સ્ત્રી ૩’ ૧૩ ઓગસ્ટ, ૨૦૨૭ના રોજ મોટા પડદા પર રિલીઝ થશે

# રાજકુમાર રાવ-શ્રદ્ધા કપૂરની જોડી હવે ‘સ્ત્રી ૩’માં ધૂમ મચાવશે




### ફ્રેન્ચાઇઝીના ત્રીજા ભાગમાં રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે અને તેનું નિર્દેશન અમર કૌશિક કરશે

રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂર સ્ટારર સ્ત્રી-૨ બ્લોકબસ્ટર હતી. હવે આ જોડી સ્ત્રી ૩ માં પણ જોવા મળશે. રસપ્રદ વાત એ છે કે સ્ટ્રી ૩ની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂર સ્ટારર ‘સ્ત્રી ૨’ વર્ષ ૨૦૨૪ની બ્લોકબસ્ટર ફિલ્મ છે. આ હોરર કોમેડીને દર્શકોએ ઘણો પ્રેમ આપ્યો અને આ સાથે જ ફિલ્મે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી. ચાહકોને મોટી ભેટ આપતાં ‘સ્ત્રી ૨’ના નિર્માતાઓએ ‘સ્ત્રી ૩’ની રિલીઝ ડેટ પણ જાહેર કરી દીધી છે. ‘સ્ત્રી ૨’ની બમ્પર સફળતા પછી, નિર્માતાઓએ આ હોરર-કોમેડી ફિલ્મના ત્રીજા ભાગની રિલીઝ તારીખની જાહેરાત કરી છે. ફ્રેન્ચાઈઝીના ત્રીજા ભાગમાં રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે અને તેનું નિર્દેશન અમર કૌશિક કરશે. ‘સ્ત્રી ૩’ ૨૦૨૭માં રિલીઝ થશે. મેડૉક ફિલ્મ્સ દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર, ‘સ્ત્રી ૩’ ૧૩ ઓગસ્ટ, ૨૦૨૭ના રોજ મોટા પડદા પર રિલીઝ થશે.આ સાથે, મેડૉક સુપરનેચરલ યુનિવર્સના અધિકૃત નિર્માણ સ્ટુડિયોએ પણ ‘શક્તિ શાલિની’, ‘ભેડિયા ૨’ અને ‘ચામુંડા’ સહિત ઘણી વધુ રાહ જોવાતી ફિલ્મોની રિલીઝ તારીખોની જાહેરાત કરી છે.‘સ્ત્રી ૨’ અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનાર હિન્દી ફિલ્મોમાંથી એક છે. આ ફિલ્મે ભારતમાં ૫૯૧.૯૫ કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યુ છે. વર્લ્ડવાઈડ ફિલ્મે ૮૪૦.૧૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. તમને જણાવી દઈએ કે સ્ત્રી ૨ની વાર્તા ચંદેરી શહેર પર આધારિત છે જેમાં લોકો સિરકટેના આતંકથી પરેશાન છે. અક્ષય કુમારે પણ સ્ત્રી ૨ માં કેમિયો કર્યો છે. જે બાદ એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે આગામી સ્ત્રી ૩માં પણ ખિલાડી કુમાર મહત્વની ભૂમિકામાં જોવા મળી શકે છે. આ રોમાંચક હોરર-કોમેડી ફ્રેન્ચાઈઝીમાં આગળ શું થશે તેની ચાહકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

### કાર્તિક આર્યન ધીમે ધીમે સફળતાની સીડીઓ ચઢી રહ્યો છે

# કાર્તિક આર્યનએ મુંબઈમાં બે નવી પ્રોપર્ટી ખરીદી

કાર્તિક આર્યન પોતાની પ્રોફેશનલ લાઈફને લઈને સમાચારોમાં રહે છે. હવે તે કરણ જોહર સાથે ફિલ્મ કરવા જઈ રહ્યો છે. ભૂલ ભુલૈયા ૩ ની શાનદાર સફળતા બાદ કાર્તિક આર્યન ધીમે ધીમે સફળતાની સીડીઓ ચઢી રહ્યો છે. દરમિયાન, અભિનેતાએ તાજેતરમાં તેના રિયલ એસ્ટેટ પોર્ટફોલિયોમાં વધુ બે નવી મિલકતો ઉમેરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કાર્તિકે મુંબઈમાં બે નવી પ્રોપર્ટી ખરીદી છે.હાલમાં જ કાર્તિક આર્યનએ કરણ જોહર સાથે ફિલ્મ કરવાની જાહેરાત કરી છે. તેણે રોમેન્ટિક કોમેડી ફિલ્મ તુ મેરી મેં તેરા, મેં તેરા તુ મેરી સાઈન કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કાર્તિક આર્યનએ આ ફિલ્મ માટે તેની ફી વધારીને ૫૦ કરોડ રૂપિયા કરી દીધી છે. સમીર વિદ્વાંસ આ ફિલ્મનું નિર્દેશન કરશે. એક અહેવાલ મુજબ, કાર્તિક આર્યન પીઢ નિર્માતા આનંદ પંડિતની મદદથી



રિયલ એસ્ટેટમાં તકો શોધી રહ્યો છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી આનંદ પંડિત સાથે જોડાયેલા લોકો અભિનેતાને અંધેરીમાં બે પ્રોપર્ટી બતાવી રહ્યા છે. તેની પાસે રહેણાંક અને વ્યવસાયિક જગ્યા છે જે ૨૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલી છે.જોકે, કાર્તિક આર્યન અને તેની ટીમ તરફથી આ અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. ફિલ્મોની સાથે, કાર્તિક આર્યન પણ ઝડપથી રિયલ એસ્ટેટ માર્કેટમાં તેની પહોંચ અને ઓળખ વધારી રહ્યો છે. તેમનો પ્રોપર્ટી પોર્ટફોલિયો ઝડપથી વધી રહ્યો છે. જુહુમાં તેની પાસે બે મોટા એપાર્ટમેન્ટ છે જેની કિંમત ૧૭ કરોડ રૂપિયાથી વધુ છે. તેણે એક ભાડે આપ્યું છે. તેમની ઓફિસ વીરા દેસાઈમાં છે. કાર્તિક આર્યનનું વર્સોવામાં એક એપાર્ટમેન્ટ પણ છે. તમને જણાવી દઈએ કે કાર્તિક આર્યન શરૂઆતના દિવસોમાં પેઈંગ ગેસ્ટ તરીકે આ વિસ્તારમાં રહેતો હતો.

### મલાઈકા અરોરા માટે વીતેલું વર્ષ પડકારોથી ભરેલું રહ્યું હતું

# વીતેલા વર્ષમાં દુઃખી રહેલી મલાઈકાએ નવા વર્ષની મોજીલી શરૂઆત કરી

મલાઈકા અરોરા માટે વીતેલું વર્ષ પડકારોથી ભરેલું રહ્યું હતું. હમસફર અર્જુન કપૂર સાથે બ્રેક અપ ઉપરાંત મલાઈકાએ પિતા પણ ગુમાવ્યા હતા. મલાઈકાએ વીતેલા વર્ષની વસમી યાદોને વાગોળવાના બદલે ઉત્સાહ સાથે નવા વર્ષને આવકાર્યુ છે. મલાઈકાએ સોશિયલ મીડિયા પર બે અલગ-અલગ પોસ્ટમાં ભૂતકાળની તકલીફો અને ભવિષ્યની આશાઓ વર્ણવી હતી. ૨૦૨૪ના વર્ષની છેલ્લી પોસ્ટમાં મલાઈકાએ જણાવ્યુ હતું કે, ૨૦૨૪ને હું નફરત સાથે જોઈ શકું નહીં. આ વર્ષ ઘણું મુશ્કેલીવાળુ હતું. આ વર્ષે ઘણા બધાં પડકાર હતા, બદલાવ આવ્યા, પરંતુ ઘણું બધું શીખવા મળ્યું. વીતેલા વર્ષે મને સમજાવ્યું કે, આંખના પલકારામાં જીવન બદલાઈ શકે છે. આ સાથે પોતાના પર વિશ્વાસ રાખવાનું મહત્ત્વ પણ સમજાવ્યું. મલાઈકાએ વધુમાં પોતાની ભૂલનો સ્વીકાર કરતી



પોસ્ટમાં કહ્યું હતું કે, ફિઝિકલ, મેન્ટલ અને ઈમોશનલ હેલ્થ ખૂબ જરૂરી છે. ઘણી બધી ઘટના એવી બની, જે આજ સુધી સમજાઈ નથી. સમય પસાર થવાની સાથે આ ઘટનાઓ બનવાનું કારણ પણ સમજાશે. વીતેલા વર્ષના છેલ્લા દિવસે પોતાની તકલીફો પર મનોમંથન કરનારી મલાઈકાનું નવું સ્વરૂપ નવા વર્ષના પહેલા દિવસે જોવા મળ્યું હતું. મલાઈકાએ પોસ્ટમાં જણાવ્યું હતું કે, તે ચિંતામુક્ત અને ખુશ છે. નાણાં કમાઈ રહી છે, કામ પર ધ્યાન આપે છે. પોતાની રીતે જ આનંદમાં રહેવાનું અને આગળ વધવાનું શીખી રહી છે. નિરાશાને ખંખેરીને આગળ વધવાનો વિશ્વાસ પોતાની જાત પર ભરોસો રાખવાથી જ આવ્યો હોવાનું મલાઈકાએ અગાઉની પોસ્ટમાં કહ્યું હતું. હવે નવી પોસ્ટમાં તેણે આત્મવિશ્વાસની ચમત્કારિક અસર અંગે વાત કરીને મોજમાં રહેવાનું જણાવ્યું છે.

### માત્ર 30 કરોડના બજેટમાં બનેલી ફિલ્મ 37.33 કરોડની કમાણી તો કરી ચૂકી છે

# કમાણીમાં ૧૧મા દિવસે ૫૪૦૦ ટકાનો વધારો

### પ્રભાસ, યશ-અલ્લુ અર્જુન પછી ઉન્ની મુકુંદન નવો પેન ઇન્ડિયા સ્ટાર બનવા જઈ રહ્યો છે

પ્રભાસ, યશ અને અલ્લુ અર્જુન પછી ઉન્ની મુકુંદન નવો પૅન ઈન્ડિયા સ્ટાર બનવા જઈ રહ્યો છે. તેની તાજેતરમાં આવેલી મલયાલમ ફિલ્મ ‘માર્કો’એ ૧૧ દિવસમાં ૩૭.૩ની કમાણી કરી છે, તેમાંથી હિન્દી ડબ્ડ વર્ઝનને ૨.૫૩ કરોડની આવક થઈ છે. આ ફિલ્મે ૧૧મા દિવસે ૩૦ ડિસેબરે, બીજા સોમવારે બોક્સ ઓફિસ પર ૧.૬ કરોડની કમાણી કરી હતી. જે તેના આગળના દિવસ એટલે કે રવિવાર કરતાં ૪૮ ટકા ઓછી હતી, રવિવારે ફિલ્મે ૩.૧ કરોડની કમાણી કરી હતી. આ બધાં આકડાઓમાં મહત્વની વાત એ છે કે હિન્દી ફિલ્મે પહેલા દિવસ કરતાં ૫૪૦૦ ટકા વધુ કમાણી કરી છે. માર્કોના હિન્દી વર્ઝનને પહેલાં દિવસે ૦.૦૧ કરોડની કમાણી થઈ હતી. આ નબળી શરૂઆત પછી લોકોએ એટલો સારો પ્રતિસાદ આપ્યો કે સામે ‘પુષ્પા ૨’ જેવી સાઉથની મજબૂત ફિલ્મ ચાલતી હોવા છતાં આ ફિલ્મે છેક ૧૧મા




દિવસે ૦.૫૫ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મ ૩૦ કરોડના બજેટમાં બની હતી અને અત્યાર સુધીમાં ૩૭.૩૩ કરોડનો વકરો કરી ચૂકી છે, જેમાં ૨૪.૩૩ ટકાનો નફો થયો છે અને જો તેની વર્લ્ડ વાઈડ કમાણીની વાત કરવામાં આવે તો આ ફિલ્મે ગ્લોબલી ૭૨ કરોડની કમાણી કરી છે. આ સાથે ‘માર્કો’એ સૌથી વધુ કમાણી કરનાર ટોપ ટેન મલિયાલમ ફિલ્મોની યાદીમમાં સ્થાન બનાવી લીધું છે. આ ફિલ્મ ‘સુક્શ્મદર્શિની’ને પાછળ રાખીને ૯મી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની છે.

### વિવેક અગ્નિહોત્રીએ તેમની બહુપ્રતિક્ષિત ફિલ્મનો વીડિયો શેર કર્યો

# ‘ધ દિલ્હી ફાઇલ્સ’ ની ફ્રેમ હત્યાકાંડનું સત્ય ખોલશે

### ‘ધ કાશ્મીર ફાઇલ્સ’ હોય કે ‘વેક્સીન વોર’, દિગ્દર્શક દર્શકો સમક્ષ શાનદાર ફિલ્મો રજૂ કરી રહ્યા છે

વિવેક અગ્નિહોત્રીએ તેમની બહુપ્રતિક્ષિત ફિલ્મ ધ દિલ્હી ફાઈલ્સનો બીટીએસ વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં વિવેક તેના સેટનું વાતાવરણ બતાવતો જોવા મળ્યો હતો. તે એ પણ બતાવ્યું કે ટીમ ફિલ્મ બનાવવામાં કેટલી વ્યસ્ત છે.‘ધ દિલ્હી ફાઈલ્સ’ના ડિરેક્ટર વિવેક રંજન અગ્નિહોત્રીએ તેના ચાહકો સાથે એક ઝલક શેર કરી કે તે કેવી રીતે આગામી ફિલ્મ ‘ધ દિલ્હી ફાઈલ્સ’નું શૂટિંગ કરી રહ્યો છે, જ્યારે તેણે પડદા પાછળની એક ઝલક બતાવી ટીમે તેના બદલે કહ્યું કે દરેક ફ્રેમ, દરેક વાર્તા અને વિગત તમારી સમક્ષ હિંદુ નરસંહારનું અકથિત સત્ય રજૂ કરશેઈન્સ્ટાગ્રામ પર ‘ધ દિલ્હી ફાઈલ્સ’નો પડદા પાછળનો વીડિયો શેર કરતા વિવેક રંજને કેપ્શનમાં લખ્યું, ‘દરેક ફ્રેમ, દરેક સ્ટોરી, ડિટેલ - હિન્દુ નરસંહારનું અકથિત સત્ય તમારી સમક્ષ કહેવા અને રજૂ કરવા






માટે દિવસ-રાત કામ કરી રહ્યો છું. અમારી ટીમના જુસ્સા, સમર્પણ અને અથાક પ્રયત્નોથી બનાવેલ છે. દિલ્હી ફાઈલ્સ એક ફિલ્મ કરતાં વધુ છે, તે શાંત લોકોને અવાજ આપવાનું એક મિશન છે. દિલ્હી ફાઈલ્સ ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ રિલીઝ થઈ રહી છે. વીડિયોમાં શૂટિંગ દરમિયાન સમુદ્રનું વાતાવરણ જોવા મળે છે. જેમાં દિગ્દર્શક સંપૂર્ણ સમર્પણ સાથે ટીમ સાથે કામ કરતા જોવા મળે છે. તે જ સમયે, તેમની ટીમ સાથે સ્ટાર્સ તેમના પાત્રોમાં ડૂબેલા જોવા મળ્યા હતા. વિવેક રંજન અગ્નિહોત્રીની ગણતરી ઉદ્યોગના એવા દિગ્દર્શકોમાં થાય છે, જેઓ ગંભીર મુદ્દાઓ પર ઉત્તમ અને અનુભવી કલાકારો સાથે ફિલ્મને પોતાની શૈલીમાં આકાર આપે છે.‘ધ કાશ્મીર ફાઈલ્સ’ હોય કે ‘વેક્સીન વોર’, દિગ્દર્શક દર્શકો સમક્ષ શાનદાર ફિલ્મો રજૂ કરી રહ્યા છે.

# અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ' યોજાયો




। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ' (ભારતીય માનક મેળા) યોજવામાં આવ્યો. આ કાર્નિવલ વિજ્ઞાન શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટ-ાન્ડર્ડ્સ અમદાવાદ, સાયન્સ સિટી, અમદાવાદ અને ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરવામાં આવ્યો હતો.

કાર્નિવલના ઉદ્‌ઘાટન સમારંભમાં સાયન્સ અને ટેકનોલોજી વિભાગનાં અગ્ર સચિવ સુશ્રી મોના ખંધારે જણાવ્યું હતું કે, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સના ૭૮મા સ્થાપના દિવસના ઉપલક્ષ્યમાં સાયન્સ સિટી ખાતે 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને અત્યારથી સ્ટાન્ડર્ડ્સનું શું મહત્ત્વ છે? સ્ટાન્ડર્ડ્સ કેમ જરૂરી છે? તેમજ વિજ્ઞાન, ટેક્નોલોજી અને રોજિંદા જીવનમાં સ્ટાન્ડર્ડ્સ કેટલા ઉપયોગી છે, તેની સમજ બાળકોમાં અત્યારથી કેળવાય એ માટે આ 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ થકી બાળકોમાં ખૂબ સારી સમજ કેળવાશે, એવું તેમણે ઉમેર્યું હતું.

આ આયોજન બદલ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સને અભિનંદન પાઠવતાં સુશ્રી મોના ખંધારે કહ્યું કે, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ એ અત્યાર સુધીમાં ૨૫૦૦૦ જેટલા સ્ટાન્ડર્ડ્સ બનાવ્યા છે. આ ઉપરાંત હાલમાં પણ જ્યા જરૂર છે ત્યાં ઝડપ થી ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ બનાવવાની પ્રકિયા ચાલી રહી છે. સાયન્સ સિટી ખાતે આયોજિત 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ'માં સ્વાગત પ્રવચન આપતા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ અમદાવાદના ડાયરેક્ટર શ્રી સુમિત સેંગરે જણાવ્યું હતું કે, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સનો ૬ જાન્યુઆરીએ ૭૮મો સ્થાપના દિવસ છે, એના ઉપલક્ષ્યમાં 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને માનક અને ગુણવત્તા પ્રત્યે જાગૃત કરવાનો છે, કેમ કે આ વિદ્યાર્થીઓ જ્યારે દેશનું ભવિષ્ય સંભાળશે ત્યારે તેઓ અગાઉથી માનક અને ગુણવત્તાના તમામ પાસાંઓથી અવગત હશે. આ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો ૨૦૪૭માં વિકસિત ભારતનો જે સંકલ્પ છે, એમાં આ પહેલ ઉપયોગી સાબિત થશે, એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, બીઆઈએસએ શૈક્ષણિક સંસ્થાઓમાં 'સ્ટાન્ડર્ડ ક્લબ'ની રચના કર્યા બાદ શિક્ષકો અને વિદ્યાર્થીઓને સભ્યો તરીકે સામેલ કરીને તેમજ યુવાનોને ગુણવત્તા માટે બ્રાન્ડ એમ્બેસેડર બનાવીને ગુણવત્તા વિશે જાગૃતિ લાવવા માટે એક પ્રશંસનીય પહેલ હાથ ધરી છે. આ પહેલ અંતર્ગત સાયન્સ સિટી ખાતે બીઆઈએસ સ્ટાન્ડર્ડ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્નિવલમાં ઈન્ટરેક્ટિવ એક્ઝિબિશન, એક્ટિવિટીઝ, કોમ્પિટિશન અને અવરેનેસ સેશન પણ યોજાયા હતા, જેમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક અનુભવ મળ્યો હતો.

સાયન્સ સિટીમાં આયોજિત આ કાર્નિવલમાં સમગ્ર ગુજરાતમાંથી ૨૪ સ્કૂલના ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. આ કાર્નિવલમાં વિદ્યાર્થીઓને ઉદ્યોગની વાસ્તવિક દુનિયાની પ્રક્રિયાઓ અને ગુણવત્તા વ્યવસ્થાપનને સમજવાની તક પ્રાપ્ત થઇ હતી, જે વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી સાબિત થશે.

આ કાર્યક્રમમાં ગુજરાત કાઉન્સિલ સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી સુધીર કે. પટેલ, ગુજકોસ્ટના એડવાઈઝર શ્રી ડૉ. નરોત્તમ શાહુ, કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટરના ડાયરેક્ટર શ્રીમતી નંદિતા મહેતા તેમજ શાળાના શિક્ષકો, પ્રિન્સિપાલ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વાપીમાં કચ્છી જૈન સમાજના ટ્રેડ ફેરનું ઉદઘાટન કરાયુ



। વાપી, તા.૪ ।

વાપીના કચ્છી જૈન સમાજ દ્વારા જીઆઈડીસીમાં સ્થિત રોફેલ કોલેજના મેદાન પર તા.૩, ૪ અને ૫ જાન્યુ. સુધી યોજાનાર ટ્રેડ ફેરનું રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ ટ્રેડ ફેરમાં વલસાડ-વાપી, મુંબઈ, સુરત, સુરેન્દ્રનગર, રાજકોટ અને કચ્છના કુલ ૧૪૨ સ્ટોલધારકો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. જેમાં ગૃહ ઉદ્યોગ ચલાવનાર સૌથી વધુ મહિલા વિક્રેતાઓ છે, તેઓને આ પ્લેટફોર્મ દ્વારા પોતાની પ્રોડક્ટના વ્યાજબી દરે વેચાણ માટે માર્કેટ મળી રહેશે. ટ્રેડ ફેરના ઉદઘાટન સમારોહ પ્રસંગે રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, આઝાદીની લડતમાં કચ્છી સમાજનું બહુમૂલ્ય યોગદાન છે. સમાજના આ વિરલાઓને આજે યાદ કરવા જરૂરી છે. પહેલા એવુ કહેવાતું હતું કે, કોઈ અધિકારી - કર્મચારી બરાબર કામ ન કરે તો તેની કચ્છમાં બદલી કરી દેવાતી પરંતુ આજે કચ્છ એવુ ડેસ્ટિનેશન બન્યું છે કે, ત્યાં જવુ આજે લોકોને ગમે છે. જેનો શ્રેય આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. વર્ષ ૨૦૦૧ના ભયાનક ભૂંકપ પછી કચ્છના નવનિર્માણ માટે મોદીજીએ ભગીરથ પ્રયાસ કરી અનેકવિધ આયોજન કર્યા હતા. ખાસ કરીને કચ્છની સંસ્કૃતિ, કુટિર ઉદ્યોગ અને કલાનું સંવર્ધન કર્યુ છે. આજે કચ્છ ખેતીવાડી અને ઊર્જા ક્ષેત્રે પણ નંબર વન બનવા જઈ રહ્યુ છે. કચ્છમાં નર્મદાનું પાણી પહોંચતા ખેતીની આવક ઉભી થઈ છે. મહેનતુ કચ્છી સમાજ અભિનંદનને પાત્ર છે. વાપીમાં હોસ્પિટલ, સ્કૂલ- કોલેજના વિકાસ માટે પણ આ સમાજ અગ્રેસર છે. આ સમાજ વાપીની ધરતી પર સમરસ સમાજ બનાવી રહ્યો છે. અહીં આયોજિત ટ્રેડ ફેરમાં અનેકવિધ ઉત્પાદનો દ્વારા વેપારીઓ અને ગ્રાહકોને સુંદર બજાર મળી રહેશે. મંત્રીશ્રીનું કચ્છી પરંપરા મુજબ સમાજના આગેવાનોએ કુમકુમ તિલક કરી બહુમાન કર્યુ હતું. આ અવસરે મંત્રીશ્રીએ વાપી અને કચ્છી સમાજના વિકાસ માટે અમૂલ્ય યોગદાન આપનાર સ્વર્ગીય એન.વી.ઉકાણીને પણ યાદ કર્યા હતા. ટ્રેડ ફેરમાં ભાગ લેનાર વેપારીઓને શુભેચ્છાઓ પાઠવતા મુખ્ય સ્પોન્સર તરલાબેન છેડાએ જણાવ્યું કે, ત્રીજી વખત આયોજિત આ ટ્રેડ ફેરમાં સહકાર માટે વાપી કચ્છી જૈન સમાજનો આભાર માનું છું. સ્પર્ધાથી ડરવાની જરૂર નથી પરંતુ ક્વોલિટી સુધરશે. કોમ્યુનિકેશન સ્કિલ અપગ્રેડ થશે. પ્રોડક્ટના ભાવ વિશે ધ્યાન રાખશો તો ધંધો ફુલશે ફાલશે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભારત મેડિકલ એક્સેલન્સ એવોર્ડ સમારંભમાં ઉપસ્થિત રહ્યા

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે ભારત મેડિકલ એક્સેલન્સ એવોર્ડ સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીના હસ્તે મેડિકલ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનારા અને વિશેષ કામગીરી કરનારા ગુજરાતના ખ્યાતનામ ડોક્ટર્સનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌ એવોર્ડ વિજેતા ડોક્ટર્સને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષ્માન કાર્ડ આપીને ગરીબ અને મધ્યમ વર્ગને આરોગ્ય સુરક્ષા કવચ પૂરું પાડ્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં આજે સમાજને નિરામય રાખવા માટે યોગથી આયુષ્યમાન સુધીના પ્રકલ્પો અમલી બનાવવામાં આવ્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આજે વૈશ્વિક સ્તરે આપણી નોંધ લેવાઈ રહી છે. આપણી વિરાસત અને સંસ્કૃતિનું સંવર્ધન થઈ રહ્યું છે. આજે સરકારી હોસ્પિટલોમાં ઉચ્ચ કક્ષાની આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ છે. સ્વસ્થ સમાજ અને સ્વસ્થ રાષ્ટ્ર થકી વિકસિત ભારત બનાવવાનો વડાપ્રધાનશ્રીનો લક્ષ્યાંક છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આજે પણ સમાજમાં ઘણા તબીબો નિઃસ્વાર્થ ભાવે સેવા કરી રહ્યા છે. સાથે જ, તેમણે જરૂરતમંદ વ્યક્તિઓ પ્રત્યે સંવેદના સ્પર્શી અભિગમ અપનાવવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, મહામારીના કપરાં સમયમાં ઘણાં તબીબોએ રાત દિવસ જોયા વિના નિઃસ્વાર્થ ભાવે લોકોની સેવા કરી હતી. કોવિડ મહામારી દરમિયાન સોશિયલ મીડિયાના માધ્યમથી સમાજમાં જાગૃતતા ફેલાવવાનું કાર્ય DNS ટોક્સ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આજે રાજ્યમાં



તબીબી સુવિધાઓ અને મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સતત વિકાસ પામી રહ્યું છે. PMJAY યોજનામાં રાજ્યમાં ૫ લાખની સહાય વધારીને ૧૦ લાખ કરવામાં આવી છે. આ યોજનામાં ૨૫૦૦થી વધુ એમ્પેનલ્ડ હોસ્પિટલ છે, જેના લીધે ગરીબ અને છેવાડાના વિસ્તારોમાં પણ લોકોને ગંભીર બીમારીઓમાં વિનામૂલ્યે સારવાર મળી રહે છે.

સાથે જ, તેમણે ડાયાલિસિસ સેન્ટર, કોકલિયર ઈમ્પ્લાન્ટ સેવા, નવી શરૂ થનાર મેડિકલ કોલેજ, કુપોષણ નાબૂદી કાર્યક્રમો, સિવિલ મેડીસિટીમાં ઉપલબ્ધ સેવાઓ અને નવીન પ્રકલ્પો, ૧૦૮ સેવા સહિતની રાજ્ય સરકારની આરોગ્ય સેવાઓ અને ઉપક્રમો વિશે વિગતો પૂરી પડી હતી.

ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના પ્રેસિડન્ટ ઈલેક્ટ ડો. અનિલ નાયકે આ પ્રસંગે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આજે રાજ્ય સર્વાંગી વિકાસ સાધી રહ્યું છે. તબીબી ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનારા રાજ્યના ખ્યાતનામ ડોક્ટર્સનું સન્માન કરવાનો આ પ્રસંગ તબીબી ક્ષેત્ર અને સમાજમાં તેમના યોગદાનને મૂલવવાનો એક અનેરો પ્રયાસ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે DNS ટોક્સના ફાઉન્ડર ડો. નેહલ સાધુએ સ્વાગત પ્રવચન કરતા DNS ટોક્સના આરંભ, તેની કામગીરી અને આજના એવોર્ડ સમારંભ વિશે વિસ્તારપૂર્વક વિગતો પૂરી પાડી હતી.

આ પ્રસંગે પદ્મ શ્રી ડો. સુધીર શાહ, જાણીતા ગાયનેકોલોજિસ્ટ ડો. મુકેશ બાવીસી, મીડિયા પર્સન અને કાર્યક્રમના આયોજક શ્રી રિયા ગજ્જર, ખ્યાતનામ ડોક્ટર્સ અને તબીબી જગત સાથે સંકળાયેલી સંસ્થાના પ્રતિનિધિઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# વાપીમાં ક્રેડાઈ દ્વારા આયોજિત ત્રિદિવસીય પ્રોપર્ટી એક્સ્પોનું રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ઉદઘાટન કરાયુ

। (માહિતી) વાપી, તા.૪ ।

વાપી, વલસાડ અને સેલવાસ ક્રેડાઈ દ્વારા વાપીના વીઆઈએ ગ્રાઉન્ડ પર તા. ૩, ૪ અને ૫ જાન્યુ. ના રોજ આયોજિત ત્રિદિવસીય પ્રોપર્ટી એક્સ્પો- ૨૦૨૫નું રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના વરદહસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. કુલ પાંચ ડોમમાં વલસાડ, વાપી, દમણ અને સેલવાસના કુલ ૨૨ બિલ્ડરોના અંદાજે ૨૦૦ પ્રોજેક્ટના સ્ટોલ લોકો માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, આપણે સૌ સાથે મળી વાપીનો વિકાસ કરી રહ્યા છે, જેથી જે પણ ઉપલબ્ધિ મળે છે તે આપણા બધાની છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સસ્તા ભાવે ઘર મળી તે માટે ક્રેડાઈના મેમ્બરો સુંદર સેવા આપી રહ્યા છે. જે બદલ સમગ્ર એસોસિએશન અભિનંદનને પાત્ર છે. વાપી મહાનગરપાલિકા બનતા આસપાસના ગામોમાં રોડ, ગટર અને પાણી સહિતના અનેક પ્રશ્નનો ઉકેલ આવશે. વાપીને મનપા બનાવવા માટે સહકાર આપનાર તમામ ગામોના સરપંચો અને ગ્રામજનોનો આભાર વ્યક્ત કરૂ છું. આ તબક્કે ચોક્કસ ખાતરી આપુ છું કે, આ ગામોનો વધુમાં વધુ વિકાસ કરીશું.



જિલ્લા વહીવટી તંત્ર સાથે મળી આપણે સૌ વાપીના વિકાસ માટે સુંદર આયોજન કરી સમગ્ર એશિયામાં વાપીને સુંદર નગર બનાવીશુ. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત સરકારે સુરતને ગ્રોથ હબ બનાવવાનો નિર્ણય લઈ રોડ મેપ તૈયાર કર્યો છે. ભરૂચથી લઈને ઉમરગામ સુધીનો સમગ્ર વિસ્તારને વિકસાવાશે. વાપીના ડુંગરા ખાતે બુલેટ ટ્રેનનું સ્ટેશન પણ આવી રહ્યુ છે જેથી વિકાસને વધુ વેગ મળશે. સમગ્ર ભારતમાં પાંચ શહેરની પસંદગી થઈ છે. જેમાં ગુજરાતમાંથી એક માત્ર સુરતની પસંદગી થઈ છે જે આપણા સૌ માટે ખુશીની વાત ગણાય છે. વાપી ક્રેડાઈના પ્રમુખ બીપીન વાણીયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, ઘણા સમયથી વાપીમાં પ્રોપર્ટી એક્સ્પોના આયોજન અંગે તૈયારી ચાલતી હતી.

# પીએમ શ્રી યોજના હેઠળ એસ્પિરેશનલ નર્મદા જિલ્લાના વિદ્યાર્થીઓને મળશે ગુણવત્તા યુક્ત અને અદ્યતન સુવિધાયુક્ત શિક્ષણ

। નર્મદા, તા.૪ ।

પીએમ શ્રી યોજના હેઠળ ગુજરાત રાજ્ય સહિત એસ્પિરેશનલ નર્મદા જિલ્લાના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને અદ્યતન સુવિધાયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરીને બાળકોના શૈક્ષણિક ઉત્કર્ષની દિશામાં સરકારે પરિણામલક્ષી પ્રયાસો આદર્યા છે. પીએમ શ્રી યોજના અંતર્ગત ગુજરાત રાજ્યમાં જવાહર નવોદય વિદ્યાલય અને કેન્દ્રિય વિદ્યાલય સહિત કેન્દ્ર-રાજ્ય, કેન્દ્રશાસિત અને જિલ્લા પંચાયતની શાળાઓમાં ગુણવત્તા યુક્ત શિક્ષણ અને અદ્યતન ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રકચરનું નિર્માણ અંદાજિત ૧૪૫૦૦ શાળાઓમાં કરવામાં આવી રહ્યું છે. બાળકોને વિવિધ વિષયોનું પ્રેક્ટિકલ જ્ઞાન પણ આપવામાં આવશે. જેમાં વીઆર હેડસેટ, બહુભાષી પેન ટ્રાન્સલેટર, વિડિયો રેકોર્ડિંગ લેબ અને સ્પોર્ટ્સની રમતો માટે સારું કોમ્પ્લેક્સ પણ તૈયાર કરવામાં આવશે.

આ સાથે યોજના હેઠળ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે અભ્યાસ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવશે. નોંધનીય છે કે, અહીં અભ્યાસ કરતા બાળકોને પર્યાવરણહિતેષી અભિગમ સાથે કેળવવામાં આવશે. જેમાં કિચન ગાર્ડન, સોલર પેનલ, જળ સંરક્ષણ, ઘન કચરા વ્યવસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપન સહિતના વિવિધ સામાજિક જવાબદારીઓ તથા નૈતિક જવાબદારીઓ અંગે જાગૃતિ કેળવવાનો પણ ઉમદા આશય અને ધ્યેય સાથે નર્મદા જિલ્લાના પાંચેય તાલુકામાં પીએમ શ્રી શાળાઓ કાર્યરત થઈ છે.

# મુકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને ઓલપાડ તાલુકાના મીંઢી ગામે જિલ્લા કક્ષાની પશુપાલન તાલીમ શિબિર અને પ્રદર્શન યોજાય

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

ઓલપાડ તાલુકાના મીંઢી ગામે સોંદલાખારા વિભાગ દૂધ અને શાકભાજી વેચાણ સહકારી મંડળી લિ.ના સહયોગથી જિલ્લા પંચાયત પશુપાલન શાખા અને ઓલપાડ પશુ દવાખાનાના સંયુક્ત ઉપક્રમે વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની પશુપાલન તાલીમ શિબિર અને પ્રદર્શન યોજાયું હતું.

શિબિરમાં મોટી સંખ્યામાં પશુપાલકો-ખેડૂતોએ વૈજ્ઞાનિક ઢબે પશુપાલન માટે માર્ગદર્શન મેળવ્યું હતું. વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવા માટેના મુખ્ય ચાર આધાર સ્તંભ એવા પશુ પસંદગી, પશુ સંવર્ધન, પશુ આરોગ્ય, પશુપોષણ અને માવજત સહિતના મુદ્દે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાયું હતું. મંત્રીના હસ્તે લાભાર્થી પશુપાલકોને પાવરડ્રીવન ચાફકટરનું વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે વનમંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઓલપાડ તાલુકો ખેતી સાથે પશુપાલનમાં અગ્રેસર છે. ઓલપાડ તાલુકામાં વર્ષે ૨૩૦ લાખ લીટર દૂધ વિવિધ દૂધમંડળીઓમાં ભરવામાં આવે છે. સુમુલ ડેરીમાં સુરત જિલ્લાના પશુપાલકો પ્રતિદિન ૧૭ થી ૧૮ લાખ લીટર દૂધ ભરે છે. ખેતીની ઓછી જમીન હોવા છતાં પશુપાલન થકી સ્વમાનભેર જીવન જીવી શકાય છે. પશુપાલનના વ્યવસાયે ખેતી પરની નિર્ભરતા ઘટાડી છે. મંત્રીશ્રીએ કહ્યું કે, પશુપાલન વ્યવસાયને એક માત્ર પૂરક વ્યવસાય તરીકે નહીં, પણ વ્યવસાય



બને તેવા સુદ્રઢ પ્રયાસો રાજ્ય સરકારે હાથ ધર્યા છે. જેના ભાગરૂપે શિક્ષિત યુવાનો પણ આ વ્યવસાયમાં જોડાઈ રહ્યા છે. તેમણે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા માટે પશુપાલકોને અનુરોધ કર્યો હતો. તેમણે સુમુલ ડેરી. પશુ દવાખાના અને સહકારી મંડળીઓના સહયોગથી અવારનવાર નિઃશુલ્ક પશુઆરોગ્ય કેમ્પો યોજવામાં આવે છે, ઉપરાંત જિલ્લા પંચાયત દ્વારા દુધાળા પશુ ખરીદવા માટે પશુ દીઠ રૂ.૧૦ હજારની સબસિડી મળે છે જેનો બહોળો લાભ લેવા જણાવ્યું હતું. રસ્તે રખડતા પશુઓથી જીવલેણ અકસ્માતો સર્જાય છે અને નિર્દોષ બાળકો, નાગરિકો તેનો ભોગ બનતા હોવાનું જણાવી મંત્રીશ્રીએ પોતાના પાલતું પશુઓને રસ્તે રઝળતા ન મૂકવા ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે પશુઓના આરોગ્ય ની જાળવણી અને પોતાના પશુઓને દવાખાના સુધી લાવવા-લઈ જવામાં પશુપાલકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા અમલી બનાવેલી નિઃશુલ્ક ૧૯૬૨ પશુ હેલ્પલાઈન સેવાનો ઉલ્લેખ કર્યો હતો. આ વેળાએ મંત્રીશ્રી પશુપાલકો સાથે સંવાદ કરી તેમના પ્રતિભાવો જાણ્યા હતા અને પ્રોત્સાહિત કર્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો. તમારા દ્વારા એકલપંડે લેવાયેલો નિર્ણય કોઈક સમસ્યા ઊભી કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દ્દઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. તમે જે હંમેશાં કરવા માગતા હતા.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપ વાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વેગ મળશે. તમને લાભ થવાની શક્યતા છે.

# દિલ્હી અને પંજાબમાં સીરિયલ બ્લાસ્ટ કરવાની પાક.ની યોજના, એલર્ટ જાહેર

### ગુપ્તચર વિભાગના આ મહત્વપૂર્ણ એલર્ટ બાદ દેશની તમામ ગુપ્તચર એજન્સીઓને પણ એલર્ટ કરી દેવામાં આવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

દેશની ગુપ્તચર એજન્સીઓએ નવા વર્ષમાં મહત્વનું આતંકવાદી એલર્ટ જાહેર કર્યું છે. ગુપ્તચર વિભાગને આતંકવાદી હુમલાના કાવતરા અંગે મહત્વની માહિતી મળી છે. એવા ઈનપુટ છે કે દિલ્હી અને પંજાબ પાકિસ્તાની એજન્સી ISI અને બાંગ્લાદેશના આતંકવાદીઓના નિશાના પર છે.ગુપ્તચર એજન્સીઓને ઈનપુટ મળ્યા છે કે પાકિસ્તાનમાં હાજર આઈએસઆઈ અને ઈસ્લામિક ટેરર ઓર્ગેનાઈઝેશન ભારતમાં શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ કરવાની યોજના બનાવી રહ્યા છે. ઈન્ટેલિજન્સ વિભાગના જણાવ્યા અનુસાર ઈસ્લામિક આતંકી સંગઠનો બાંગ્લાદેશની મદદથી ભારતમાં આતંકી હુમલા કરવાની યોજના બનાવી રહ્યા છે.ઈનપુટ અનુસાર, બાંગ્લાદેશ અને Pko સ્થિત આતંકી તત્વો ભારતના મોટા શહેરોને નિશાન બનાવવાની યોજના બનાવી રહ્યા છે. બાંગ્લાદેશના આતંકવાદી સંગઠનો પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના આતંકવાદી સંગઠનો સાથે મળીને નવી દિલ્હી, પંજાબ અને મેટ્રો શહેરોના વ્યસ્ત વિસ્તારોને નિશાન બનાવી શકે છે.ગુપ્તચર વિભાગના આ મહત્વપૂર્ણ એલર્ટ બાદ દેશની તમામ ગુપ્તચર એજન્સીઓને પણ એલર્ટ કરી દેવામાં આવી છે. દિલ્હી અને પંજાબ પર વિશેષ ધ્યાન રાખવા માટે કહેવામાં આવ્યું છે. નોંધનીય છે કે, આ પહેલા ડિસેમ્બર ૨૦૨૪માં ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ ભારતને ધમકી આપી હતી. તેણે એક વીડિયો જાહેર કરીને મહાકુંભને નિશાન બનાવવાની ધમકી આપી હતી.મહત્વનું છે કે, થોડા દિવસો પહેલા આસામ, કેરળ અને પશ્ચિમ બંગાળની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો. જેમાં ૧૨ આતંકવાદીઓ ઝડપાયા હતા, જેમાંથી એક બાંગ્લાદેશી પણ હતો.




## ન્યૂઝ બ્રિફ

### ઇઝરાયેલના હુમલામાં ગાઝામાં ૫૦નાં મોત

। (એજન્સી) ગાઝા સ્ટ્રિપ, તા.૪ ।

ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં ભારે હવાઈ હુમલો કરીને અનેક બાળકો સહિત ઓછામાં ઓછા ૫૦ લોકોને મારી નાખ્યા છે. આમાં હમાસના અનેક ટોચના નેતાઓને પણ નિશાન બનાવાયા છે. ઈઝરાયેલે જાહેર કરેલા માનવીય ઝોનમાં પણ હુમલા થયા છે. જોકે જાણવાની વાત એ છે કે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની ઓફિસમાંથી એવી માહિતી બહાર આવી છે કે કતારમાં યુદ્ધવિરામની ડીલ પાર પાડવા માટે મોસાદ સહિતની સંસ્થાઓને મંજૂરી આપી છે. ઈઝરાયેલ મીડિયાએ જણાવ્યું છે કે યુદ્ધવિરામ માટે પ્રતિનિધિમંડળ કતાર જવા ઉપડશે. ઉલ્લેખનીય છે કે ૧૫ મહિનાના યુદ્ધ દરમિયાન આ ચર્ચા અનેક વખત અટકી છે. ગાઝામાં અનેક સ્થળોએ ઈઝરાયેલે હુમલા કર્યા છે. જેમાં પોલીસકર્મીઓ સહિત ૫૦ લોકો મોતને ભેટ્યા છે. ઈઝરાયેલના લશ્કરે જણાવ્યું હતું કે ગાઝામાં આતંકીઓએ એક મિસાઈલ અને બે રોકેટ ઈઝરાયેલ તરફ છોડ્યું હતું. જોકે તેમાં કોઈને ઈજા નથી. લશ્કરના હેલિકોપ્ટરને નિશાન બનાવીને મિસાઈલ છોડવામાં આવી હતી. જોકે તેને આંતરી લેવાઈ છે. એ પછી હમાસમાં ૪૦ જેટલા સ્થળોને નિશાન બનાવીને હુમલા કરવામાં આવ્યા હતા.

### ભારતે માલદીવની મુઇઝુ સરકારને ઉથલાવાનું કાવતરું ઘડ્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

માલદીવના પ્રેસિડન્ટ મોહમ્મદ મુઈઝુની સરકાર ઉથલાવી પાડવાના નિષ્ફળ ષડયંત્રમાં ભારતના કનેક્શનનો દાવો કરતા વોશિંગ્ટન પોસ્ટના રીપોર્ટને ભારતે સખત શબ્દોમાં વખોડી કાઢ્યાં હતાં. આ વર્તમાનપત્રના બીજા રીપોર્ટમાં દાવો કરાયો હતો કે ભારતીય એજન્ટોએ પાકિસ્તાનમાં કેટલાંક આતંકી તત્વોને ખતમ કરવાનું ૨૦૨૧થી એક ઓપરેશન હાથ ધર્યું છે. ભારતે આ અહેવાલને પણ નકારી કાઢ્યો હતો. ભારતના વિદેશ મંત્રાલય ના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે અખબાર અને આ રિપોર્ટર ભારત પ્રત્યે દુશ્મનાવટનો ઉછેર કરી રહ્યું છે. તમે તેમની પ્રવૃત્તિઓમાં એક પેટર્ન જોઈ શકો છો. માલદીવ પરના તેના અહેવાલમાં વોશિંગ્ટન પોસ્ટ 'ડેમોક્રેટિક રિન્યુઅલ ઈનિશિયેટિવ' નામના દસ્તાવેજને ટાંકીને દાવો કર્યો હતો કે વિપક્ષી નેતાઓ મુઈઝુ સામે મહાભિયોગ લાવવા માટે ૪૦ સંસદસભ્યોને લાંચ આપવાની દરખાસ્ત કરી હતી. ઘણા મહિનાઓ સુધીની ગુપ્ત વાટાઘાટો પછી પણ કાવતરાખોરો પ્રેસિડન્ટ સામે મહાભિયોગ દરખાસ્ત લાવવાના પૂરતા મતો એકઠા કરી શક્યા ન હતાં. પાકિસ્તાનમાં ભારતના 'શેડો' ઓપરેશન અંગેના તેના અહેવાલમાં વોશિંગ્ટન પોસ્ટે પાકિસ્તાન અને પશ્ચિમી અધિકારીઓને ટાંકીને દાવો કર્યો હતો કે ભારતીય ગુપ્તચર એજન્સી રો પાકિસ્તાનમાં ઓછામાં ઓછા અડધો ડઝન આતંકીને ખતમ કરવા માટે ૨૦૨૧થી એક પ્રોગ્રામ ચલાવી રહી છે.

### ૨૦૨૧ની વસ્તી ગણતરી બાદ ગરીબીમાં ઘટાડાનું પ્રમાણ વધવાની શક્યતા છે

## દેશમાં ગરીબી ઘટી અને આવક વધી, મોંઘવારી પણ કાબૂમાં, એક રિપોર્ટમાં કરાયો દાવો

### જે ઘટી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૪.૮૬ ટકા થયો છે : તદુપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં શહેરોની તુલનાએ ગરીબીનું પ્રમાણ સૌથી વધુ ઘટ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ભારતનો ગરીબી રેશિયો છેલ્લા ૧૨ વર્ષમાં ૨૦ ટકાથી વધુ ઘટ્યો હોવાનો દાવો એસબીઆઈ રિસર્ચ રિપોર્ટમાં થયો છે. ૨૦૧૧-૧૨માં દેશમાં ગરીબીનો દર ૨૫.૭ ટકા હતો, જે ઘટી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૪.૮૬ ટકા થયો છે. તદુપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં શહેરોની તુલનાએ ગરીબીનું પ્રમાણ સૌથી વધુ ઘટ્યું છે. એસબીઆઈ રિસર્ચ રિપોર્ટ અનુસાર, દેશમાં ગરીબી ઘટવા પાછળનું કારણ આવકમાં વધારો છે. આવક વધતાં લોકોની ખરીદી શક્તિ વધી છે. પરિણામે ઘણા લોકો ગરીબી રેખાથી ઉપર આવ્યા છે. ૨૦૨૧ની વસ્તી ગણતરી બાદ ગરીબીમાં ઘટાડાનું પ્રમાણ વધવાની શક્યતા છે. ગરીબી દર ૪થી ૪.૫ ટકા આસપાસ રહી શકે છે. ગરીબીનું પ્રમાણ શહેરમાં ૪.૦૯ ટકા અને ગ્રામીણ વિસ્તારોમાં ૫ ટકાનો ઘટાડો થયો છે. શહેરી વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગ્રામીણ વિસ્તારોમાં ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી વધતાં લોકો સરળતાથી અન્ય શહેર-ગામમાં રોજગારી મેળવતા થયા છે.

### મહારાષ્ટ્રના પાલઘરમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી

## ડિલિવરી દરમિયાન હાર્ટ એટેક, માતા અને બાળકનું મોત થયું

### ગૂંચવણોને જોતાં તેને પાછળથી જોહરમાં સરકારી સંચાલિત પતંગશાહ કોટેજ હોસ્પિટલમાં રીફર કરવામાં આવી

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાની હોસ્પિટલમાં ડિલિવરી દરમિયાન ૩૧ વર્ષીય આદિવાસી મહિલાનું દુઃખદ અવસાન થયું, એક અધિકારીએ શુક્રવારે પુષ્ટિ કરી. મંગળવારે રાત્રે બનેલી આ ઘટનાએ દૂરના આદિવાસી વિસ્તારોમાં સગર્ભા માતાઓને થતા પડકારો અંગે ચિંતા વ્યક્ત કરી છે. દરેક વ્યક્તિને તેની ડિલિવરી દરમિયાન શું થશે તેની ચિંતા છે. આ ઘટના પહેલા પણ પ્રસૂતિ દરમિયાન મહિલાઓના મોત થયા હતા. પીટીઆઈના અહેવાલ મુજબ, વિક્રમગઢ તાલુકાના ગલટારે ગામની કુંતા વૈભવ પડવાલે તરીકે ઓળખાતી મહિલાને પ્રસૂતિની પીડા બાદ શરૂઆતમાં સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ગૂંચવણોને જોતાં તેને પાછળથી જોહરમાં સરકારી સંચાલિત પતંગશાહ કોટેજ હોસ્પિટલમાં રીફર કરવામાં આવી.

### ભારત સાથે સારા સંબંધો માટે યોગ્ય માહોલનું નિર્માણ કરવું જોઇએ

## સંબંધો સુધારવા બંને દેશની ઇચ્છાશક્તિ જરૂરી : પાક. મંત્રી

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૪ ।

પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડારે ભારત સાથેના સંબંધો સામાન્ય બનાવવા માટે જૂનું ગાણું ગાયું છે. તેમણે કહ્યું હતું કે, સારા સંબંધો માટે પરસ્પર ઈચ્છાશક્તિ જરૂરી છે. તાળી બન્ને હાથથી પડાય છે તેમ જણાવતાં તેમણે ગુરુવારે જણાવ્યું હતું કે, પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝની સરકારે ગયા વર્ષે સત્તા સંભાળી ત્યારથી પાકિસ્તાને સંબંધો સુધારવાની દિશામાં પ્રયાસ કર્યા છે. ભારતીય વિદેશ મંત્રાલય એ ભારત સાથેના દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવા પર પાકિસ્તાનના વિદેશ પ્રધાન ઈશાક ડારની ટિપ્પણી પર કટાક્ષ કર્યો હતો. પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતુ કે ત્યાં 'ટી' માટે 'ટેરરિઝ્મ' છે, 'ટેન્ગો' નથી.પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે જણાવ્યું હતું કે, ''સંબંધો સુધારવા બે વ્યક્તિની જરૂર હોય છે. એકતરફી પ્રયાસ શક્ય નથી. ભારત સાથે સંબંધો સારા બનાવવા માટે યોગ્ય માહોલ તૈયાર કરવો જરૂરી છે.'' દરમિયાન ડારે આવતા મહિને બાંગ્લાદેશના પ્રવાસની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ''ગયા વર્ષે ઓગસ્ટમાં હસીના સરકારના પતન પછી ઈસ્લામાબાદ અને ઢાકા નવેસરથી સંબંધો વિકસાવી રહ્યા છે. બાંગ્લાદેશ ખોવાયેલા ભાઈ જેવો છે. તેની સાથે આર્થિક સ્થિરતા અને દ્વિપક્ષીય સંબંધોને સારા કરવાનો પ્રયાસ ચાલુ છે.'' ડારે કહ્યું હતું કે, કાયરો ખાતેની તાજેતરની બેઠકમાં બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મુહમ્મદ યુનુસે તેમને બાંગ્લાદેશ આવવાનું આમંત્રણ આપ્યું હતું. અગાઉ ડારે પાકિસ્તાન એકલું પડી ગયું હોવાના દાવાને ફગાવી દીધો હતો. તેમણે જણાવ્યું હતું કે, ''અમે સત્તા સંભાળી ત્યારે પાકિસ્તાન રાજદ્વારી સંબંધોમાં એકલું પડી ગયું હોવાની ધારણા હતી, પણ અમે પ્રાદેશિક પાડોશીઓ સાથે સંબંધો વધારી ધારણાને બદલી છે.'' તેમણે અફઘાનિસ્તાન સાથે સંબંધો મજબૂત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પણ આતંકવાદ મોટો પડકાર હોવાનું જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯માં પુલવામા ખાતે ભારતીય સેના પર હુમલા પછી ભારતે પાકિસ્તાનના બાલાકોટમાં આતંકવાદી કેમ્પો પર એર સ્ટ્રાઈક કરી હતી. ત્યાર પછી બંને દેશના સંબંધોમાં તણાવ વધ્યો હતો.

### સરકારને સમિતિની ભલામણો પર ચર્ચા કરવાનો નિર્દેશ

## મેડિકલ બેઠકો ખાલી રાખી શકાય નહીં : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, મેડિકલ અભ્યાસક્રમની બેઠકો ખાલી રાખી શકાય નહીં. કોર્ટે શુક્રવારે કેન્દ્ર સરકારને રાજ્યો સહિત સંબંધિત પક્ષકારો સાથે બેઠક કરી આ મુદ્દે નીમાયેલી સમિતિની ભલામણો પર ચર્ચા કરવા જણાવ્યું હતું.



જજ બી આર ગવઈ અને કે વી વિશ્વનાથનની બેન્ચે કેસની સુનાવણી વખતે જણાવ્યું હતું કે, ''બેઠકો ખાલી રહેવી જોઈએ નહીં.'' ઉલ્લેખનીય છે કે, એપ્રિલ ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે વિવિધ મેડિકલ કોર્સની સુપર સ્પેશિયાલિટી બેઠકો ખાલી હોવાના મુદ્દે જવાબ માંગ્યો હતો. એ વખતે કેન્દ્ર સરકારે હેલ્થ સર્વિસિસના ડિરેક્ટર જનરલના ચેરમેનપદ હેઠળ રાજ્યો અને ખાનગી મેડિકલ કોલેજોના પ્રતિનિધીઓ સહિત તમામ હિસ્સેદારોના સમાવેશ સાથેની સમિતિ રચવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. શુક્રવારે કેન્દ્ર સરકારના વકીલે જણાવ્યું હતું કે, ''વિવિધ પક્ષકારો સાથેની સમિતિએ આ મુદ્દે ભલામણો સુપરત કરી છે.'' જોકે, વકીલે કોર્ટને કહ્યું હતું કે, ''કેન્દ્રએ પક્ષકારો સાથે બેઠક કર્યા પછી નક્કર પ્રસ્તાવ સુપરત કર્યો હોત તો યોગ્ય પગલું કહેવાય.'' તેને લીધે કોર્ટે કેન્દ્ર સરકારને બેઠક યોજવા નિર્દેશ આપ્યો હતો. એપ્રિલ ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ''૧,૦૦૩ કીમતી સુપર સ્પેશિયાલિટી બેઠક પર કોઈને પ્રવેશ નહીં મળતા તમામ બેઠક નકામી ગઈ હતી. એક તરફ સુપર સ્પેશિયાલિટી ડોક્ટર્સની હંમેશા તંગી હોય છે અને બીજી બાજુ આવી કીમતી મેડિકલ બેઠકો ખાલી રહે છે.''

### ૧૮ દેશમાં ૭૮૩૪ કેસ

## ચીનમાં HMPV વાયરસમાં આશરે ૧૭૦ લોકો હોમાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

કોરોના બાદ ચીનમાં વધુ એક રહસ્યમય વાયરસ આવ્યો છે. હ્યુમન મેટાપ્યુમોવાયરસનો પ્રકોપ ચીનમાં ફેલાઈ રહ્યો છે. જેના કારણે ચીનમાં ફરી કોરોના જેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હોસ્પિટલોમાં દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. સ્મશાનો પણ હાઉસફૂલ થઈ ગયા છે. સરકારી અને વૈજ્ઞાનિક એજન્સીઓના અહેવાલો અનુસાર, વાયરસથી ચીનમાં અત્યારસુધીમાં ૧૭૦ લોકોના મોત થયા છે, જ્યારે ૧૮ દેશોમાં ૭,૮૩૪ કેસ નોંધાયા છે. HMPV વાયરસ એ આરએનએ વાયરસ છે, જે સૌપ્રથમ ૨૦૦૧માં ડચ સંશોધકો દ્વારા શોધાયો હતો. આ વાયરસ શ્વસનતંત્રને અસર કરે છે અને મુખ્યત્વે ઉધરસ, છીંક અને ચેપ ગ્રસ્ત વ્યકતિના સંપર્ક દ્વારા ફેલાય છે. તે શિયાળા અને વસંતમાં વધુ સક્રિય હોય છે. તેના સામાન્ય લક્ષણોમાં શરદી, તાવ, ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફનો સમાવેશ થાય છે. આ વાયરસની સૌથી વધુ અસર બાળકો અને વૃદ્ધોને થાય છે.ચીનના રોગ નિયંત્રણ અધિકારીએ વાયરસ પર નજર રાખવા માટે એક સર્વેલન્સ સિસ્ટમ ગોઠવી છે. આરોગ્ય અધિકારીઓએ લોકોને માસ્ક પહેરવા, વારંવાર હાથ ધોવા અને ભીડવાળી જગ્યાઓથી દૂર રહેવાની સલાહ આપી છે. જો કે, HMPV માટે હજુ સુધી કોઈ રસી ઉપલબ્ધ નથી. HMPV વાયરસના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને ચીની અધિકારીઓએ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાનો દાવો કર્યો છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અને અન્ય આંતરરાષ્ટ્રીય એજન્સીઓ પણ આ નવા ખતરા પર નજર રાખી રહી છે. રોગચાળા પહેલાના સ્તરોની સરખામણીમાં પોઝીટીવ રેટ ૩૬ ટકા વધ્યો હતો. આરોગ્ય નિષ્ણાતો કહે છે કે, તમામ લોકોએ આ વાયરલ ચેપના જોખમોને ધ્યાનમાં રાખીને નિવારક પગલાં લેતા રહેવાની જરૂર છે.

**વિશેષ** પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશજીએ શ્રીમદ્ રાજચંદ્રના જીવન, કવન, વિચારો અને સિધ્ધાંતોને ચરિતાર્થ કરવા આદરેલા મૂક યજ્ઞની મંત્રીશ્રીએ પ્રશંસા કરી

# ધરમપુરમાં કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે શ્રીમદ્ રાજચંદ્રની વિરાટ પ્રતિમાનો મહામસ્તકાભિષેક કરાયો







। (માહિતી) વલસાડ ।

જેમના તત્વબોધ થકી અનેક પેઢીઓને આધ્યાત્મિક માર્ગદર્શન મળી રહ્યું છે, એવા આત્મજ્ઞાની સંત શ્રીમદ્ રાજચંદ્રજીના સન્માન અર્થે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની મુલાકાત લઈ યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમાના મહામસ્તકાભિષેકના પાવન અનુષ્ઠાનમાં ગુરુદેવ રાકેશજી સાથે જોડાયા હતા. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમએ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરનું આંતરરાષ્ટ્રીય મુખ્ય મથક છે જે આત્મવિકાસના ઉચ્ચ ઉદ્દેશ્યની પ્રાપ્તિ કરવા એક આધ્યાત્મિક અભયારણ્ય સમાન છે.

મંત્રીશ્રી અમિતભાઈએ આ પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર સુપ્રસિધ્ધ તીર્થમાં વિદ્યમાન અને ભવિષ્યની પેઢીઓ માટે ધર્મના સનાતન સિદ્ધાંતોની ધજા ફરકાવતા શ્રી ધરમપુર તીર્થ જિનમંદિરમાં ધાર્મિક વિધિઓમાં પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક ગુરૂદેવશ્રી રાકેશજીની પાવન ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્યના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, વલસાડના સાંસદશ્રી ધવલભાઈ પટેલ અને મિશનના ઉપ-પ્રમુખ આત્માર્પિત નેમીજી ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે મંત્રીશ્રી અમિતભાઈએ કહ્યું કે, શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રતિમાજીનો મહામસ્તકાભિષેક કરતી વખતે મને આનંદ અને શાંતિની ઊંડી અનુભૂતિ થઈ છે. હિમાલયની કંદરાઓમાં જઈ આત્માનો અનુભવ ઘણા યોગીઓ પ્રાપ્ત કરી શકે છે, પણ શ્રીમદ્જીએ સમાજની વચ્ચે રહી લોકો માટે મોક્ષનો માર્ગ કંડાર્યો એ સંસાર પર તેમનો ખૂબ મોટો ઉપકાર છે. હું મહામાનવ અને ઈશ્વરતુલ્ય એવા શ્રીમદ્જીને શ્રદ્ધાંજલિ અર્પું છું.

ગુરૂદેવશ્રી રાકેશજીએ શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન, કવન, વિચારો અને સિધ્ધાંતોને ચરિતાર્થ કરવાનો મૂક યજ્ઞ આરંભ્યો છે. આધ્યાત્મિક માર્ગદર્શન હોય કે સેવા, શિક્ષા સ્વાસ્થ્ય અને જરૂરિયાતમંદોની સહાય કરવાની હોય, પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશજીના નેતૃત્વ હેઠળ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરે ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મંત્રીશ્રી અમિતભાઈએ શ્રીમદ્ રાજચંદ્ર અહિંસા સેન્ટરની ઈંટનું પૂજન કર્યું હતું. આ અહિંસા સેન્ટર તમામ જીવો પ્રત્યે સહાનુભૂતિ, પ્રેમ અને કરુણા કેળવવા માટે સમર્પિત સ્થળ બની રહેશે. અહીં મલ્ટી-સેન્સરી વોકથ્રુ, ૪-ડી ડિજિટલ એક્સપિરિયન્સ જેવી શૈક્ષણિક અને મનોરંજક સુવિધાઓ દ્વારા પ્રાણીઓ અને પ્રકૃતિ સાથે મનુષ્યના ગાઢ જોડાણને પ્રોત્સાહન આપવામાં આવશે. ગુરૂદેવશ્રી રાકેશજીએ આ પ્રસંગે શ્રી અમિતભાઈ શાહને આવકારતાં કહ્યું હતું કે ''આપ ભારતીય મૂલ્યો, ભાવનાઓ અને સંસ્કૃતિના સરંક્ષણ માટે સતત કાર્યશીલ છો. સ્વતંત્રતાના શતાબ્દી વર્ષ ૨૦૪૭ માટે આપના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર સમાજ ઉન્નતિના સર્વ આયોજનોમાં ભારત સરકાર સાથે કદમથી કદમ મિલાવી ચાલી રહ્યું છે અને આગળ ચાલવા કટિબદ્ધ છે. આધ્યાત્મિક આષર્દ્રષ્ટા અને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય નેતાના આ ઐતિહાસિક મિલનએ હાજર રહેલા હજારો સાધકોના હૃદયમાં એક ઊંડી છાપ છોડી હતી.

# આણંદ કૃષિ યુનિવર્સિટીનો ૨૧મો પદવીદાન સમારોહ





રાજયની કૃષિ યુનિવર્સિટીઓને પ્રાકૃતિક કૃષિ માટે વિવિધ સંશોધનો હાથ ધરી મહત્તમ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ પ્રેરિત કરવા રાજયપાલનું આહવાન.

## કચ્છમાં ફરી ધરતી ધ્રુજી, ૩.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો

। (એજન્સી) કચ્છ, તા.૪ ।

કચ્છમાં શનિવારે સાંજે ૪:૩૭ કલાકે ૩.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સમાચાર એજન્સી આઈએએનએસના અહેવાલ મુજબ ભૂકંપનું કેન્દ્ર કચ્છના દુધઈ નજીક હોવાનું કહેવાય છે. અગાઉ નવા વર્ષના પ્રથમ દિવસે કચ્છમાં ૩.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં કોઈ જાનહાનિ કે જાનહાનિ થઈ ન હતી. ભૂકંપ સવારે ૧૦.૨૪ કલાકે નોંધાયો હતો, તેનું કેન્દ્ર ભચાઉથી ૨૩ કિમી ઉત્તર-ઉત્તરપૂર્વમાં સ્થિત હતું. ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્થક્વેક રિસર્ચ (ISR) અનુસાર, છેલ્લા કેટલાક દિવસોમાં ભચાઉની આસપાસ ભૂકંપની ઘણી ઘટનાઓ નોંધાઈ છે. ૨૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ કચ્છ જિલ્લામાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને ૭ ડિસેમ્બરે ૩.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

## વડોદરામાં ભાડે ગોડાઉનમાંથી ધમધમતા નશાના કારોબાર પર પોલીસના દરોડા

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

વડોદરા શહેરમાં વિદેશી દારૂનો જથ્થો મોટાપાયે સપ્લાય કરતી બિશ્નોઇ ગેંગના સાગરીતોને અટલાદરા ઝડપી પાડ્યા છે. અટલાદરા પોલીસને માહિતી મળી હતી કે છેલ્લા પાંચ દિવસથી બિલ કલાલી રોડ પર ધમાર્ક સોસાયટીના સામે એક પીકઅપવાન બિનવારસી હાલતમાં પડી છે. જેમાં દારૂને હેરાફેરી થતી હોવાની શંકા છે. જેથી પોલીસે ઉપરોક્ત સ્થળે જઈને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ પીકઅપવાન છેલ્લા દસ દિવસથી ભાડે રહેતા ચાર લોકો વારાફરતી ઉપયોગ કરે છે. પોલીસે મકાનમાં જઈને તપાસ કરતા ચાર લોકો હાજર મળી આવ્યા હતા. પોલીસે ગાડી બાબતે પૂછપરછ કરતા એક વ્યક્તિ બિલ્ડિંગના પહેલા માળથી રસોડાની બાલ્કનીમાંથી કૂદીને ખેતર તરફ ભાગયો હતો. પોલીસ કોન્સ્ટેબલ અલયભાઈએ તેનો પીછો કરીને ઝડપી પાડ્યો હતો.

### પારગીએ લાંબી બીમારી બાદ દુનિયાને કહ્યું અલવિદા

## ગુજરાતના પૂર્વ IPS અધિકારી વી.એમ. પારગીનું નિધન થયું

। (એજન્સી) અમદાવાદ, તા. ૪ ।

ગુજરાતના IPS બેડામાં શોકનો માહોલ છવાઈ ગયો છે, કારણ કે રાજ્યના પૂર્વ IPS અધિકારી વી.એમ. પારગીનું લાંબી બીમારી બાદ અવસાન થયું છે. વી.એમ. પારગી ૧૯૮૮ની બેચના IPS અધિકારી હતા. છેલ્લા લાંબા સમયથી બીમાર હોવાથી તેમની તબિયત નાજુક હતી. તેઓ એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (ગાંધીનગર) તરીકે ફરજ બજાવી ચૂક્યા છે અને ૨૦૧૯માં તેઓ નિવૃત્ત થઈ ગયા હતા.

વી એમ પારગીના નિધન અંગે ગુજરાતના ડીજીપીએ સોશિયલ મીડિયા હેન્ડલ X દ્વારા શોક વ્યક્ત કરવામાં આવ્યો. તેમણે કહ્યું કે, શ્રી વી એમ પારગીના નિધનથી ખૂબ દુઃખ થયું છે. સાહેપ હિંમત અને પ્રતિબદ્ધતાા સર્વોચ્ચ ઉદાહરણ હતા. વ્યવસાયી રીતે મક્કમ અને સામાજિક રીતે વિશ્વાસપાત્ર સાહેબની ખોટ તેમના સંપર્કમાં આવેલા સૌ કોઈને સાલશે. ઓમ શાંતિ.

પૂર્વ IPS અધિકારી વી.એમ. પારગીએ મહીસાગર જિલ્લાના સંતરામપુરના ખેડપા ગામના વતની હતા. વી.એમ. પારગી આદિવાસી સમાજનું ગૌરવ ગણાતા હતા. તેમણે તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન સુરત શહેરમાં સ્પેશિયલ કમિશ્નર ઓફ પોલીસ (ટ્રાફિક એન્ડ ક્રાઈમ), એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (ગાંધીનગર) સહિત વિવિધ મહત્ત્વના પદ પર ફરજ બજાવી હતી. તેઓ નિવૃતિ બાદ આદિવાસી સમાજના ઉત્થાન માટે સમાજસેવા કરી રહ્યા હતા. પોલીસ બેડામાં પૂર્વ IPS અધિકારી વી.એમ. પારગીની ગણતરી નોન કરપ્ટેડ અધિકારીઓમાં થતી હતી.

### બોમ્બે હાઇકોર્ટ સમક્ષ આવી રિટ પેન્ડિંગ હોવાથી હાઇકોર્ટે રિટ રદ કરી

## ઓનલાઇન બેટિંગ ગેમ્સ ચલાવનારા સામે આકરાં પગલાં લેવાની PIL રદ

### અરજદાર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે આ ગેમ્સ ચલાવતા લોકો સામે કડક પગલાં લઈને વેબસાઈટ બ્લોક કરવી જોઈએ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ઓનલાઈન બેટિંગ ગેમ્સ ચલાવનારા લોકો સામે કાયદા હેઠળ આકરાં પગલાં લેવાની દાદ માગતી જાહેરહિતની અરજી હાઈકોર્ટ સમક્ષ કરવામાં આવી હતી. જે રિટમાં હાઈકોર્ટે અરજી રદ કરી હતી અને આદેશમાં નોંધ્યું હતું કે આ જ મતલબની રિટ બોમ્બે હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ હોવાથી આ પિટિશન રદ કરવામાં આવે છે. જોકે અરજદારને એવી છૂટ આપવામાં આવે છે કે તેઓ બોમ્બે હાઈકોર્ટ સમક્ષ પક્ષકાર તરીકે જોડાવા માટેની અરજી કરી શકે છે. આ કેસમાં અમદાવાદના સુમિત પ્રજાપતિએ હાઈકોર્ટમાં એક જાહેર હિતની અરજી દાખલ કરી હતી. જેમાં રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને બે પ્રાઈવેટ ઓનલાઈન ગેમ્સ ડેવલપર ગેલેક્ટ્સ ફનવેર ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ અને પ્રોબ મીડિયા ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડને પક્ષકાર બનાવવામાં આવ્યા હતા.આ અરજી ઉપર સુનાવણીમાં અરજદાર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે આ ગેમ્સ ચલાવતા લોકો સામે કડક પગલાં લઈને વેબસાઈટ બ્લોક કરવી જોઈએ. લૉ કમિશન દ્વારા આ સંદર્ભે સરકારને ભલામણો પણ મોકલવામાં આવી છે. બોમ્બે હાઈકોર્ટમાં પણ આ બાબતે અરજી પેન્ડિંગ છે. આ એક રીતે ચાન્સની ગેમ હોવાથી તેને ગેમ્બલિંગ કહી શકાય.સરકારી વકીલે રજૂઆત કરી હતી કે આ સ્કીલ અને નોલેજની ગેમ છે. વળી આ ગેમ્સ માટે ઓનલાઈન પ્લેટફોર્મ પૂરું પાડતા લોકોને અરજીમાં પક્ષકાર બનાવવામાં આવ્યા નથી. ગેમ્સ નિર્માતા કંપનીઓની શરતો અને નિયમો મુજબ તે સ્કીલ અને નોલેજ ગેમ છે. જેમાં સતર્કતા, જ્ઞાન, અનુભવ વેગેરે બાબતો જરૂરી છે. બોમ્બે હાઈકોર્ટના અવલોકન મુજબ તે પેટર્ન સ્કીલ ગેમ મુજબ છે. ગેમ્બ્લિગ એક્ટમાં તેનો સમાવેશ થતો નથી.અરજદારે આ ગેમ્સ દરમિયાન પૂછાતા પ્રશ્નોના કેટલાક સ્ક્રીન શોટ કોર્ટ સમક્ષ મૂક્યા હતા. જેના જવાબ આપવામાં ક્યાંય નોલેજની જરૂર નહિ હોવાનું જણાવ્યું હતું. આ પ્રશ્નોના ભારત વર્ષ ૨૦૨૪નો ટી ૨૦ વર્લ્ડકપ જીતશે કે નહિ? નરેન્દ્ર મોદી ૨૦૨૪ની ચૂંટણી પછી ફરી વડાપ્રધાન બનશે કે નહિ ? કોઈ ફિલ્મ હિટ જશે કે નહિ ? આ બધા ચાન્સના પ્રશ્નો છે. સરકારી વકીલે દલીલમાં કહ્યું હતું કે ફિલ્મ હિટ જશે કે નહિ તે તેની કાસ્ટ, ડિરેક્ટર વગેરે ઉપર આધાર રાખે છે.

## ગાંધીનગરથી વોટર એમ્બ્યુલન્સ પ્રયાગરાજ રવાના

। (એજન્સી) ગાંધીનગર, તા. ૪ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદ્હસ્તે અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતેથી 'મહાકુંભ-૨૦૨૫ 'માટે 'નિઃશુલ્ક વોટર એમ્બ્યુલન્સ'ને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. પ્રયાગરાજ ખાતે આગામી સમયમાં યોજાનાર મહાકુંભ-૨૦૨૫માં આવતા શ્રદ્ધાળુઓ માટે સુધાંશુ મહેતા ફાઉન્ડેશન દ્વારા પ્રયોજિત વોટર એમ્બ્યુલન્સ આશીર્વાદરૂપ સાબિત થશે.આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મીરાબેન પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ગૌરાંગ વ્યાસ, પૂર્વ મેયર, કલેક્ટર મેહુલ દવે, સંગઠનના સભ્યો રત્નાકરજી, રૂચિર ભટ્ટ, કેતન પટેલ, યજ્ઞેશ દવે તેમજ સુધાંશુ મહેતા ફાઉન્ડેશનના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## નોનવેજ વેસ્ટમાંથી ડોગ ફૂડ બનાવવા માટે પીરાણામાં ખાનગી એજન્સીને જગ્યા અપાશે

### પીરાણા ખાતે ૭૦-૮૦ મેટ્રિક ટનનો પ્લાન્ટ નાખવા માટે પણ ખાનગી એજન્સીને કામગીરી સોંપવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

શહેરનાં લઘુમતી સમાજનાં વિસ્તારો તેમજ મટન અને ફીશ માર્કેટમાંથી નીકળતાં નોનવેજ વેસ્ટનો કચરામાં નિકાલ કરવાને બદલે તેમાંથી ડોગ ફૂડ બનાવવા કોઈ ખાનગી એજન્સી તૈયાર થશે તો તેને પીરાણા ખાતે જગ્યા ફાળવવામાં આવશે તેમ સ્ટે.કમિટી ચેરમેને જણાવ્યું હતું.

સ્ટે.કમિટીની બેઠક બાદ ચેરમેન દેવાંગભાઈ દાણીએ જણાવ્યું હતું કે, એપીએમસી, ગાર્ડન અને કિચનવેસ્ટ વગેરેનાં ૧૦૦૦ મે.ટન ગ્રીન વેસ્ટનો પીરાણા ખાતે નિકાલ કરવામાં આવે છે, પરંતુ તેમાંથી ગ્રીન ગેસનું ઉત્પાદન થઈ શકે તેમ હોવાથી પીરાણા ખાતે ૭૦-૮૦ મેટ્રિક ટનનો પ્લાન્ટ નાખવા માટે પણ ખાનગી એજન્સીને કામગીરી સોંપ વામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે, શહેરમાં પર્યાવરણ જાળવણી માટે ૩૦ લાખ વૃક્ષ રોપવામાં આવ્યાં છે, તેની સાથે સાથે શહેરી માર્ગોની સુંદરતા વધારવા માટે તમામ ફ્લાયઓવર અને મેટ્રો રેલવે બ્રિજ વગેરેનાં પિલ્લર ઉપર વર્ટિકલ ગાર્ડન બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. જેમાં પ્રાયોગિક ધોરણે હેલ્મેટ જંક્શન ફ્લાયઓવર, પકવાન જંક્શન ફ્લાયઓવર તથા મોટેરા સ્ટેડિયમ પાસેનાં મેટ્રો રેલ બ્રિજનાં પિલ્લર ઉપર વર્ટિકલ ગાર્ડન બનાવવામાં આવી રહ્યાં છે.

સ્ટે.કમિટી ચેરમેને કહ્યું કે, પલ્લવ ચાર રસ્તા ખાતેનાં બ્રિજનુ નિર્માણ કાર્ય માર્ચ મહિનામાં પૂરી થઈ જશે અને અમદાવાદ બોટાદ રેલવે લાઈન પર ટોરેન્ટ પાવર મકરબાથી કોર્પોરેટ રોડને જોડતાં ફોર લેન બ્રિજનું કામ પણ ૮૫ ટકા પૂરૂ થવા આવ્યું છે, તે જોતાં તેને પણ મે મહિનામાં લોકાર્પણ કરવાની તૈયારી છે. મકરબાવાળો બ્રિજ તૈયાર થઈ જતાં દોઢ લાખ લોકોને ફાયદો થશે. દેવાંગભાઈ દાણીએ વધુમાં જણાવ્યું કે, શહેરનાં નારણપુરા વિસ્તારમાં આવેલાં નવદીપ હોલ તથા દીનદયાલ પંડિત હોલના રિનોવેશન અને રિપેરીંગ માટેના ટેન્ડર બહાર પાડી દેવાયાં છે. જ્યારે બહેરામપુરામાં લીલાધર હોલ નવેસરથી બનાવાયો છે, તેનું ટૂંકમાં લોકાર્પણ કરી તેનાં ભાડાનાં દર જાહેર કરવામાં આવશે.

### દિવ્યાંગ કલાકારોની જીત

## અમદાવાદમાં 'કોશિશ' દ્વારા દિવ્યાંગ બાળકોનો એક અનોખો કાર્યક્રમ યોજાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદમાં "કોશિશ" દ્વારા દિવ્યાંગ બાળકોનો એક અનોખો કાર્યક્રમ યોજાયો. બાળકોએ ગીતો, નૃત્ય અને વાદ્યવાદન દ્વારા પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી. આ કાર્યક્રમમાં "કોશિશ" ના બાળકોએ પોતાની કલાનું પ્રદર્શન કર્યુ જેઓ "ધ કપિલ શર્મા શો" અને ન્યૂયોર્કમાં પણ પરફોર્મ કરી ચૂક્યા છે. "કોશિશ" દિવ્યાંગોને મુખ્ય ધારામાં સામેલ કરવા માટે કાર્યરત છે. દર વર્ષની જેમ, આ વર્ષે પણ અમદાવાદમાં દિવ્યાંગજનો માટે એક અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં દિવ્યાંગ બાળકોએ સુંદર ગીતોની પ્રસ્તુતિ કરી. કેશિયો અને તબલા જેવા વિવિધ વાજિંત્રો વગાડી દિવ્યાંગ બાળકોએ પોતાની પ્રતિભા બતાવી. સંગીતના અસાધારણ સૂરોથી નવા વર્ષની સાંજ સોનેરી બની ગઈ. ગીત ગાવાની સાથે સાથે, બાળકો દ્વારા અદ્ભૂત નૃત્યની પ્રસ્તુતિ પણ કરવામાં આવી. આ બાળકોને અમદાવાદના હઠિસિંગ વિઝ્યુઅલ આર્ટ સેન્ટરમાં તેમના કળાનું પ્રદર્શન કરવાની તક મળી, નવા વર્ષની પૂર્વ સંધ્યાએ "કોશિશ - એક વિચાર"ના નામ હેઠળ મળી. કોશિશ" સાથે જોડાયેલા દિવ્યાંગજનો "ધ કપિલ શર્મા શો"માં પણ નૃત્ય પ્રદર્શન કરી ચૂક્યા છે.આ દિવ્યાંગજનો ન્યૂયોર્કમાં પણ પરફોર્મ કરી ચૂક્યા છે. કોશિશ" દિવ્યાંગજનોને સામાજિક ધારા સાથે સમાવવાનો અને તેમને અલગ ન માનતા મેઈન સ્ટ્રીમમાં સામેલ કરવાના ધ્યેય સાથે કાર્ય કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે માનસિક રીતે અસ્વસ્થ માતાની કોખે જન્મેલ બાળક પર બનેલી "કોશિશ"ની શોર્ટ ફિલ્મ 'જઠરે શયનમ' તાજેતરમાં આંતરરાષ્ટ્રીય "કાંસ ફેસ્ટિવલ"માં સ્ક્રીન કરવામાં આવી છે. ઉપરાંત, મહારાષ્ટ્ર ફિલ્મ ઉદ્યોગના શ્રેષ્ઠ "દાદા સાહેબ ફાળકે એવોર્ડ"થી પણ આ ફિલ્મ માટે પૂર્વી કમલનયન ત્રિવેદીને સન્માનિત કરવામાં આવ્યા છે.

### રિલાયન્સ રિફાઈનરીની સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ

## જામનગર માટે જોયેલા પિતાના સપના સાકાર કરીને બતાવીશ : અનંત અંબાણી

### વનતારાથી પ્રેરણા લઈ જીવદયા રાખજો : અનંત અંબાણી

। (એજન્સી) જામનગર, તા.૪ ।

જામનગરમાં રિલાયન્સની ઓઈલ રિફાઈનરીની સ્થાપનાના ૨૫ વર્ષ પૂરાં થવા પર આયોજિત સમારોહમાં કર્મચારીઓ અને પરિવારના સભ્યોને સંબોધતાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર અનંત અંબાણીએ પ્રાણીઓ પ્રત્યેના તેમના પ્રેમ અને વનતારા વિશે ચર્ચા કરી હતી.

અનંત અંબાણીએ તેમના દાદા ધીરુભાઈ અંબાણીને યાદ કરતાં કહ્યું કે મારા દાદાએ એક સપનું જોયું હતું કે એક એવી રિફાઈનરી બનાવવામાં આવે જે વિશ્વમાં સર્વશ્રેષ્ઠ હોય. ૨૫ વર્ષ પહેલા મારા દાદાના કાળમાં મારા પિતા મુકેશ અંબાણીએ એ સપનું પૂરું કર્યું. આજે હું એ વાતને લઈને આભારી છું કે મને બે મહાન પુરુષોનો વારસો મળ્યો છે.

અનંત અંબાણીએ જામનગરમાં રિલાયન્સના કર્મચારીઓ અને પરિવારની હાજરીમાં સંકલ્પ લેતા કહ્યું હતું કે હું આજે પવિત્ર દિવસે મારા પિતાને વચન આપું છું કે જામનગરને લગતાં તેમના જે પણ સપના છે તે હું સાકાર કરીશ. અનંત અંબાણીએ તેમની




માતા નીતા અંબાણીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે મારી મમ્મીએ જે રીતે મને પશુ-પક્ષીઓ સાથે પ્રેમ કરતાં શીખવાડ્યું છે એ જ રીતે હું વનતારાથી પ્રેરણા લઈને આપ સૌને અપીલ કરું છું કે તમે પણ મને અનુસરજો અને પશુ-પક્ષીઓને પ્રેમ આપજો. તેમણે કહ્યું કે વનતારાએ સાબિત કરી દીધું કે રિલાયન્સ પશુ-પક્ષીઓનો પણ એટલો ખ્યાલ રાખે છે કે જેટલું માનવીનું ધ્યાન રખાય છે. તેમણે કહ્યું કે મને વિશ્વાસ છે કે આજથી ૨૫ વર્ષ બાદ જ્યારે ભારતની સ્વતંત્રતાની સદી પૂરી થશે ત્યારે જામનગરની ગરીમા અને ગૌરવને આપણે સૌ મળીને સફળતાના શિખરે લઈ જઈશું.

